ફકત સીટી...

પાનાં : ૧૪+૧૬ કિંમત : રૂા. ૫-૦૦** તા. ૧૭ નવેમ્બર ૨૦૨૬ મંગળવાર અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, ભૂજ અને મુંબઈથી પ્રગટ થતું દૈનિક

ગુજરાત સમાચાર

અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ ▶ સંવત ૨૦૮૩ શકે ૧૯૪૮ કારતક સુદ - ૮ વર્ષ : ૯૪, અંક : ૩૧૦ ▶ ટે.નં.૨૫૫૦૮૦૦૧-૨-૩-૪ ▶ http://www.gujaratsamachar.com AHMEDABAD

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▶ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧▶ RNI Reg. No. 1562/57/REG.No. GAMC-28/2025-2026 Valid upto 31 Dec., 2026 Posting at A'bad RMS 1-2-3-4

સાપ્તાહિક વિશેષ
સહિયર

ઓક્ટોબરમાં રિટેલ ફુગાવો ૬ ટકાને પાર ગયા પછી હવે ડબલ્યુપીઆઈ ૧૨.૨૯ ટકા થતાં જનતા પર ડબલ એટેક

જેટ સ્પીડે વધતી મોંઘવારી : જથ્થાબંધ ફુગાવો બેફામ

(પીટીઆઈ) નવી દિલ્હી, તા.૧૬

દેશમાં લોકો પર પડતા પર પાટુ હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. રિટેલ ફુગાવો પહેલી જ વખત ૬.૦૯ ટકા વટાવી ગયો છે તો હવે જથ્થાબંધ ફુગાવો તેનાથી બમણો થઈ ૧૨ ટકાને પાર નીકળી ગયો છે. મોંઘવારીમાં થયેલા નોંધપાત્ર વધારા પાછળ મુખ્ય કારણ ઈંધણના ભાવમાં વધારાને ગણવામાં આવી રહ્યું છે. સરકારી આંકડા મુજબ ઓક્ટોબરમાં ભારતમાં જથ્થાબંધ ફુગાવો ૧૨.૨૯ ટકા થઈ ગયો છે, જે સપ્ટેમ્બરના અંતે ૧૧.૩૯ ટકા હતો. આ ફુગાવો અર્થશાસ્ત્રીઓના ૧૨.૧ ટકાના અંદાજ કરતાં વધારે છે.

ઈંધણ અને વીજળીના ભાવ વધીને ૩૨.૮૪ ટકા થયા, સપ્ટેમ્બરમાં જથ્થાબંધ ફુગાવો ૧૧.૩૯ ટકા હતો : મેન્યુફેક્ચરિંગમાં આંશિક રાહત

પેટ્રોલિયમ પ્રોડક્ટ્સની કિંમતમાં થયેલા નોંધપાત્ર વધારાએ જથ્થાબંધ ફુગાવો ૧૨ ટકાને પાર પહોંચાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. સરકારી આંકડા સ્પષ્ટ બતાવે છે કે હોલસેલ એટલે કે જથ્થાબંધ કિંમતો રિટેલ કિંમતો કરતાં વધુ ઝડપથી વધી રહી છે. આમ નવા વર્ષમાં દૂધથી લઈને દાળ એમ દરેક વસ્તુ મોંઘી થઈ રહી છે. તાજેતરમાં જ આખા દેશમાં દૂધના ભાવમાં પ્રતિ લિટર ચાર રૂપિયા સુધીનો વધારો કરાયો છે. ઘી, પનીર, દહી દરેકના ભાવમાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે, જ્યારે છાશમાં ભાવ જાળવી રખાયો તો જથ્થો ઘટાડી નંખાયો છે.



સરકારી ફ્યુઅલ રિટેલર્સે ઈંધણ ખર્ચમાં થયેલા નોંધપાત્ર વધારાનો નાનો હિસ્સો જ ગ્રાહકો પર નાખ્યો હોવાથી તેમને તેનો બોજો વર્તાતો નથી. જ્યારે ક્રૂડ ઓઈલ અને નેચરલ ગેસની કિંમત ૭૦.૮ ટકા વધી છે. બીજી બાજુએ મેન્યુફેક્ચરિંગ પ્રોડક્ટસના મોરચે મોંઘવારી ઘટી છે. તેનાથી ખબર પડે છે કે ભાવમાં દબાણ એનર્જી સાથે જોડાયેલી ચીજો પર જ રહ્યું હતું.

ઉલ્લેખનીય છે કે દેશમાં ૬.૦૯ ટકાનો રિટેલ ફુગાવો રિઝર્વ બેન્કની ચાર ટકાની નિયત મર્યાદાથી ઉપર છે. રિટેલ ફુગાવો ઓક્ટોબરમાં ઈંધણ અને એનર્જી પ્રાઈસમાં તેજી આવતા આ કેટેગરીના ભાવ સપ્ટેમ્બરના ૨૫.૮૫ ટકાથી વધીને ઓક્ટોબરમા ૩૨.૮૪ ટકા થઈ ગયા. ઓઈલનો પુરવઠો ચાલુ વર્ષે પહેલી જ વખત તેના ઉત્પાદન કરતાં વધી જવાના લીધે તેના ભાવમાં આવેલા ઘટાડાને જોતાં નવેમ્બરમાં જથ્થાબંધ ફુગાવામાં ઘટાડો થવો જોઈએ.

હાલમાં બ્રેન્ટ ક્રૂડ ઓઈલનો ભાવ પ્રતિ બેરલ ૯૫ ડોલરની આસપાસ ચાલે છે. જો કે હજી પણ ક્રૂડ ઓઈલનું જોખમ ઊભું જ છે.

જથ્થાબંધ ફુગાવો અર્થશાસ્ત્રીઓના ૧૨.૧ ટકાના અંદાજ કરતાં પણ વધારે ફુગાવો આવતા મોંઘવારી વણસવાનો ડર

પ્રિંસ વિલિયમ, કેટ મિડલટન મુંબઈમાં ગલી ક્રિકેટ રમ્યાં



બ્રિટનના પ્રિંસ વિલિયમ અને કેટ મિડલટન મુંબઈના મહેમાન બન્યા છે. આ દરમિયાન તેમણે સચિન તેંડુલકર સાથે મુલાકાત કરી હતી. રોયલ કપલે કુલ્હડ વાળી ચાની ચુસ્કી લીધી હતી. આ સાથે જ બાળકો સાથે ગલી ક્રિકેટ રમ્યા હતા. બોલાર્ડ એસ્ટેટમાં સ્કૂલના બાળકો સાથે ગલી ક્રિકેટ મેચમાં પ્રિંસ વિલિયમ અને કેટ મિડલટન ખુશખુશાલ જોવા મળ્યા હતા. ગલી ક્રિકેટની મેચ દરમિયાન પ્રિંસ વિલિયમ સચિન પાસેથી ટીપ્સ લેતા જોવા મળ્યા હતા. સચિન રોયલ કપલ સાથે ક્રિકેટના કિસ્સાઓ શેર કરતા જોવા મળ્યા હતા. તેમના વીડિયો અને ફોટોઝ સોશિયલ મીડિયા સાઈટ્સ પર વાયરલ થયા હતા.

આઈટીબીપીના વડાની ઘુસણખોરીની ચેતવણી બાદ ચીનનું કારસ્તાન

ચીનનું યુદ્ધ વિમાન ભારતમાં ઘૂસ્યું સિક્કિમ પર ૨૦ મિનિટ ફરતું રહ્યું

નવી દિલ્હી/ગંગટોક, તા. ૧૬

તાજેતરમાં જ ચીન સરહદે તૈનાત સૈન્ય આઈટીબીપીના વડાએ ચીનની ઘુસણખોરી મુદ્દે ચેતવણી આપી હતી, એવામાં હવે ચીન ભારતના વિસ્તારોમાં યુદ્ધ વિમાન ઘૂસાડી રહ્યું હોવાના અહેવાલો સામે આવ્યા છે. એક અહેવાલ મુજબ ચીનના સૈન્યનું એક એરક્રાફ્ટ કથીત રીતે સિક્કિમમાં ભારતીય એરસ્પેસમાં ઘૂસી આવ્યું હતું, એટલુ જ નહીં ૨૦થી ૨૫ મિનિટ સુધી આ એરક્રાફ્ટ ભારતીય એરસ્પેસમાં સિક્કિમ પર જ ફરતું રહ્યું હતું. આ વિસ્તારમાં ચિકન નેક આવેલ છે જે અત્યંત સંવેદનશિલ વિસ્તાર જાહેર કરાયેલ છે.

અતિ સંવેદનશિલ વિસ્તાર ચિકન નેક નજીક આવેલા વિમાને ભારતીય એરફોર્સની ચેતવણી અવગણી : સરકારનું મૌન

મીડિયા રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ચીનનું વિમાન ભારતીય સરહદમાં ઘુસવાની આ ઘટના ૧૨મી તારીખની એટલે કે ગત સપ્તાહની છે. જે વિસ્તારમાં આ ચીનનું એરક્રાફ્ટ ઘૂસ્યું હતું તેને અતિ સંવેદનશીલ માનવામાં આવે છે, સિલિગુડી કોરિડોર એટલે કે ચિકન નેક તરીકે ઓળખાતા આ વિસ્તાર નજીક જ ચીનનું આ એરક્રાફ્ટ જોવા મળ્યું હતું. સુત્રોના જણાવ્યા મુજબ વહેલી સવારે આઠ વાગ્યા આસપાસ ઈન્ડિયન એરફોર્સે ચીનના આ વિમાનની ઘૂસણખોરીની નોંધ લીધી હતી. બાદમાં અનેક ચેતવણીઓ પણ જારી કરવામાં

(અનુસંધાન ૯મે પાને)

જમ્મુ-કાશ્મીરમાં સેનાને મોટી સફળતા મળી

કુલગામ હુમલાનાં માસ્ટરમાઈન્ડ સહિત ત્રણ આતંકવાદીઓ ઠાર

નવી દિલ્હી, તા. ૧૬

જમ્મુ-કાશ્મીરનાં કુલગામમાં સેનાને મોટી સફળતા મળી છે. સુરક્ષા દળોએ સોમવારે અથડામણ દરમિયાન કુલગામ હુમલાનાં માસ્ટરમાઈન્ડ લતીફ ભટ્ટને ઠાર માર્યો હતો. આ ઉપરાંત અન્ય બે આતંકીઓને પણ ઠાર મારવામાં આવ્યા હતાં.

કુલગામમાં ૧૧ નવેમ્બરે થયેલા આતંકી હુમલામાં સીઆરપીએફનાં ત્રણ જવાનો ઘાયલ થયા હતાં

કુલગામ જિલ્લામાં સુરક્ષા દળોએ રવિવારે મીર બજારની પાસે ઘેરાબંદી અને તપાસ અભિયાન શરૂ કર્યુ હતું. આ ઓપરેશન સંયુક્ત સુરક્ષા દળોની તરફથી ચલાવવામાં આવી રહ્યું છે.

સુરક્ષાદળો આ વિસ્તારમાં એ હુમલાખોરોને શોધી રહ્યાં હતાં જેમણે ૧૧ નવેમ્બરે સીઆરપીએફનાં જવાનો પર ગોળીબાર કર્યો હતો. હુમલા પછી આરોપી ઘટના સ્થળેથી ફરાર થઈ ગયા હતાં.૧૧ નવેમ્બરે કુલગામ જિલ્લામાં તૈનાત સીઆરપીએફ જવાનો પર બાઈક સવાર અજ્ઞાત હુમલાખોરોએ ગોળીબાર કર્યો હતો. આ ઘટના બપોરે ૨.૧૫ કલાકે બની હતી.હુમલામાં સીઆરપીએફનાં ત્રણ જવાન ઘાયલ થયા હતાં. ગોળીબાર પછી હુમલાખોરો ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતાં. ઘટના પછી હુમલાખોરોને શોધવા સીઆરપીએફએ તપાસ અભિયાન શરૂ કર્યુ હતું.

ઘાયલ જવાનોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બીજી તરફ જમ્મુ-કાશ્મીરનાં પૂંચ જિલ્લામાં નિયંત્રણ રેખાની પાસે વન વિસ્તારમાં શંકાસ્પદ પ્રવૃત્તિ જોવા મળતા સેનાનાં જવાનોએ ગોળીબાર કર્યો હતો.અધિકારીઓએ જણાવ્યું હતું કે સાવજિયાં સેક્ટરનાં કનારી વિસ્તારમાં સરહદની સુરક્ષામાં તૈનાત સતર્ક જવાનોએ મોડી રાતે દોઢ વાગ્યે શંકાસ્પદ હિલચાલ જોઇ હતી.

બેધડક -મંજુલ



અમે પ્રદૂષણ, ખરાબ રસ્તા, દુષ્કાળ અને ગરીબી સહન કરી લઈશું, પરંતુ બિનઆરોગ્યપ્રદ ખાવાનું જરા પણ નહીં ચલાવી લઈએ.

યુપીમાં હારના ડરથી ભાજપ મથુરા મંદિરના વિવાદનો મધપુડો છેડશે

વાંચો પાના નં.૧૧

ટાઈગર શ્રોફ પર હુમલા પછી બોલિવૂડમાં ગભરાટ

અમિતાભ અને અભિષેકને ગેંગસ્ટર ગોલ્ડી ઢિલ્લોનની મારી નાખવાની ધમકી

(પ્રતિનિધિ દ્વારા) મુંબઈ, તા. ૧૬

બોલિવૂડ સુપરસ્ટાર અમિતાભ બચ્ચન અને તેમના પુત્ર અભિષેક બચ્ચન ફરી એકવાર ગેંગસ્ટરની ધમકી મળી છે. વિદેશમાં રહેતા ગેંગસ્ટર ગોલ્ડી ઢિલ્લોને સોશિયલ મીડિયા પોસ્ટ અને ઓડિયો સંદેશાઓ દ્વારા બંને કલાકારોને મારી નાખવાની ધમકી આપી છે. તેણે એમ પણ કહ્યું હતું કે અમિતાભ અને અભિષેક ગમે તેટલા બુલેટપ્રૂફ કેબિન બનાવે, તેમને ગોળી

(અનુસંધાન ૯મે પાને)

બચ ગયે... અમિતાભ બચ્ચનની રહસ્યમય પોસ્ટ વાયરલ થઈ

(પ્રતિનિધિ દ્વારા) મુંબઈ, તા. ૧૬

ટાઈગર શ્રોફ ગોળીબારની ઘટના બાદ બોલિવૂડમાં આતંકનો માહોલ સર્જાયો છે. મુંબઈ પોલીસે બોલિવૂડ કલાકારોની સુરક્ષા વધારી દીધી છે.એવું જાણવા મળ્યું છે કે દિગ્ગજ અભિનેતા સલમાન ખાન, આમિર ખાન અને અમિતાભ બચ્ચન પણ ગેંગના રડાર પર છે. આ દરમિયાન બોલિવૂડમાંથી વધુ એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. એવું જાણવા

(અનુસંધાન ૯મે પાને)

મુંબઈમાં અમારા ૨૦૦ માણસ, બુલેટપ્રૂફ કેબિન છતાં ગોળી મારી દેવાશે : ગોલ્ડી, સુરક્ષા એજન્સીઓ એલર્ટ

કોલ્ડ રોલ્ડ ફ્લેટ સ્ટીલનું ડમ્પિંગ પ્રાઈસે વેચાણ થતું હોવાનો દાવો

યુરોપે સ્ટીલની નિકાસ કરતાં ભારત સહિત ચાર દેશો પર એન્ટિ ડમ્પિંગ ડ્યુટી લાદી

નવી દિલ્હી,તા.૧૬

યુરોપીયન યુનિયને સોમવારે ભારત અને બીજા ચાર દેશો પર કોલ્ડ રોલ્ડ ફ્લેટ સ્ટીલની આયાતને લઈને એન્ટિ ડમ્પિંગ ડ્યુટી લાદી છે. આ ડ્યુટી ત્રણ ટકાથી લઈને ૨૭.૯ ટકા વચ્ચેની છે. ઈયુની તપાસમાં જાણવા મળ્યું હતું કે યુરોપીયન યુનિયનમાં કોલ્ડ રોલ્ડ ફ્લેટ સ્ટીલનું ડમ્પિંગ પ્રાઈસે વેચાણ કરાતું હતું.

ભારત પર ૯.૫ ટકા, જાપાન પર ૭.૯ ટકા તુર્કી પર ૩થી ૭ ટકા અને વિયેતનામ પર ૧૬ ટકા એન્ટિ ડમ્પિંગ ડ્યુટી

ભારત પર ૯.૫ ટકા, જાપાન પર ૨૭.૯ ટકા તાઈવાન પર ૨૦.૭થી ૨૭ ટકા, તુર્કી પર ૩થી ૭ ટકા, વિયેતનામ પર ૧૬ ટકા એન્ટિ ડમ્પિંગ ડ્યુટી લદાઈ છે. યુરોપીયન પંચે જણાવ્યું હતું કે તેણે કરેલી તપાસ ઘણી મહત્ત્વની છે, કારણ કે આ દિશામાં હાથ ધરવામાં આવેલી આ સૌપ્રથમ તપાસ છે જેણે કેટલાક દેશોમાં ખાસ પ્રકારની બજાર પરિસ્થિતિનું અસ્તિત્વ હોવાનું પ્રસ્થાપિત કર્યું છે. કેટલાક દેશોમાં તો આ પ્રકારની

(અનુસંધાન ૯મે પાને)

પિતા પ્રથમ કેટેગરીના વારસદાર ગણાય પૌત્ર નહીં : સુપ્રીમ

દાદાની સંપત્તિમાં પૌત્રનો જન્મસિદ્ધ અધિકાર નહીં, દાવો ના કરી શકે : સુપ્રીમ

નવી દિલ્હી, તા. ૧૬

દાદાની સંપત્તિમાં પિતાને મળેલા હિસ્સામાં પૌત્રનો જન્મસિદ્ધ અધિકાર નથી હોતો તેવી સ્પષ્ટતા સુપ્રીમ કોર્ટ દ્વારા એક સંપત્તિના મામલામાં કરવામાં આવી હતી. દાદાની સંપત્તિની વહેંચણી સમયે પિતાને જે સંપત્તિ મળી હોય તે તેની વ્યક્તિગત સંપત્તિ બની જાય છે. એવામાં પિતા જીવિત હોય એવા સમયે આ સંપત્તિ પર પૌત્રનો જન્મસિદ્ધ અધિકાર નથી ગણાતો.

પિતા આવી સંપત્તિના વ્યક્તિગત માલિક ગણાય, તેઓ ઇચ્છે તેને વેચી શકે અથવા ટ્રાન્સફર કરી શકે : સુપ્રીમની સ્પષ્ટતા

હિન્દુ ઉત્તરાધિકાર કાયદો ૧૯૫૬ની કલમ ૮ હેઠળ સુપ્રીમ કોર્ટ દ્વારા આ ચુકાદો આપવામાં આવ્યો હતો. તમિલનાડુના જે. રાજેશ અને એમ. કુમારનના સંપત્તિના વિવાદમાં સુપ્રીમના ન્યાયાધીશ ઓગસ્ટીન જ્યોર્જ મસીહ અને સુનીતા અગ્રવાલની બેંચ દ્વારા આ ચુકાદો આપવામાં આવ્યો હતો. સુપ્રીમે એવી સ્પષ્ટતા કરી હતી કે વસીયત વગર જ દાદાનું મોત થાય તો તેવા કેસમાં સંપત્તિની વહેચણી પ્રથમ કેટેગરીના વારસદારો વચ્ચે થાય છે. એવામાં પિતાને જો કોઈ હિસ્સો મળે તો તે સંયુક્ત હિન્દુ પરિવારની સંપત્તિ નથી રહી જતો.

(અનુસંધાન ૯મે પાને)

દિલ્હીની વાત

પંજાબ ચૂંટણી માટે ભાજપની તૈયારી

નવીદિલ્હી, તા. ૧૬

પંજાબ ભાજપ પ્રદેશ પ્રમુખ કેવલ સિંહ ઢીલ્લોએ પંજાબ ચૂંટણી ૨૦૨૭ની તૈયારી શરૂ કરી દીધી છે. સૌથી પહેલા એમણે પ્રદેશ મેનિફેસ્ટો કમિટિ અને પ્રદેશ ચાર્જશીટ કમિટિની રચના કરી છે. આ બંને કમિટિમાં પક્ષના સિનિયર નેતાઓને અગત્યની જવાબદારી સોંપવામાં આવી છે. આ અગત્યની નિમણૂકોની જાહેરાત કરતા કેવલ સિંહ ઢીલ્લોએ કહ્યું હતું કે આવનારા દિવસોમાં

(અનુસંધાન ૯મે પાને)

૨૦૨૬ની ૧૮, નવેમ્બરનો દિવસ અંતરિક્ષ સંશોધનના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે

નાસાનું વોયેજર-૧ પૃથ્વીથી ૨૫.૯ અબજ કિ.મી.ના અંતરે પહોંચનાર માણસે બનાવેલું પહેલું યંત્ર બનશે


(પ્રતિનિધિ દ્વારા) વોશિંગ્ટન,મુંબઈ, તા.૧૬

અંતરિક્ષ સંશોધનના ક્ષેત્રે પહેલી જ વખત ઉજળો ઈતિહાસ રચાઈ રહ્યો છે. આ ઝળહળતો ઈતિહાસ એ છે કે અમેરિકાની અંતરિક્ષ સંશોધન સંસ્થા નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન(નાસા)નું વોયેજર : ૧ અવકાશયાન ૨૦૨૬ની ૧૮, નવેમ્બરે ,બુધવારે, સાંજે : ૫ : ૧૬ : ૦૭ વાગે (ભારતીય સમય) પૃથ્વીથી : વન લાઈટ ડે : ના અતિ અતિ દૂરના અંતરે પહોંચી જશે.

વન લાઈટ ડે એટલે પ્રકાશનું કિરણ ૨૪ કલાકમાં ૨૫.૯ અબજનું અંતર કાપે છે તેટલું અંતર. માનવી દ્વારા બનાવવામાં આવેલું કોઈ યંત્ર કે સાધન વોયેજર્સ લાઈટ ડે : આપ્યું છે. નાસાના વિજ્ઞાનીઓ ૧૭, નવેમ્બરે સૂર્યાસ્તબાદ નાસાની વેબ સાઈટ દ્વારા : મોર્સ કોડ દ્વારા વીજીઆર : વેવ ઓફ ગોલ્ડન લાઈટ મોકલશે.

નાસાનાં સૂત્રોએ એવી માહિતી આપી છે કે અમે અમારા વાયેજર -૧ અવકાશયાનને ૧૯૭૭ની ૫, સપ્ટેમ્બરે સૂર્ય મંડળના સૌથી મોટા-મહાકાય ગુરુ અને પાઘડીધારી શનિ ગ્રહોનો સંશોધનાત્મક અભ્યાસ કરવા તરતું મૂક્યું છે. હાલ અમારું વોયેજર -૧ અવકાશયાન છેલ્લાં ૪૯ વર્ષથી

(અનુસંધાન ૯મે પાને)



કલ્પનાતીત કહી શકાય તેટલું અંતર કાપે છે તેટલું અંતર. માનવી દ્વારા બનાવવામાં આવેલું કોઈ યંત્ર કે સાધન



અફાટ, અનંત અંતરિક્ષમાં હજી સુધી ૨૫.૯ અબજના અંતરે પહોંચ્યું નથી. આ ઉજળી, ઐતિહાસિક સફળતાની ઉજવણી કરવા માટે નાસાએ ૧૭, નવેમ્બરે આખા અમેરિકાની જનતાને હાર્દિક આમંત્રણ આપ્યું છે. નાસાએ આ ઉજવણીનું નામ: શાઈન બ્રાઈટ ફોર

૧૯૭૭ની ૫, સપ્ટેમ્બરે તરતું મૂકાયેલું વોયેજર-૧ અવકાશયાન સતત ૪૯ વર્ષથી અંતરિક્ષમાં પ્રવાસ કરે છે : નાસાએ આ ઉજળી સફળતાની ઉજવણી માટે આખા અમેરિકાની જનતાને આમંત્રણ આપ્યું છે

એડવાન્સ એઆઈ મુદ્દે અમેરિકા-ચીન વચ્ચે ખેંચતાણ વધી

એનવિડિયા વિવાદ પછી ભારત અમેરિકા વચ્ચે એઆઈ ક્ષેત્રે કરાર

નવી દિલ્હી, તા.૧૬

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ની દોડમાં ચીનના પ્રભુત્વને રોકવા માટે ભારત અને અમેરિકા સહિત વિશ્વના ઘણા દેશોએ વ્યૂહાત્મક પગલું ઉઠાવ્યું છે. ભારત મહત્ત્વની એઆઈ ટેકનોલોજી અને સપ્લાય ચેઈનની સુરક્ષા માટે અમેરિકાની આગેવાની હેઠળની નવી વૈશ્વિક પહેલમાં સામેલ થઈ ગયું છે.

એઆઈ ટેકનોલોજી ચીનના હાથમાં જતી રોકવા અમેરિકાનો ૨૧ કંપનીઓને નેશનલ ચેમ્પિયન્સનો દરજ્જો

સાનફ્રાન્સિસ્કો ડેક્લેરેશન ઓન ધ સિક્યોર ફાઉન્ડેશન્સ ઓફ એન્ડ્યોરિંગ પ્રોસ્પરિટી નામની ઐતિહાસિક સમજૂતીમાં અમેરિકા અને ભારત ઉપરાંત જાપાન, ઓસ્ટ્રેલિયા, ઈઝરાયેલ, બ્રિટન, દક્ષિણ કોરીયા, કતાર અને યુએઈએ સહી કરી છે. જર્મની, સ્વીડન, નેધરલેન્ડ અને યુરોપીયન પંચ પણ તેનો હિસ્સો બને તેવી આશા છે.

આ સમજૂતી એવા સંવેદનશીલ સમયમાં સામે આવી છે જ્યારે વોશિંગ્ટનમાં ચીનની એડવાન્સ એઆઈ ચિપ્સ સુધી પહોંચને લઈને ચિંતા વધી રહી છે. આ અંગે મળતા સમાચારો મુજબ અમેરિકન પ્રમુખ ટ્રમ્પે તે કંપનીઓ સામે આકરી કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો છે, જેના પર એનવિડીયાની એડવાન્સ એઆઈ ચિપ્સ ગેરકાયદે મોકલવાની શંકા છે.ઉલ્લેખનીય છે કે જેન્સન હુઆંગના પ્રકરણને લઈને અમેરિકા-ચીન સામસામે આવી ગયા છે. અમેરિકાને લાગી રહ્યુ છે કે ચીન તેની એડવાન્સ એઆઈ ચિપ્સની ટેકનોલોજી ચોરી રહ્યુ છે. તેની સામે ચીન માની રહ્યુ છે કે અમેરિકા તેના પર એઆઈ મોરચે પ્રતિબંધ લાદવાના બહાના શોધી

(અનુસંધાન ૯મે પાને)

૨૪ હજાર કર્મચારી, ૧૬ હજાર પેન્શનર્સને લાભ મળશે

અમદાવાદ મ્યુનિ.ના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ત્રણ ટકાનો વધારો

અમદાવાદ, સોમવાર

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના કર્મચારીઓ, પેન્શનર્સ અને તેમના પરિવારો માટે જાણે ફરી દિવાળી આવી છે. મ્યુનિ. દ્વારા મોંઘવારી ભથ્થામાં ત્રણ ટકાનો વધારો કરાયો છે. આ સાથે જ મોંઘવારી ભથ્થું વધીને ૬૩ ટકા થઈ ગયું છે. નવા દર ગત જુલાઈ મહિનાથી લાગૂ કરી ચાર મહિનાનું એરિયર્સ ચૂકવાશે. મ્યુનિ.ના ૨૪ હજાર કર્મચારીઓ અને ૧૬ હજાર પેન્શનર્સને આ લાભ મળશે.

જુલાઈથી ઓક્ટોબર સુધી ચાર માસનું ૧૦.૫૭ કરોડ એરિયર્સ ડિસેમ્બરમાં ચૂકવાશે, દર વર્ષે મ્યુનિ.ને વધારાનો ૩૬ કરોડ ખર્ચ

દિવાળી પહેલાં રાજ્યા સરકાર દ્વારા કર્મચારીઓ અને પેન્શનર્સના મોંઘવારી ભથ્થામાં ત્રણ ટકાનો વધારો કરાયો હતો. કુલ રૂ. ૧૦.૫૭ કરોડ ચૂકવાશે. નવેમ્બર મહિનાના પગાર સાથે ડિસેમ્બરમાં એક સાથે આ રકમ ચૂકવવામાં આવશે. સાથે જ નવેમ્બર મહિનાના પગાર સાથે રાબેતા મુજબ નવા દર પ્રમાણે મૂળ પગાર પર ૬૩ ટકા મુજબ ભથ્થાની ગણતરી કરાશે. ઉપરાંત નવા ભથ્થા મુજબ દર મહિને મ્યુનિ.ને રૂપિયા ત્રણ કરોડ અને વર્ષે વધારાના રૂ. ૩૬કરોડનો ખર્ચ થશે. ઈપીએફ અને એનપીએસના કર્મચારીઓને પણ નવા દર પ્રમાણે ભથ્થું ચૂકવવામાં આવશે. અગાઉ મે મહિનામાં મ્યુનિ. દ્વારા ડીએ બે ટકા વધારીને ૫૮ ટકાથી ૬૦ ટકા કરાયું હતું.

મ્યુનિ.ની પેટા સંસ્થાઓમાં આ નિર્ણય લાગું નહીં પડે, અલગથી નિર્ણય કરવો પડશે

નવા મોંઘવારી ભથ્થાની અમલવારી હાલ ફક્ત મ્યુનિ.ના કર્મચારીઓ અને પેન્શનર્સ પૂરતી સીમિત છે. એએમટીએસ, સ્કૂલ બોર્ડ, વીએસ હોસ્પિટલ, એમ જે લાયબ્રેરી સહિત મ્યુનિ.ની ગ્રાન્ટ લેતી પેટા સંસ્થાઓ પોતાની નાણાંકીય તરલતાના આધારે નિર્ણય લઈ અલગથી ઠરાવ કરી શકશે.

જેને પગલે અમદાવાદ મ્યુનિ. દ્વારા પણ આજે મોંઘાવારી ભથ્થું ત્રણ ટકા વધારવાની જાહેરાત કરાઈ છે. જેથી મોંઘવારી ભથ્થું ૬૦ ટકાથી વધીને ૬૩ ટકા થઈ ગયું છે. નવા દર ગત જુલાઈ મહિનાથી લાગૂ કરાશે. એટલે જુલાઈથી ઓક્ટોબર સુધી ચાર મહિનાના એરિયર્સ પેટે મ્યુનિ. દ્વારા

કર્મચારીઓને દર મહિને સરેરાશ ૩.૫૦૦થી ૨૦૦૦ સુધીનો પગાર વધારો

સામાન્ય રીતે મ્યુનિ.ના વર્ગ ૪થી૧ના કર્મચારીઓ અને અધિકારીઓનો બેઝિક પગાર આશરે રૂ.૧૮૦૦૦થી ૭૦-૮૦ હજાર સુધીનો હોય છે. જે ગણતરી મુજબ એક કર્મચારી કે પેન્શનરને દર મહિને રૂ.૫૦૦થી ૨૦૦૦ સુધીનો પગાર વધારાનો લાભ મળશે.

આયુષ વિભાગના ડિરેક્ટરની એકાએક બદલી કરી દેવાઈ

અમદાવાદ,સોમવાર

ગુજરાત સરકારે આજે આયુષ પ્રભાગના ડિરેક્ટરની એકાએક બદલીનો ઓર્ડર કરી દીધો છે. આયુષ પ્રભાગના ડિરેકટર તરીકે કોલાવડા આયુર્વેદ કોલેજના અધિક્ષક એવા વૈધ જયેશ પરમારને ડિસેમ્બર ૨૦૨૩માં નિયુક્ત કરાયા હતા અને નિયામક તરીકેની વધારાની જવાબદારી સોંપાઈ હતી. દરમિયાન આજે સરકારના આરોગ્ય વિભાગે જયેશ પરમારને ડિરેકટર-નિયામક તરીકેની કામગીરીમાંથી મુક્ત કરવાનો ઓર્ડર કર્યો છે. જયેશ પરમારને ગુજરાત ઔષધીય વનસ્પતિ બોર્ડના મુખ્ય કોરાબરી અધિકારી તરીકે નિમણૂંક અપાઈ છે.જો કે આ અધિકારીની લેવલ-૧૩એની જગ્યાને લેવલ-૧૨ના પગાર ધોરણમાં ડાઉનગ્રેડ થયેલી ગણાશે.જ્યારે આયુષ નિયામક તરીકે વડોદરાની સરકારી આયુર્વેદ કોલેજના આચાર્યને વૈધ ભરત કલસરીયાને ચાર્જ અપાયો છે.

પાલડીમાં પરિવાર ફરવા ગયો અને તસ્કરો ૧૮ લાખની મત્તા ચોરી ગયા

અમદાવાદ,સોમવાર

પાલડીમાં આવેલી શારદા સોસાયટીમાં રહેતા તૃષિત જાની તેમના પરિવાર સાથે દિવાળીની રજામાં ૯મી નવેમ્બરના રોજ દુબઈ ફરવા માટે ગયા હતા અને ૧૫મી તારીખે સવારે પરત આવ્યા ત્યારે જોયુ તો બે બેડરૂમના કબાટ તુટેલા હતા અને સામાન વેરવિખેર હતો. સાથેસાથે લોકર પણ તુટેલા હતા. તપાસ કરતા ૧૦ લાખની રોકડ અને અને સોના-ચાંદીના દાગીના સહિત ૧૮ લાખની મત્તાની ચોરી થઈ હતી.

ભાજપમાં જૂથવાદ અને ખેંચતાણ ચરમસીમાએ

કમલમના મંચ પરથી મુખ્યમંત્રીની વિનવણી : 'અસંતુષ્ટોને મનાવો'

અમદાવાદ,સોમવાર

'કમલમ' ખાતે યોજાયેલા દિવાળી સ્નેહમિલનના ઉત્સવના માહોલ વચ્ચે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મંચ પરથી એ વાત કરીકે, જે અસંતુષ્ટ છે તેમને મનાવો, તેમને સંતુષ્ટ કરો. જ્યાં અંધારું હોય ત્યાં દીપક પ્રગટાવો, લોકોનો પ્રેમ જીતીએ અને રાજ્યની જનતાએ મૂકેલા વિશ્વાસને વધુ મજબૂત કરીએ. મુખ્યમંત્રીના આ આડકતરા સંદેશને રાજકીય વર્તુળોમાં ખૂબ જ સૂચક માનવામાં આવી રહ્યો છે. રાજકીય વિશ્લેષકોના મતે, ખુદ મુખ્યમંત્રીએ જાહેર મંચ પરથી અસંતોષ દૂર કરવાની ટકોર કરવી પડી તે જ દર્શાવે છે કે ભાજપ અને સરકારની અંદર બધું સમૂસૂતરું નથી.

અંધારુ છે ત્યાં દીપ પ્રગટાવો : દિવાળી સ્નેહમિલન ટાણે જ નેતાઓને ડેમેજ કંટ્રોલ કરવા સંદેશ આપ્યો

રાજકીય પંડિતોનું માનવું છે કે, વર્તમાન સમયમાં સરકાર સામે ચોતરફથી નારાજગીના સૂર ઊઠી રહ્યા છે.વિવિધ કૃષિ પ્રશ્નો અને સહાયના મુદ્દે રાજ્યનો ધરતીપુત્ર સરકારથી ભારોભાર નારાજ છે.પડતર માંગણીઓ ન સંતોષાતા સરકારી કર્મચારીઓનો મોટો વર્ગ પણ સરકારની નીતિઓથી ખુશ નથી.આસમાને પહોંચેલી મોંઘવારી, વધતી બેરોજગારી અને કાયદો-વ્યવસ્થાની કથળતી સ્થિતિ જેવા મુદ્દાઓને લઈને સામાન્ય નાગરિકો પણ હવે સરકારથી મોં ફેરવીને બેઠા છે.

માત્ર પ્રજા જ નહીં, પરંતુ ખુદ ભાજપ સંગઠનની અંદર પણ આંતરિક વિખવાદ અને ખેંચતાણ ચરમસીમાએ પહોંચી હોવાની ચર્ચાઓ જોરશોરથી ચાલી રહી છે. કાર્યકરોની અવગણના અને નેતાઓ વચ્ચેના મતભેદોને કારણે સંગઠનમાં ઊભો થયેલો અસંતોષ આગામી સમયમાં પક્ષને મોટું નુકસાન પહોંચાડી શકે છે. આ તમામ પરિસ્થિતિઓને પામી ગયેલા મુખ્યમંત્રીએ દિવાળી સ્નેહમિલનના બહાને નેતાઓને 'ડેમેજ કંટ્રોલ' કરવા અને નારાજ વર્ગોને મનાવી લેવા માટે લાલબત્તી ધરી હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

ટૂંકમાં, મુખ્યમંત્રીએ પક્ષના નેતાઓને માત્ર પક્ષમાં જ નહીં, પણ લોકો વચ્ચે જઈને અસંતોષ ખાળવા વિનંતી કરી હતી. આ બધુ જ વર્તમાન ડામાડોળ રાજકીય પરિસ્થિતીનો અંદાજ આપી રહી છે.

કમલમમાં ભાજપ યુવા નેતાઓનો ઉધડો લેવાયો

ઝભ્ભા પહેરીને માત્ર ફરો નહીં, લોકો વચ્ચે જઈ સંગઠન મજબૂત કરો

અમદાવાદ,સોમવાર

પ્રદેશ ભાજપ મુખ્યાલય 'કમલમ' ખાતે આજે દિવાળી સ્નેહમિલન કાર્યક્રમ પૂર્વે ભારતીય જનતા યુવા મોરચાની બેઠક મળી હતી. આ બેઠકમાં પ્રદેશ પ્રભારી તરુણ ચુગ અને પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા સહિતના ટોચના નેતાઓની ઉપસ્થિતીમાં યુવા મોરચાના હોદેદારોનો ઉધડો લેતા સ્પષ્ટ શબ્દોમાં ટકોર કરી હતી કે, માત્ર ઝભ્ભા પહેરીને ફરવાને બદલે જમીની સ્તરે લોકો વચ્ચે જઈને સંગઠનને મજબૂત કરો.

૧૨ જિલ્લા પ્રમુખોની ગેરહાજરીની ગંભીર નોંધ લેવાઈ, 'સર' મુદ્દે હવે યુવા નેતાઓને જવાબદારી

પ્રદેશ મુખ્યાલય 'કમલમ' ખાતે યોજાયેલી મહત્વપૂર્ણ બેઠક હોવા છતાં ૨૧૦ થી ૧૨ જેટલા જિલ્લા પ્રમુખો ગેરહાજર રહ્યા હતા. શિસ્તબદ્ધ ગણાતી પાર્ટીમાં યુવા પાંખના પ્રમુખોની આ ઉદાસીનતાની પ્રદેશ નેતૃત્વએ ગંભીર નોંધ લીધી છે અને આગામી દિવસોમાં આ મામલે જવાબ માંગવામાં આવે તેવા સંકેતો મળી રહ્યા છે.

મતદાર યાદી સુધારણા કાર્યક્રમને લઈને કોંગ્રેસ સહિતના વિપક્ષો દ્વારા સરકાર અને ચૂંટણી પંચ સામે જે રીતે આક્રમક વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે, તેને ખાળવા માટે ભાજપે હવે યુવા મોરચાને મેદાને ઉતારવાનો તખ્તો તૈયાર કર્યો છે. બેઠકમાં યુવા નેતાઓને સર મુદ્દે વિપક્ષના આક્ષેપોનો જડબાતોડ જવાબ આપવા અને લોકો સુધી સાચી માહિતી પહોંચાડવા રણનીતિ સોંપવામાં આવી છે.જે અંતર્ગત ગુજરાતની દરેક વિધાનસભા બેઠક પર 'યુવા સંવાદ' કાર્યક્રમોનું આયોજન થશે.

આ મંચ પરથી યુવાનો સાથે સીધી વાતચીત કરીને 'સર' પ્રક્રિયા શું છે, તેનો મુખ્ય હેતુ શું છે અને તેની કામગીરી કેવી રીતે ચાલે છે તેની સમજ આપવામાં આવશે. યુવા મોરચાના હોદેદારો અને કાર્યકરો સ્કૂલો અને કોલેજોમાં જઈને વિદ્યાર્થીઓને સર અંગે જાગૃત કરશે.હવે જોવાનું એ રહેશે કે પ્રદેશ નેતાઓની આ કડક ટકોર બાદ ભાજપની યુવા પાંખ માત્ર સોશિયલ મીડિયા પૂરતી સીમિત રહે છે કે ખરા અર્થમાં મેદાનમાં ઉતરીને વિપક્ષના આક્રમણને ખાળવામાં સફળ રહે છે.

કર્મચારીઓના રાજીનામા બાદ નવો સિલસિલો

૧૯ ટેકનિકલ સુપરવાઈઝરે મ્યુનિ.માં નોકરી પર હાજર થવાની ના પાડી દીધી

અમદાવાદ, સોમવાર

મેગા સિટીના મ્યુનિ. કોર્પોરેશનમાં પણ લોકો નોકરી કરવા તૈયાર નથી. છેલ્લાં ૬ મહિનામાં ઉપરાઉપરી ૪૦થી ૫૦ કર્મીઓએ રાજીનામા ધરી દીધા હોવાના કિસ્સા સામે આવ્યા હતા. જો કે હવે તો નિમણૂક બાદ જ ઉમેદવારો હાજર થવાની ના પાડી રહ્યા છે. વિવિધ વિભાગોમાં નિણમૂક પામેલા ૧૯ સહાયક ટેકનિકલ સુપરવાઈઝરે નોકરી સ્વીકારવાની જ ના પાડી દીધી છે.

ડ્રેનેજ, હાઉસિંગ, બ્રિજ, રિવરફ્રન્ટ સહિત વિવિધ વિભાગમાં નિમણૂંક છતાં બીજી નોકરી શોધી લીધી

અમદાવાદ મ્યુનિ.ના ડ્રેનેજ પ્રોજેક્ટ, હોસ્પિટલ, એએમટીએસ, બીઆરટીએસ, હાઉસિંગ , બ્રિજ પ્રોજેક્ટ, ગાર્ડન વિભાગ, સાબરમતી રિવરફ્રન્ટ સહિત વિવિધ વિભાગ અને ઝોનમાં તાજેતરમાં સહાયક ટેનકિકલ સુપરવાઈઝરોની નિમણૂક કરાઈ હતી. જો કે તેમાંથી ૧૯ ઉમેદવારોએ નોકરીએ હાજર થવાની ના પાડી દીધી છે. તેમાંથી મોટા ભાગનાએ બીજા શહેરની મહાનગરપાલિકા તથા નાના-મોટા સરકારી વિભાગમાં નોકરી શોધી લીધી છે. જ્યારે કેટલાકે વ્યક્તિગત કારણોસર તો કેટલાકે વધુ અભ્યાસ માટે મ્યુનિ.ની નોકરી સ્વીકારી નથી. તેમની જગ્યાએ પ્રતીક્ષા યાદીમાંથી ઉમેદવારોને નિમણૂક આપી દેવાઈ છે. નિમણૂક પામેલા કર્મીઓ પણ કેટલા દિવસ ટકશે? તે મોટો પ્રશ્ન છે. કારણ કે નિમણૂકના એકાદ બે વર્ષમાં જ કેટલાક નવા કર્મીઓ મ્યુનિ.ની નોકરી છોડી અન્ય સરકારી કે ખાનગી નોકરી પસંદ કરી લેતા હોવાના કિસ્સા છાશવારે બનતા રહે છે.

ડિગ્રી વગરના સ્ટેશન ફાયર ઓફિસર! વિજિલન્સ તપાસ ચાલું છતાં બઢતી

અત્યાર સુધી ડિગ્રી વગરના ડોક્ટર વિશે સાંભળ્યું હશે, પરંતુ હવે અમદાવાદમાં ફાયર અંગેની આવશ્યક ડિગ્રી વગરના સ્ટેશન ફાયર ઓફિસર પણ જોવા મળશે! સબ ફાયર ઓફિસર તરીકે ફરજ બજાવતા ભૂમિત જે. મિસ્ત્રીને સ્ટેશન ફાયર ઓફિસર તરીકે પ્રોવિઝનલ બઢતી અપાઈ છે. ઉલ્લેખનીય છે કે, તેમની સામે હાલ વિજિલન્સ તપાસ ચાલી રહી છે. અધૂરામાં પૂરું, ફાયર ઓફિસર માટે જરૂરી બે વર્ષનો કોર્સ પણ તેમને પાસ કર્યો નથી. તેમ છતાં મહત્વના હોદા પર બઢતી આપી દેવાઈ છે. ઉપરાંત હવે મ્યુનિ. તેમને કોર્સ પૂરો કરવા માટે બે વર્ષનો સમય પણ આપશે. બીજી તરફ સ્ટેશન ફાયર ઓફિસરની ૮ જગ્યા હજી ખાલી પડી છે.

ભદ્ર પરિસરમાં આજથી ચાર દિવસ વાહન પર પ્રતિબંધ

અમદાવાદ, સોમવાર

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા ભદ્ર પરિસર ખાતે ભદ્ર ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે. જેના પગલે આવતીકાલે મંગળવારથી ચાર દિવસ માટે ભદ્ર પરિસરમાં તમામ વાહન-વ્યવહાર પર પોલીસ દ્વારા પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. પોલીસ કમિશનરે આ અંગેનું જાહેરનામુ બહાર પાડ્યું છે. જેમાં જણાવ્યા અનુસાર તા.૧૭ના રોજ કલાક ૦૦થી તા.૧૮ના રોજ૨૪ કલાક સુધી ભદ્ર પરિસર વાહન-વ્યવહાર માટે બંધ રહેશે. બીજી તરફ તા.૧૯ અને ૨૦ના રોજ ભદ્ર પરિસર ઉપરાંત વિક્ટોરિયા ગાર્ડનથી ભદ્ર તરફનો રસ્તો, વીજળી ઘરથી ભદ્ર મંદિર તરફનો રસ્તો, જિલ્લા પંચાયતથી ભદ્ર તરફનો રસ્તો, પાનકોર નાકાથી ત્રણ દરવાજા તરફનો રોડ તેમજ રિલીફ ચાર રસ્તાથી ભદ્ર તરફનો રોડ એમ પાંચ રસ્તા પણ વાહન-વ્યવહાર માટે પ્રતિબંધિત રહેશે.

દરરોજ લાખો રૂપિયાનું ટેબલ લાગતું હતું

ચાંદખેડા પોલીસ સ્ટેશન નજીકથી ૧૨ જુગારીઓ રંગેહાથ ઝડપાયા

અમદાવાદ,સોમવાર

ચાંદખેડા પોલીસ સ્ટેશનની નજીકમાં આવેલા ગુજરાત હાઉસિંગ બોર્ડ પાસેના બગીચામાં જાહેરમાં ચાલતા જુગારના અડ્ડા પર દરોડો પાડીને ૧૨ જુગારીઓને રોકડ અને અન્ય મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા.

૬૩ હજારની રોકડ અને ૧૪ મોબાઈલ કબજે કરાયા, સ્થાનિક પોલીસની બેદરકારી અંગે રિપોર્ટ તૈયાર થશે

પીસીબીના સ્ટાફને સ્થાનિક લોકો તરફથી ફરિયાદ મળી હતી કે ગુજરાત હાઉસીંગ બોર્ડના બગીચા પાસેના મેદાનમાં જાહેરમાં મોટાપાયે જુગારનો અડ્ડો ચલાવવામાં આવી રહ્યો છે અને તેનો સંચાલક સ્થાનિક વિસ્તારમાં દાદાગીરી કરીને ભય ફેલાવે છે. જેથી પોલીસે રવિવારે સાંજના સમયે દરોડો પાડ્યો ત્યારે ૧૫ થી વધુ લોકો જુગાર રમતા મળી આવ્યા હતા અને પોલીસને જોઈને નાસભાગ મચી ગઈ હતી. જો કે ૧૨ જેટલા લોકો ઝડપાઈ ગયા હતા. જેમાં એક વ્યક્તિને નાસવા જતા સામાન્ય ઈજા પહોંચી હતી. સ્થળ પરથી પોલીસે ૬૩ હજારની રોકડ અને ૧૪ જેટલા મોબાઈલ ફોન સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

ઝડપાયેલા આરોપીઓની પુછપરછમાં જાણવા મળ્યું હતું કે ચાંદખેડામાં ગુજરાત હાઉસીંગ બોર્ડમાં રહેતો હર્ષદ રાવત નામનો વ્યક્તિ જુગારનો અડ્ડો ચલાવતો હતો અને ચાંદખેડા તેમજ આસપાસના વિસ્તારમાંથી દરરોજ ૩૦ થી વધુ જુગારીઓ રમવા માટે આવતા હતા અને બે થી ત્રણ બેઠક ગોઠવતો હતો અને હર્ષદ રાવતે બે થી ત્રણ માણસો નોકરી પર રાખ્યા હતા.

ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૨૬ દરમિયાન પીસીબીએ ચાંદખેડામાં અત્યાર સુધીમાં ચાર વાર જુગારના અલગ અલગ અડ્ડા પર દરોડા પાડીને કાર્યવાહી કરી છે. તેમ છતાંય, હજુ સુધી સ્થાનિક પોલીસ જુગારના અડ્ડા અને હુક્કાબાર જેવા દુષણો પર કાબુ રાખી શકી ન હોવાને કારણે બેદરકારી બદલ ચાંદખેડા પોલીસ સ્ટેશનની કામગીરી અંગે રિપોર્ટ તૈયાર કરવા માટે આદેશ આપવામાં આવ્યો છે.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ અમદાવાદ સબ-રિસ્ટ્રીક્ટ તથા તાલુકા વિરમગામ - નાં મોજે - કાલીયાણા ગામની સીમના સર્વે/બ્લોક નં. ૩૯૯ (જુના સર્વે નં. ૨૭૦પૈકી) ની ખાતા નં. ૪૭૨ માં ચાલતી કુલ ૬૮૬૯૫ ચોરસમીટર ખેતીની જમીન મોરી રામભાઈ હરીભાઈ, મોરી કલ્પેશભાઈ રામભાઈ, મોરી વર્ષાબેન કલ્પેશભાઈની પત્ની, મોરી પ્રશાંત કલ્પેશભાઈ તથા મોરી કમુબેન રામભાઈની પત્નીનાઓની કુલ સંપૂર્ણ સંયુક્ત માલિકી અને કબજા ભોગવટાની અને બોજા રહીત વેચાણને પાત્ર હોવાનું જણાવી સદરહું જમીન પરત્વેનાં ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા બદલનાં પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલ છે તો સદરહું જમીન ઉપર જો અન્ય કોઈપણ વ્યક્તિ, બેન્ક, મંડળી, પેઢી કે સંસ્થા ઈત્યાદીનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, હક્ક, હિત, હિસ્સો દાવો કે બોજો હોય તો તે તેઓએ આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલનાં પુરાવાની સર્ટીફાઈડ નકલ સહીત લેખિત જાણ નીચેના સરનામે રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી. થી કરવી. (પુરાવા સિવાયનાં વાંધા ધ્યાને લેવામાં આવશે નહીં) જો તેમ કરવામાં નહીં આવે તો સદરહું જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, હક્ક, હિત, હિસ્સો દાવો કે બોજો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી અમો સદરહું જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરી આપીશું. જેની નોંધ લેવી.

તા. ૧૬-૧૧-૨૦૨૬

મનોજ કે. સિંધ્વ, એડવોકેટ

૩૦૧-૩૦૨, ઈલાઈટ, સપથ હેક્ષાની સામે, સોલા ઓવર બ્રીજની બાજુમાં, એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ- ૩૮૦૦૬૦. ઓફીસ ફોન નં. ૦૭૯-૩૫૮૫૯૩૧૪

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ ગાંધીનગરના સબ-રિસ્ટ્રીક્ટ ગાંધીનગર ઝોન-૨ અને તાલુકા ગાંધીનગરના ગામ મોજે અડાલજની સીમના બ્લોક નંબર-૨૬૨ ની કુલ ૫૪૬૩ ચોરસમીટર જમીનનો ટી.પી. સ્કીમ નંબર-૧૧/બ (અડાલજ) માં સમાવેશ થતા તેને ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નંબર-૧૦૨ (જુના ફાઈનલ પ્લોટ નંબર-૧૩૧) ની ૩૫૫૧ ચોરસમીટર જમીનનો સીટી સર્વે રેકર્ડમાં સમાવેશ થતા તેને સીટી સર્વે વોર્ડ-અડાલજ (બિનખેતી), શીટ નંબર-NA૯૯ માં ફાળવેલ સીટી સર્વે નંબર-NA૨૬૨/p૨ ની ૩૫૫૧ ચોરસમીટરના ક્ષેત્રફળની બિનખેતીની જમીન 'શ્રી અંબે ડેવલોપર્સ'એ નામની ભાગીદારી પેઢીએ તેઓની સંપૂર્ણપણે સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની તથા તમામ બોજા રહિત હોવાનું જણાવી ભાગીદારી પેઢીના ભાગીદારે અમારી પાસેથી સદરહુ જમીનના ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદરહુ જમીન ઉપર જો કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો કે બોજો હોય તો તે તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલના પુરાવા સહિત લેખિતમાં જાણ નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર અન્ય કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો નથી અને હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ માની અમો ટાઈટલ્સ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહી.

ફાઈલ નંબર-૭૭૭૪

તારીખ : ૧૭-૧૧-૨૦૨૬

શરદ એન. દરજી

(એડવોકેટ એન્ડ નોટરી)

(એમ.કોમ., એલ.એલ.બી.)

ઓફીસ : બી-૫૦૧, સત્યમેવ કોમ્પલેક્ષ, ન્યુ ગુજરાત હાઈકોર્ટ સામે, એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦ ફોન નંબર : ૦૭૯-૨૬૪૬૯૮૦૦

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ખોડાભાઈ વશરામભાઈ પટેલ, રહેવાસી-અમદાવાદનાએ રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદના સબ-ડીસ્ટ્રીકટ અને તાલુકા સાણંદના ગામ મોજે માણકોલની સીમના સર્વે/બ્લોક નંબર-૧૯૬૩/૧/૫૨ ની ૭૬૮૯ ચોરસમીટરની બિનખેતીની જમીન કે જેનો સમાવેશ ઈન્સ્પેકટર ઓફ લેન્ડ રેકર્ડ સાણંદમાં થતા માણકોલ(બિનખેતી) વોર્ડના શીટ નંબર-NA૯૯ ના સીટી સર્વે નંબર-NA1963/ 1/52 ની ૭૬૮૯ ચોરસમીટરની બિનખેતીની જમીન તેમની સંપૂર્ણ, સ્વતંત્ર, માલિકી અને કબજા ભોગવટાની હોવાનું જણાવી સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે તથા અમારા અસીલે સદરહુ જમીન અંગેના ઉપરોક્ત જમીનમાલિકના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના અભિપ્રાય અંગેના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે અને અમારા અસીલે રજુ કરેલ ઉપરોક્ત જમીનમાલિકનું સંમતિપત્ર તેમજ અમારા અસીલની સુચના અને સંમતિ અનુસાર આ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરાવેલ છે તો સદરહુ જમીન ઉપર કે તેના કોઈપણ ભાગ અંગે કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી હોય કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન હોય કે સદરહુ જમીન ઉપર કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો નથી અને હોય, તો તે જતા (વેવ) કરેલ છે, તેમ સમજી અમો સદરહુ જમીનના ઉપરોકત ભાગીદારી પેઢીના ડેવલપમેન્ટના હક્કો સહિતના ટાઈટલ કલીયરન્સના અભિપ્રાય અંગેનું પ્રમાણપત્ર આપીશું તથા અમારા અસીલ ઉપરોકત ભાગીદારી પેઢીના ડેવલપમેન્ટના હક્કોસહિત સદરહુ જમીનની વેચાણની કાર્યવાહી પુર્ણ કરશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. તેની નોંધ લેશો.

તારીખ ૧૬-૧૧-૨૦૨૬

હિતેષ એમ. રાવલ

એડવોકેટ,

એચ. એમ. રાવલ એન્ડ કંપની,

એડવોકેટ્સ,

ડી-બ્લોક, ગ્રાઉન્ડ ફલોર, સત્યમ કોર્પોરેટ સ્કવેર, એસ્ટ્રલ હાઉસ સામે, ઓફ સિંધુભવન રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪. ફોનઃ (ઓફીસ) ૨૬૭૬૨૦૪૦.

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, પ્રવિણભાઈ વશરામભાઈ પટેલ, રહેવાસી-સુરેન્દ્રનગરનાએ રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદના સબ-ડીસ્ટ્રીકટ અને તાલુકા સાણંદના ગામ મોજે માણકોલની સીમના સર્વે/બ્લોક નંબર-૧૯૬૩/૧/૨૩/૨ ની ૩૮૪૫ ચોરસમીટરની બિનખેતીની જમીન કે જેનો સમાવેશ ઈન્સ્પેકટર ઓફ લેન્ડ રેકર્ડ સાણંદમાં થતા માણકોલ(બિનખેતી) વોર્ડના શીટ નંબર-NA99 ના સીટી સર્વે નંબર-NA1963/1/23/2 ની ૩૮૪૫ ચોરસમીટરની બિનખેતીની જમીન તેમની સંપૂર્ણ, સ્વતંત્ર, આગવી માલિકી અને કબજા ભોગવટાની હોવાનું જણાવેલ છે. વધુમાં સદરહુ જમીન અંગે ઉપરોકત જમીનમાલિકે તારીખ ૧૩-૦૪-૨૦૨૩ તથા તારીખ ૨૧-૦૬-૨૦૨૬ના રોજ સબરજીસ્ટ્રારશ્રી સાણંદની કચેરીમાં અનુક્રમ નંબર-૧૪૯૩૧ થી નોંધાયેલ ડેવલપમેન્ટ એગ્રીમેન્ટ AUROUS REALTY VENTURES LLP એ નામની મર્યાદીત જવાબદારી ધરાવતી ભાગીદારી પેઢીની તરફેણમાં કરી આપેલ છે. ઉપરોકત જમીનમાલિકે સદરહુ જમીન ઉપરોકત ભાગીદારી પેઢીના ડેવલપમેન્ટના હક્કો સહિત અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે તથા અમારા અસીલે સદરહુ જમીન અંગેના ઉપરોકત ભાગીદારી પેઢીના ડેવલપમેન્ટના હક્કો સહિતના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા બદલના અભિપ્રાય અંગેના પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલી છે અને અમારા અસીલે રજુ કરેલ ઉપરોકત ડેવલપરનું સંમતિપત્ર તેમજ અમારા અસીલની સુચના અને સંમતિ અનુસાર આ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરાવેલ છે તો સદરહુ જમીન ઉપર ઉપરોકત ભાગીદારી પેઢીના ડેવલપમેન્ટના હક્કો સિવાય કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી હોય કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન કે કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭(સાત)માં તે બદલના પુરાવા સહિત(પુરાવા સિવાયના વાંધા ધ્યાન ઉપર લેવામાં આવશે નહિ) લેખિત જાણ પત્ર દ્વારા નીચેના સરનામે કરવી અને જો તેમ કરવામાં નહી આવે તો સદરહુ જમીન ઉપર ઉપરોકત ભાગીદારી પેઢીના ડેવલપમેન્ટના હક્કો સિવાય કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, દાવાદુવી કે લાગભાગ, હક્ક, હિત, હિસ્સો, બોજો, લીયન કે કોઈના કોઈપણ પ્રકારના બાનાચિઠ્ઠી, બાનાખત કે અન્ય કોઈ ટ્રાન્સફર કરારના કે અન્ય કોઈ રીતે કોઈ હિત સંબંધથી પ્રાપ્ત થતાં હક્કો નથી અને હોય, તો તે જતા (વેવ) કરેલ છે, તેમ સમજી અમો સદરહુ જમીનના ઉપ

સરકારી કચેરીએ જારી કરેલા આંકડાએ RLDAની પોલ ખોલી

કાલુપુર સ્ટેશનના પુનઃનિર્માણમાં ગોકળ ગાયની ગતિ, ૪ વર્ષે માત્ર ૨૦ ટકા કામ!

અમદાવાદ, સોમવાર

અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશનને આધુનિક સુવિધાઓથી સજ્જ કરીને વિશ્વસ્તરીય બનાવવાની યોજના ૩.૧,૦૨૬.૫૮ કરોડનો ખર્ચ થઈ ચૂક્યો છે. તેમ છતાં સરકારી આંકડા મુજબ ભૌતિક પ્રગતિ માત્ર ૨૦ ટકા જ નોંધાઈ છે. આ સ્થિતિમાં કામગીરીની ઝડપ સામે સવાલો ઊભા થયા છે.

સરકારી કચેરી દ્વારા જાહેર કરાયેલી પ્રોજેક્ટની યાદી મુજબ, અમદાવાદ રેલવે સ્ટેશનના રિડેવલપમેન્ટ માટે ૨૪ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજ મંજૂરી આપવામાં આવી હતી. પ્રોજેક્ટનો મૂળ ખર્ચ ૩.૨,૩૭૯ કરોડ નક્કી કરાયો હતો. અને ૩૦ જૂન,૨૦૨૭ સુધીમાં કામ પૂર્ણ કરવાની સમય મર્યાદા રાખવામાં આવી છે.

જોકે, અત્યાર સુધીમાં ૩.૧,૦૨૬.૫૮ કરોડ ખર્ચાયા હોવા છતાં કામની પ્રગતિ માત્ર ૨૦ ટકા જ નોંધાઈ છે. એટલેકે પ્રોજેક્ટના ચાર વર્ષ જેટલા સમયગાળામાં પાંચમાં ભાગનું જ કામ પૂર્ણ થયું છે. આ આંકડા આરએલડીએસની કામગીરીની ઝડપ અંગે ગંભીર સવાલો ઊભા કરે છે. એક તરફ સ્ટેશનને આધુનિક બનાવવાની મોટી જાહેરાતો થઈ રહી છે. તો બીજી તરફ જમીન પર કામની ગતિ અપેક્ષા કરતાં ઘણી ઓછી દેખાય છે. હવે બાકી રહેલું ૮૦ ટકા કામ તેના નિર્ધારિત સમયમર્યાદામાં કેવી રીતે પૂર્ણ થશે તે જોવાનું રહ્યું.

ગુજરાતમાં ચાલતા અને મુદ્દત લંબાવાયેલા રેલવે પ્રોજેક્ટ

પ્રોજેક્ટનું નામ	ખર્ચ (કરોડમાં)	કામ પૂર્ણ	મુળ સમયમર્યાદા	નવી સમયમર્યાદા
અમદાવાદ-હિંમતનગર-ઉદયપુર	રૂ.૨,૮૩૭.૮૦	૯૧%	માર્ચ ૨૦૨૪	માર્ચ ૨૦૨૬
ભુજ-નળિયા	રૂ.૧,૬૯૬.૦૩	૭૫%	ઓગસ્ટ ૨૦૧૯	જૂન ૨૦૨૪
મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ ટ્રેન પ્રોટેક્શન સિસ્ટમ	રૂ.૩૭૯.૬૧	૨૦%	ડિસેમ્બર ૨૦૨૫	ડિસેમ્બર ૨૦૨૬
નળિયા-જખૌ પોર્ટ નવી બ્રોડગ્રેજ લાઈન	રૂ.૪૧૦.૨૬	૫%	જાન્યુઆરી ૨૦૨૮	ફેબ્રુઆરી ૨૦૨૮
સાબરમતી ટ્રેનસેટ મેઈન્ટેનન્સ સુવિધા	રૂ.૨૪૯.૬૭	૯૧%	ડિસેમ્બર ૨૦૨૫	મે ૨૦૨૬
બરેજડી-નાંદેજ-ગેરતપુર-સાણંદ ચોથી લાઈન	રૂ.૨,૪૦૨.૭૧	૨૫%	માર્ચ ૨૦૨૭	જુલાઈ ૨૦૨૮

મુંબઈ-અમદાવાદ વચ્ચે સુરક્ષા સિસ્ટમના કામમાં પણ એક વર્ષનો વિલંબ

ટ્રેનને અકસ્માતથી બચાવવા અને સુરક્ષિત મુસાફરી માટે મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ રેલવે રૂટ પર ટ્રેન પ્રોટેક્શન સિસ્ટમ લગાવવાની કામગીરી હાથ ધરાઈ છે. પરંતુ સરકારી આંકડા મુજબ, આ પ્રોજેક્ટનું અત્યાર સુધી માત્ર ૨૦ ટકા જ કામ પૂર્ણ થયું છે. રૂ.૩૧૧ કરોડના મૂળ ખર્ચવાળા આ પ્રોજેક્ટનો ખર્ચ વધીને રૂ.૩૭૯.૬૧ કરોડ કરવામાં આવ્યો છે. અત્યાર સુધીમાં રૂ.૨૩૪.૯૦ કરોડ ખર્ચાઈ ચૂક્યા છે છતાં ૮૦ ટકા કામ હજુ બાકી છે. ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં પૂર્ણ થનારા આ પ્રોજેક્ટની સમયમર્યાદા હવે ડિસેમ્બર ૨૦૨૬ કરવામાં આવી છે.

વર્ષોથી ચાલતા પ્રોજેક્ટ ઠેરના ઠેર

ભારતીય રેલવે હેઠળ ગુજરાતમાં હાલ કુલ ૨૭ રેલવે પ્રોજેક્ટ ચાલી રહ્યા છે. આમાં ઘણાં એવા પણ પ્રોજેક્ટ છે જે વર્ષોથી ચાલતા હોવા છતાં તેની કામગીરી પૂર્ણ થઈ નથી. જેમાં અમદાવાદ- હિંમતનગર- ઉદયપુર પ્રોજેક્ટને ૨૦૦૮માં મંજૂરી મળી હતી, જેની પ્રગતિ હજુ ૯૧ ટકા જ થઈ છે. છોડાઉદેપુર- ધાર પ્રોજેક્ટ ૨૦૨૭માં મંજૂર થયો પરંતુ કામગીરી હજુ ૫૮ ટકાએ જ પહોંચી છે. દાહોદ-ઈન્દોર પ્રોજેક્ટ પણ જૂનો છે જેની પ્રગતિ હજુ ૫૭ ટકા જ થઈ છે. આ આંકડા રેલવે પ્રોજેક્ટની લાંબી પ્રક્રિયા અને ધીમી કામગીરી તરફ ધ્યાન દોરે છે.

કાગળ પર જેટલી આકર્ષક છે તેટલી તેની કામગીરીની ગતિ જોવા મળતી નથી. કેન્દ્ર સરકારના ૧૫૦ કરોડ કે તેથી વધુ ખર્ચના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સની કામગીરી પર દેખરેખ રાખતી કચેરી દ્વારા છેલ્લે જારી કરેલી યાદી મુજબ, રેલવે લેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા હાથ ધરવામાં આવેલા આ પ્રોજેક્ટમાં અત્યાર સુધીમાં

૪ વર્ષમાં ૧,૦૨૬ કરોડનો ખર્ચ કરાયો છતાં હજુ પાંચમાં ભાગનું કામ પૂર્ણ, ૨૦૨૭ની સમયમર્યાદા સામે મોટો પડકાર



પેટ્રોલ, ડીઝલ, સીએનજીથી લઈને દૂધ, છાશ, દહીં, ઘી, તેલ અને હવે શાકભાજી જેવી જીવન જરૂરિયાતની વસ્તુના ભાવ પણ વધ્યા છે. દિવાળીના તહેવારોની રજામાં ઓછી આવક અને શિયાળાની શરૂઆત હોય ભાવ ગત વર્ષ કરતા દોઢથી બે ગણાં બોલાઈ રહ્યા છે. ડુંગળી, ટામેટા, વટાણા, ગાજર સહિત મોટા ભાગની શાકભાજીના ભાવ વધ્યા છે. પરિવહનથી લઈને ખાદ્ય પાદર્થો સુધી તમામ વસ્તુના ભાવ આસમાને પહોંચી ગયા હોવા છતાં લોકોએ મોંઘવારીને સ્વીકારી લીધી હોય તેમ ખરીદીમાં કોઈ ફેરફાર જોવા મળતો નથી. પેટ્રોલ, ડીઝલ, સીએનજીના વધતા ભાવ વચ્ચે પણ વાહનો બેરોકટોક દોડી રહ્યા છે. વધેલી કિંમત વચ્ચે ખાણીપીણી બજારોમાં પણ કતારો લાગે છે. વધતી મોંઘવારીની કોઈ અસર લોકોના સામાન્ય જીવન પર દેખાતી નથી, લોકોએ મોંઘવારી સહર્ષ સ્વીકારી લીધી હોય તેમ દરેક વસ્તુના વધારે ભાવ ચૂકવતા થઈ ગયા છે. વધેલા ખર્ચને પહોંચી વળવા હવે લોકો આવક અને રોજગારીના નવા સ્ત્રોત શોધી કાઢે છે.

(તસવીરઃ સુરેશ મિસ્ત્રી)

ગુજરાતમાં બાળકો અને યુવાનોમાં વાઈના કેસમાં વધારો

રોડ અકસ્માતમાં માથાની ઈજા, અપૂરતી ઊંઘ પણ વાઈનું કારણ બની શકે છે

અમદાવાદ, સોમવાર

વાઈ એટલે આંચકી આવવી અને આંચકી આવે એટલે મોઢામાંથી ફીણ નીકળવું, શરીર જકડાઈ જવું કે હાથ-પગ ધ્રુજવા. પરંતુ વાઈનાં લક્ષણો હંમેશાં આટલાં સ્પષ્ટ અને નાટ્યાત્મક હોતાં નથી. ઘણી વખત વ્યક્તિ થોડી ક્ષણો માટે શૂન્યમનસ્ક થઈ જાય, એકીટશે તાકી રહે અથવા આસપાસની ઘટનાઓ પ્રત્યે પ્રતિભાવ આપવાનું બંધ કરી દે તો તે પણ વાઈના હુમલાનું સ્વરૂપ હોઈ શકે છે. આવી સ્થિતિને સામાન્ય ગણીને અવગણવી જોઈએ નહીં તેમ તબીબોનું માનવું છે.

એપિલેપ્સી ડે : વાઈનો હુમલો ઓળખવો મુશ્કેલ! થોડી ક્ષણોનું મૌન પણ બીમારીનો સંકેત હોઈ શકે છે

૧૭ નવેમ્બરના રાષ્ટ્રીય વાઈ રોગ જાગૃતિ દિવસ નિમિત્તે વાઈ અંગેની ગેરમાન્યતાઓ દૂર કરવાની સાથે તેના લક્ષણો, કારણો અને સારવાર વિશે જાગૃતિ કેળવવી જરૂરી છે. ન્યુરોલોજિસ્ટ અને સ્ટ્રોક તથા એન્ડોવાસ્ક્યુલર સારવાર નિષ્ણાતોના મતે વાઈ કોઈ એક ચોક્કસ ઉંમરની બીમારી નથી. તે જીવનના કોઈપણ તબક્કે થઈ શકે છે. જોકે, ગુજરાતમાં બાળકો અને યુવાનોમાં તેના કેસ વધુ જોવા મળે છે. ખાસ કરીને કિશોરાવસ્થા અને યુવાનીની શરૂઆત એટલે કે જીવનના બીજા દાયકામાં વાઈની શરૂઆત થવાની શક્યતા નોંધપાત્ર છે. એટલું જ નહીં, ૮૦થી ૯૦ વર્ષની ઉંમરે પણ આ બીમારી થઈ શકે છે.

વાઈ થવા પાછળ અનેક કારણો જવાબદાર હોઈ શકે છે, પરંતુ માથામાં થતી ઈજા એક મહત્ત્વનું કારણ છે. ગુજરાતમાં માર્ગ અકસ્માતોની વધતી ઘટનાઓના પરિણામે માથામાં ઈજા થવાના કિસ્સા પણ ચિંતાનો વિષય છે. આવી ઈજાઓ બાદ કેટલાક લોકોમાં વાઈ થવાનું જોખમ વધી શકે છે. વાઈના જોખમને ઘટાડવા માટે માર્ગ સલામતીનું પાલન કરવું અને ટુ-વ્હીલર ચલાવતી વખતે હેલ્મેટ પહેરવું જરૂરી છે, જેથી માથાની ઈજાથી બચી શકાય.

આ ઉપરાંત ઊંઘની અનિયમિતતા અને પૂરતી ઊંઘ ન લેવાની આદત પણ મહત્ત્વનું પરિબળ છે. ખાસ કરીને જેમને વાઈ થવાની સંભાવના હોય તેમનામાં ઊંઘની અછત આંચકી આવવાની શક્યતા વધારી શકે છે. તેથી દરરોજ રાત્રે નિયમિત રીતે ૭થી ૮ કલાકની ઊંઘ લેવી ન્યુરોલોજિકલ સ્વાસ્થ્ય માટે જરૂરી છે. અલબત્ત, વાઈનો રોગ ચેપી નથી અને દર્દીને સ્પર્શ કરવાથી બીજાને ફેલાતો નથી.

દવાઓ છતાં આંચકી ચાલુ રહે તો સર્જરીનો વિકલ્પ

આધુનિક ન્યુરોલોજીની પ્રગતિને કારણે વાઈની સારવાર હવે વધુ અસરકારક બની છે. મોટાભાગના દર્દીઓમાં યોગ્ય નિદાન અને દવાઓથી આંચકી પર સારું નિયંત્રણ મેળવી શકાય છે. દવા એ વાઈની સારવારનો પ્રથમ અને મુખ્ય વિકલ્પ છે. જોકે, યોગ્ય માત્રામાં અને પૂરતા સમય સુધી દવાઓ લેવા છતાં વારંવાર આંચકી આવતી હોય તેવા દર્દીઓ માટે એપિલેપ્સી સર્જરી સહિતની અદ્યતન સારવારના વિકલ્પો ઉપલબ્ધ છે.

કંપની દ્વારા નિર્ણયને પડકારતી હાઈકોર્ટમાં રિટ અરજી

સ્થૂળતાની દવા પ્રિસ્ક્રિપ્શન વિના વેચનારી કંપનીનું લાયસન્સ રદ

અમદાવાદ,સોમવાર

એન્ડોક્રિનોલોજિસ્ટના પ્રિસ્ક્રિપ્શન વિના સ્થૂળતાની દવા માઉન્જારો વેચવા બદલ ફૂડ એન્ડ ડ્રગ્સ કંટ્રોલ એડમિનિસ્ટ્રેશન દ્વારા લાયસન્સ રદ કરવામાં આવ્યા બાદ વડોદરા સ્થિત એક ટેલિમેડિસિન કંપનીએ ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા છે. જેની સુનાવણીમાં હાઈકોર્ટે ફુડ એન્ડ ડ્રગ્સ કંટ્રોલ એડમિનિસ્ટ્રેશન સહિતના સંબંધિત સત્તાવાળાઓ વિરૂધ્ધ કારણદર્શક નોટિસ જારી કરી છે અને કેસની વધુ સુનાવણી આગામી સપ્તાહમાં રાખી છે.

ફુડ એન્ડ ડ્રગ્સ કંટ્રોલ એડમિનિસ્ટ્રેશન સહિતના સત્તાવાળાઓ વિરૂધ્ધ કારણદર્શક નોટિસ જારી

દવાઓ વેચવાનું લાયસન્સ રદ કરવાના નિર્ણય સામે મેડિકામેન્ટ સોલ્યુશન્સ પ્રા.લિ દ્વારા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સચિવ દ્વારા કંપનીની અપીલ ફગાવી દેવાઈ હતી. જેને પગલે કંપનીએ હાઈકોર્ટમાં અરજી કરી જણાવ્યું કે, સત્તાવાળાઓ દ્વારા નિયત પ્રક્રિયાનું અનુસરણ કર્યા વિના ગેરકાયદે રીતે તેમનું લાયસન્સ રદ કરાયું છે. ફુડ એન્ડ ડ્રગ્સ કંટ્રોલ એડમિનિસ્ટ્રેશનના અધિકારીઓની તપાસમાં જાણવા મળ્યું હતું કે, દવાના વેચાણના બીલોમાં ડોકટરો અને દર્દીઓના પૂરા સરનામાનો ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો. જેનાથી દવાની ટ્રેસેબિલિટી પર અસર પડે છે. ઉપરાંત, માઉન્જારો ક્વિકપેન ઈન્જેકશનના પ્રોડકટ લેબલ તરફ પણ ધ્યાન દોરતાં જણાવાયું કે, આ દવા ફકત એન્ડોક્રિનોલોજિસ્ટ અથવા ઈન્ટરનલ મેડિસીન નિષ્ણાતના પ્રિસ્ક્રીપ્શન પર જ અપાવી જોઈએ પરંતુ કંપનીએ જનરલ મડિસીન દ્વારા લખાયેલા પ્રિસ્ક્રીપ્શન પર તેનું વેચાણ કર્યું હતું. આ દવાને ચામડીની નીચે અપાતા ઈન્જેકશનની પ્રક્રિયા વખતે ડોકટરની હાજરીની જરૂરી છે પરંતુ કંપનીએ કથિત રીતે દર્દીઓને દુરિયર દ્વારા ઈન્જેકશન મોકલ્યા હતા. એક વર્ષમાં લગભગ આવા ૨૬૦૦ ઈન્જેકશન વેચવામાં આવ્યા હતા અને રિટેલ લાયસન્સનો દૂરપયોગ કરવામાં આવ્યો હતો. જાહેર આરોગ્યને કોઈપણ પ્રકારનું નુકસાન ના થાય તેનું ધ્યાન રાખવાની કંપનીની ફરજ અને નૈતિક જવાબદારી પણ છે અને તે તેમ કરવામાં નિષ્ફળ રહેતાં તેનું લાયસન્સ રદ કરાયું હતું.

નવા રિવરફ્રન્ટ માટે હજી એક વર્ષ રાહ જોવી પડશે

રિવરફ્રન્ટ ફેઝ -૨માં આર્ટ કલ્ચર, ફૂડ પ્લાઝા, ગ્રીન ઝોન તૈયાર કરાશે

અમદાવાદ, સોમવાર

શાહીબાગ- ડફનાળાથી ઈન્દિરા બ્રિજ સુધી રિવરફ્રન્ટ ફેઝ-૨નું કામ ચાલી રહ્યું છે. ૫.૫ કિલોમીટરના આ નવા રિવરફ્રન્ટ પર આર્ટ કલ્ચર સ્પેસ, ફૂડ પ્લાઝા, ગ્રીન ઝોન, ચિલ્ડ્રન પ્લે એરિયા, ઓપન જીમ, યોગ સ્પેસ, ૧૦ વ્યૂ પોઈન્ટ સહિત વિવિધ આકર્ષણો ઉભા કરાશે. હાલ કામગીરી આખરી તબક્કામાં હોય નવા રિવરફ્રન્ટ માટે હજી એકાદ વર્ષ રાહ જોવી પડશે.

ડફનાળાથી ઈન્દિરા બ્રિજ સુધી બંને તરફના ૧૧ કિમી રોડની કામગીરી આખરી ચરણમાં, ફેઝ-૩નું કામ શરૂ

અમદાવાદમાં ડફનાળાથી ઈન્દિરા બ્રિજ સુધી રિવરફ્રન્ટ ફેઝ-૨ અને ઈન્દિરા બ્રિજથી નર્મદા કેનાલ (કરાઈ) સુધી ફેઝ-૩ની કામગીરી ચાલી રહી છે. તેમજ પશ્ચિમમાં અચેર અને પૂર્વમાં કેમ્પ સદર બજાર વચ્ચે નદી ઉપર આશરે રૂ.૩૪૦ કરોડના રબર બેરેજ બ્રિજના પાયા નંખાઈ રહ્યા છે. ત્યારે મુખ્યમંત્રી સહિત મ્યુનિ.ના અધિકારીઓ અને પદાધિકારીઓ દ્વારા આજે ત્રણેય કામની સમીક્ષા કરાઈ હતી. વર્ષ ૨૦૨૨માં શરૂ કરાયેલા આશરે રૂ.૧૩૦૦ કરોડના ફેઝ-૨ના બંને બાજુના ૧૧ કિલોમીટરના રસ્તાનું કામ અંતિમ તબક્કામાં છે. જે ૮૩ ટકા જેટલી પૂર્ણ થઈ ગઈ હોવાનો દાવો કરાઈ રહ્યો છે. ત્યારબાદ રસ્તાની બંને બાજુ આર્ટ કલ્ચર સ્પેસ, ફૂડ પ્લાઝા, ગ્રીન ઝોન, ૧૦ વ્યૂ પોઈન્ટ, ચિલ્ડ્રન પ્લે એરિયા, ગ્રીન ઝોન, સ્વાસ્થ્યની જાળવણી માટે ઓપન જીમ, યોગ સ્પેસ સહિત વિવિધ આર્કષણો તૈયાર કરાશે. સંભવિત્ ડિસેમ્બર ૨૦૨૭થી રિવરફ્રન્ટ ફેઝ-૨ ખુલ્લુ મુકાશે. આ કામગીરી પૂર્ણ કરવાની સમયમર્યાદા છે. જ્યારે ફેઝ-૩ની કામગીરી હજી પ્રથમ ચરણમાં હોય તેની સમયમર્યાદા નક્કી કરાઈ નથી. અલબત કોમનવેલ્થ ગેમ્સ પહેલાં રબર બેરેજ બ્રિજ અને ફેઝ-૩નું કામ પૂર્ણ કરી દેવાશે તેવો દાવો કરાઈ રહ્યો છે.

નવા વીસી પૂર્વ વીસીના કામો ઉખેળવા નથી માંગતા

ગુજરાત યુનિ.માં સ્ટાફની ૫૦ ટકા ઘટ વચ્ચે નવા વીસીએ ચાર્જ સંભાળ્યો

અમદાવાદ,સોમવાર

ગુજરાત યુનિવર્સિટીમાં નવા નિમાયેલા કાયમી કુલપતિ ડૉ.પૃથુલ દેસાઈએ આમ તો ગત ૮મીએ જ દિવાળીના દિવસે ચાર્જ લઈ લીધો હતો પરંતુ વીસી પદનો કારોભાર આજે સંભાળ્યો હતો. કુલપતિએ ચાર્જ સંભાળતા સંઘ સાથે જોડાયેલા શિક્ષણવિદો-અધ્યાપકો પણ સક્રિય થઈ ગયા છે અને યુનિ.માં આવતા થઈ ગયા છે ત્યારે હવે સંઘની શિફારીશો કે દોરીસંચાર અને રાજકીય દબાણ વિના કામગીરી કરવી કુલપતિ માટે કપરી રહેશે કે કેમ તે જોવુ રહ્યુ.બીજી બાજુ ગુજરાત યુનિ.માં હાલ ટીચિંગ અને નોન ટીચિંગ સ્ટાફની ૫૦ ટકાથી વધુની ઘટ છે ત્યારે નવા કુલપતિની તો ભરતી થઈ ગઈ છે પરંતુ સ્ટાફની ભરતી કયારે થશે તે પ્રશ્ન છે.

ચાર્જ લેતા જ સંઘ સાથે જોડાયેલા પણ સક્રિય થયા દોરીસંચાર-દબાણ વિના કામગીરી થઈ શકશે ?

ગુજરાત યુનિ.માં કોમન એક્ટ મુજબ પ્રથમવાર પાંચ વર્ષ માટે કામચી કુલપતિ નિમાયા છે. સંઘની સિફારિશથી નિમાયેલા સુરતના સીનિયર પ્રોફેસર એવા ડૉ.પૃથુલ દેસાઈએ દિવાળીની રજાઓ પુરી થયા બાદ આજથી યુનિ.શરૂ થતા વિધિવત ચાર્જ લીધો હતો. કુલપતિએ ચાર્જ લેતા જ સંઘ સાથે જોડાયેલા અધ્યાપકો-આચાર્યો પણ સક્રિય થઈ ગયા છે.કોમર્સ ફેકલ્ટીના ડીન બન્યા બાદ ભાગ્યે જ યુનિ.માં આવતા કોમર્સના ડીન અને સીનિયર આચાર્ય આજે ગુજરાત યુનિ.માં નજરે પડ્યા હતા અને ઘણો સમય રહ્યા હતા.જેઓ પણ આમ તો સંઘમાં સક્રિય છે.હવે નવા કુલપતિ સંઘ સાથે જોડાયેલા લોકોના પ્રભાવમાં આવીને જ કામગીરી કરશે કે પોતાની રીતે નિર્ણય લઈને નવો ચિલો ચાતરી દાખલો બેસાડશે ? તેવી ચર્ચા યુનિ.માં ચાલી છે. આજે પ્રથમ દિવસે આમ તો કુલપતિએ કોઈ કાગળ પર સહી કરી નથી કે કોઈ નિર્ણય લીધો નથી પરંતુ કુલપતિએ યુનિ.માં સૌ પ્રથમ કામ હવે ભરતીનું જ કરવુ પડશે.કારણકે હાલ યુનિ.માં ટીચિંગ અને નોન ટીચિંગ સ્ટાફની ૫૦ ટકાથી વધુની ઘટ છે.

૩ લાખ ડિપોઝિટ છતાં પણ પ્રવેશ કન્ફર્મ ન કરતાં

મેડિકલ-ડેન્ટલમાં ૩ વિદ્યાર્થીઓની ૯.૩૦ લાખ રૂપિયા ડિપોઝિટ જપ્ત

અમદાવાદ,સોમવાર

ધોરણ ૧૨ સાયન્સ પછીના નીટ આધારીત ચાર કોર્સીસમાંથી મેડિકલ અને ડેન્ટલમાં ચાર રાઉન્ડ બાદ કરાયેલો સ્પેશ્યલ સ્ટ્રે વેકેન્સી રાઉન્ડ-પાંચમો રાઉન્ડ પણ પૂર્ણ થઈ ગયો છે.આ રાઉન્ડ સાથે પ્રવેશ પ્રક્રિયા પણ પૂર્ણ થઈ ગઈ છે અને ૩ બેઠકો ખાલી રહી છે.

પીજી ડેન્ટલમાં ૧૦ વિદ્યાર્થીએ પ્રવેશ કન્ફર્મ ન કરતા ૨૫-૨૫ હજારની ડિપોઝિટ જપ્ત કરવામાં આવી

છેલ્લા ખાસ રાઉન્ડમાં ૩ વિદ્યાર્થીએ પ્રવેશ મળવા છતાં કન્ફર્મ ન કરતા નિયમ મુજબ તેઓની ૩.૧૦ લાખ રૂપિયાની ડિપોઝિટ જપ્ત થવા સાથે કુલ ૯.૩૦ લાખ રૂપિયાની ડિપોઝિટ પ્રવેશ સમિતિએ જપ્ત કરી છે. જ્યારે પીજી ડેન્ટલમાં ૧૦ વિદ્યાર્થીઓની ૨.૫ લાખ રૂપિયાની ડિપોઝિટ જપ્ત થઈ છે.

મેડિકલ અને ડેન્ટલમાં ચાર રાઉન્ડ બાદ ખાલી રહેલી ૯૧ બેઠકો માટે પાંચમો સ્પેશ્યલ સ્ટ્રે વેકેન્સી રાઉન્ડ કરાયો હતો.જેમાં મેડિકલની ૫૭ અને ડેન્ટલની ૩૪ બેઠકોનું એલોટમેન્ટ કરાયુ હતું. પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓએ ફી ભરીને હેલ્પ સેન્ટર ખાતે રિપોર્ટિંગ કરી પ્રવેશ કન્ફર્મ કરવા માટે આજે છેલ્લો દિવસ હતો. મેડિકલમાં ૧ અને ડેન્ટલમાં ૨ સહિત કુલ ત્રણ વિદ્યાર્થીએ હેલ્પ સેન્ટર ખાતે રિપોર્ટિંગ કરાવ્યુ નથી.આમ આ ત્રણ વિદ્યાર્થીએ પ્રવેશ કન્ફર્મ ન કરાવતા તેઓએ પાંચમા રાઉન્ડ પહેલા નિયમ મુજબ ભરેલી ૩ લાખ રૂપિયાની ડિપોઝિટ અને રજિસ્ટ્રેશન સમયે અગાઉ ભરેલી ૧૦ હજારની સિક્યુરિટી ડિપોઝિટ જપ્ત કરાઈ છે.મેડિકલમાં ૭૨૩૨ અને ડેન્ટલમાં ૧૨૧૭ વિદ્યાર્થીઓના પ્રવેશ થઈ ચુક્યા છે.

કુલ ૩ વિદ્યાર્થીઓની કુલ મળીને ૯.૩૦ લાખ રૂપિયાની ડિપોઝિટ જપ્ત કરાઈ છે. જ્યારે પીજી ડેન્ટલમાં ત્રણ રાઉન્ડ પુરા થઈ ગયા છે અને ત્રીજા રાઉન્ડ સુધીમાં પ્રવેશ કન્ફર્મ ન કરાવનારા ૧૦ વિદ્યાર્થીઓની ૨૫-૨૫ હજાર રૂપિયાની સિક્યોરિટી ડિપોઝિટ જપ્ત કરાઈ છે.આમ પીજી ડેન્ટલમાં ૨.૫ લાખ રૂપિયાની ડિપોઝિટ પ્રવેશ સમિતિ દ્વારા નિયમ મુજબ જપ્ત કરાઈ છે.

હાયર સેકન્ડરી સ્કૂલોમાં શિક્ષક માટેની

ટાટ પરીક્ષામાં ૩૦ હજાર નાપાસ થતા ફરી મૂલ્યાંકનની માંગણી

અમદાવાદ,સોમવાર

ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ગત ૬ઠ્ઠી નવેમ્બરે જાહેર કરાયેલા ટાટ હાયર સેકન્ડરી મેઈન પરીક્ષાના પરિણામને લઈને વિવાદ ઉભો થયો છે. આ પરીક્ષામાં ૩૦ હજારથી વધુ ઉમેદવારો નાપાસ થઈ હોય ફરી મૂલ્યાંકનની માંગણી સાથે આજે મોટી સંખ્યામાં ઉમેદવારોએ ગાંધીનગર ખાતે હોબાળો મચાવ્યો હતો.ધો.૧૧-૧૨માં શિક્ષક બનવા માટેની ટાટ પરીક્ષામાં પ્રીલિમ પરીક્ષા બાદ મેઈન પરીક્ષા લેવાઈ હતી. પ્રીલિમ પરીક્ષામાં પાસ થયેલા ગુજરાતી માધ્યમના ૫૦૦૬૬ ઉમેદવારોમાંથી મેઈન પરીક્ષામાં ૪૭૬૪૪ ઉમેદવારો હાજર રહ્યા હતા. મેઈન પરીક્ષાનું પરિણામ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ગત છ નવેમ્બરે જાહેર કરાયુ હતું.આ પરિણામમાં કુલ ૧૬૮૮૭ ઉમેદવારો નિયત કરાયેલા પાસિંગ માર્કસ મુજબ ક્વોલિફાઈ થયા હતા. જ્યારે ૩૦૭૫૪ ઉમેદવારો નાપાસ થયા હતા.

ટાટ હાયર સેકન્ડરી મેઈન પરીક્ષાના પરિણામને લઈને આજે મોટી સંખ્યામાં ઉમેદવારો ગાંધીનગર ખાતે પરીક્ષા બોર્ડની કચેરીએ પહોંચ્યા હતા. ઉમેદવારોએ વિરોધ કરતા માંગણી કરી છે ફરીવાર મૂલ્યાંકન કરવામા આવે અને પેપર-૧ અને ૨ એમ બંનેના માર્કસ જાહેર કરવામા આવે.જો કે રાજ્ય પરીક્ષા બોર્ડના નિયમો મુજબ રીએસેસમેન્ટની જોગવાઈ નથી છતાં ઉમેદવારોના હિતમાં નિર્ણય લેવામા આવશે તેવી બોર્ડે ખાત્રી આપી છે.

કાગળ પરના શૌચાલય પાછળ પ્રજાના ટેક્સના પૈસાનું આંધણ

સ્વચ્છતા અભિયાન : શૌચાલયના સર્વે-ડ્રોઈંગ પાછળ રૂ.૨.૩૫ લાખનો ખર્ચ

અમદાવાદ,સોમવાર

ગુજરાતમાં સ્વચ્છતા અભિયાનના નામે કરોડો રૂપિયાની જાહેરાતો કરવામાં આવી રહી છે ત્યારે સરકારી કામગીરીની પોલ ખુલ્લી પડી છે. જાહેર શૌચાલયોના નિર્માણ પહેલાં માત્ર કાગળ પરની ડિઝાઈન, સર્વે અને મોડેલ પાછળ રૂા.૨.૩૫ લાખનો ખર્ચ કરવા નક્કી કરાયુ છે જેને લઈને હવે સવાલો ઉઠ્યાં છે. સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૫-૨૬માં અમદાવાદ અને સુરત સહિતના શહેરોએ ટોચના ક્રમ મેળવ્યા છે ત્યારે સરકારી પોલ ખોલવા અને શહેરોમાં સ્વચ્છતાની સાચી હકીકત લોકો સમક્ષ લાવવો 'વાસ્તવિક સ્વચ્છતા સર્વેક્ષણ ક્યૂઆર કોડ લોન્ચ કરાયો છે.

સ્વચ્છતા એવોર્ડના ઢોલ-નગારા પણ અમદાવાદમાં ઠેરઠેર ગંદકી : ધૂમ જાહેરાત છતાં 'સ્વચ્છતા અભિયાન સ્પર્ધા' રદ

ગુજરાતમાં સ્વચ્છતા સર્વેક્ષણ અને જાહેર શૌચાલયોના વિકાસના નામે થતા ખર્ચના આંકડાઓ પણ ચોંકાવનારા છે. જેમકે, સાઈટ સર્વે અને ફીઝિબિલિટી રિપોર્ટ પાછળ રૂા. ૧૫ હજાર, કોન્સેપ્ચ્યુઅલ ડિઝાઈન માટે રૂા.૧૫,૫૦૦, શૌચાલયના મિનિએચર મોડેલ બનાવવા માટે રૂા.૪૦ હજાર અને ઈલેક્ટ્રિકલ અને પ્લમ્બિંગ ડ્રોઈંગ માટે રૂા. ૧,૬૫ લાખનો ખર્ચ કરવા નક્કી કરાયુ છે. આમ, શૌચાલયની એક પણ ઈંટ મુકાયા પહેલાં માત્ર સર્વે, મોડેલ અને ડ્રોઈંગ પાછળ પ્રતિ શૌચાલય રૂ. ૨,૩૫,૫૦૦ નો ખર્ચ અંદાજવામાં આવ્યો છે.

કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે સરકારી એવોર્ડ અને રેન્કિંગના આંકડાઓ પાછળ શહેરોની જમીની હકીકત સાવ અલગ છે. જો અમદાવાદ અને સુરત ખરેખર દેશના સૌથી સ્વચ્છ શહેરો હોય, તો તે સ્વચ્છતા માત્ર સિંધુભવન રોડ, એસ.જી. હાઈવે કે વીવીઆઈપી વિસ્તારો પૂરતી જ કેમ સીમિત છે. શહેરના દરેક વોર્ડ, સોસાયટી અને ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં ગંદકી યથાવત છે. ખાસ કરીને અમદાવાદની પીરાણા ડમ્પિંગ સાઈટ આસપાસના પ્રહલાદનગર, વેજલપુર, જોધપુર, સેટેલાઈટ, દાણીલીમડા અને નારોલ જેવા વિસ્તારોમાં કચરો, પ્રદૂષણ અને તીવ્ર દુર્ગંધથી લોકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે. સ્થાનિકોની ફરિયાદ મુજબ દુર્ગંધ અને પ્રદૂષણ એટલા ગંભીર છે કે ઘરોમાં એસી ચલાવવું અઘરું બન્યુ છે. એવો પણ સવાલ ઉઠાવ્યો છે કે, સ્વચ્છતા અભિયાન સર્વેક્ષણમાં ગુજરાતના શહેરોમાંથી કેટલા નાગરિકોએ ભાગ લીધો તેના આંકડા જાહેર કરાયા નથી આ એસેસર્સે કયા વોર્ડ અને કયા વિસ્તારોની મુલાકાત લીધી તેનો માપદંડ શું હતો, તે અંગે સરકારે સ્પષ્ટતા કરવી જોઈએ.

તાજેતરમાં સરકારે સ્વચ્છતા અભિયાન અંતર્ગત જુદી-જુદી આઠ

સર્વેમાં ગુજરાતના કેટલાં નાગરિકોએ ભાગ લીધો તેના આંકડા જાહેર કરાયા નહીં, હવે 'વાસ્તવિકતા સ્વચ્છતા સર્વેક્ષણ'

જવારાજપાર્ક, સેટેલાઈટ, દાણીલીમડા અને નારોલ જેવા વિસ્તારોમાં કચરો, પ્રદૂષણ અને તીવ્ર દુર્ગંધથી લોકો ત

એસ જી હાઈવે પર ગુરૂદ્વારા પાસેની ઘટના

વૃદ્ધ દંપતિને છરી બતાવીને રિક્ષા ગેંગ દ્વારા સાડા પાંચ લાખના દાગીનાની લૂંટ

અમદાવાદ,સોમવાર

શહેરના બોડકદેવ વિસ્તારમાં રહેતું વૃદ્ધ દંપતિ ગાંધીગ્રામ રેલવે સ્ટેશનથી શટલ ઓટો રિક્ષામાં બેસીને રાતના સમયે ઘરે જતા હતા ત્યારે એસ જી હાઈવે ગુરૂદ્વારા પાસે રિક્ષામાં રહેલા માથાભારે લોકોએ છરી બતાવીને મારી નાખવાની ધમકી આપીને સાડા પાંચ લાખની કિંમતના સોનાના દાગીનાની લૂંટ કરી હોવાની ઘટના સામે આવી છે. વસ્ત્રાપુર પોલીસે સીસીટીવી ફુટેજના આધારે તપાસ શરૂ કરી છે.

દંપતી ગાંધીગ્રામ રેલવે સ્ટેશનથી રિક્ષામાં બેસીને બોડકદેવમાં આવેલા પોતાના ઘરે જઈ રહ્યા હતા

બોડકદેવ સિંધુ ભવન રોડ પર આવેલા જાનકી એપાર્ટમેન્ટમાં રહેતા ૬૭ વર્ષીય હજરીમલ પ્રજાપતિ તેમના પત્ની સાથે રાજસ્થાન પાલીમાં આવેલા પોતાના ગામ સામાજિક પ્રસંગમાં ગયા હતા. ગત ૨૪મી ઓક્ટોબરના રોજ રાજસ્થાનથી અમદાવાદ પરત આવ્યા હતા અને ગાંધીગ્રામ રેલવે સ્ટેશનથી રાતના આઠ વાગે શટલ રિક્ષામાં બેઠા હતા. આશરે સવા નવ વાગ્યાના સુમારે એસ જી હાઈવે ગુરૂદ્વારા પાસે આવ્યા ત્યારે રીક્ષાચાલકે હજરીમલને રીક્ષામાં આગળ બેસાડ્યા હતા. જ્યારે પાછળ બેઠેલા અન્ય એક વ્યક્તિએ હજરીમલની પત્નીને છરી બતાવીને તેમના થેલાની લૂંટ કરી હતી અને ઉતારીને નાસી ગયા હતા. થેલામાં રૂપિયા સાડા પાંચ લાખની કિંમતના સોનાના દાગીના હતા. આ અંગે વસ્ત્રાપુર પોલીસે સીસીટીવી ફુટેજના આધારે તપાસ શરૂ કરી છે.

વધારાની ફી મુદ્દે વધુ એક ખાનગી યુનિ. સામે ફી કમિટીમાં ફરિયાદ

અમદાવાદ,સોમવાર

ફી રેગ્યુલેશન કમિટી દ્વારા નક્કી કરાયેલી ફી કરતા વધુ ફી લેવાતી હોવાની ફરિયાદ થોડા દિવસ પહેલા રાજકોટની દર્શન યુનિ.સામે કમિટીને કરાઈ હતી. ત્યારબાદ ફી કમિટીએ આ યુનિ.ને શો કોઝ નોટિસ આપી હતી. જો કે હજુ સુધી યુનિ.સામે કોઈ પગલાં લેવાયા નથી કે કોઈ કાર્યવાહી થઈ નથી. દરમિયાન હવે ગાંધીનગર યુનિવર્સિટી સામે ખોટી રીતે ફી વસુલાતી હોવાની ફરિયાદ ઉઠી છે. ફી કમિટીને લેખિત ફરિયાદ કરવામા આવી છે કે ગાંધીનગર યુનિ.દ્વારા બી.ઈમાં એઆઈના કોર્સમાં આ વર્ષે નક્કી કરાયેલા ૭૧૬૬૨ રૂપિયાની વાર્ષિક ફી સામે ૩૨૩૩૮ રૂપિયા વધુ ફી લેવાઈ રહી છે.

પ્રથમ સેમેસ્ટરમાં જ ૫૨ હજાર ફી લેવાતા વાર્ષિક ૧.૦૪ લાખ ફી થાય છે.જ્યારે કમ્પ્યુટર સાયન્સના કોર્સમાં સેમેસ્ટર દીઠ ૪૧૧૨૫ રૂપિયા ફી લેવાતા વાર્ષિક ૮૨૨૫૦ ફી રૂપિયા થાય છે.આમ આ કોર્સમાં ૧૦૫૮૮ રૂપિયા વધુ લેવાઈ રહી છે.

હોસ્ટેલમાં રહેતી (છેલ્લા પાનાનું ચાલુ)

છે, ૬.૯ લાખ લોકો દર્દશામક દવાઓના અને ૪.૮ લાખ લોકો ગાંજાના વ્યસની છે. અસરગ્રસ્ત વ્યક્તિઓમાંથી ૧૦ ટકાથી પણ ઓછા લોકો સક્રિયપણે પુનર્વસન પ્રક્રિયામાં જોડાય છે તેવી વિગતો નેશનલ મેન્ટલ હેલ્થ સર્વે ઓફ ઈન્ડિયાના અભ્યાસમાં ખુલી છે. ગુજરાતમાં ૮૦ ટકા દારૂના અને ૨૦ ટકા નશીલા પદાર્થના વ્યસની હતાં તે સંખ્યા કોરોના પછી ૬૦ ટકા અને ૪૦ ટકા થઈ છે. નશો કરવા માટેની જિજ્ઞાસા, સાથીઓનું દબાણ, તણાવ દૂર કરવાનો પ્રયાસ આદતમાં પરિણમે તે પછી નશા ઉપર નિયંત્રણ મુશ્કેલ બને છે. પરિવારનો સતત સહયોગ, લાગણી, કાળજી અને હૂંફ જ આવનારી પેઢીને નશાની ચૂંગાલમાંથી મુક્ત કરાવી શકે છે.

બાળક વધુ એકલવાયું, સતત ખુશ અને બહાર રહેવા લાગે, જૂઠું બોલતું જણાય તો ચેતી જજો

બાળકને ખુશ જોઈને સ્વજનો ખુશ થાય. પણ, સારવાર કરતાં સૂત્રો કહે છે કે, જો બાળક વધુ એકલવાયું રહેવા લાગે, બહાર રહેવા લાગે, જૂઠું બોલતું અને સતત ખુશ રહેતું જણાય તો ચેતવું જરૂરી છે. નશાની આદત પડી ગઈહોય તો સ્વતંત્રતા મેળવવા માટે બાળક ગમે તે હદે જાય છે.

ડી-એડિક્શન પછી રિ-એડિક્શનઃ સારવાર પછી પણ ફરી નશાના રવાડે ચડવાની સમસ્યા

નશીલા પદાર્થોમાંથી બાળકને મુક્ત કરાવવા ડી-એડિક્શન સેન્ટરમાં મોકલાય છે પણ ચોંકાવનારી બાબત એ છે કે, સારવાર પછી બાળક ફરી નશાના રવાડે ચડી જતાં હોય તેવી ટકાવારી ચિંતાજનક રીતે વધી છે. રાજ્યમાં ડી-એડિક્શન પછી રિ-એડિક્શનની ટકાવારી ૨૦ ટકા જેવી છે.

ડ્રગ્સ માટે ઘરમાં ચોરી, ઝઘડા, મારામારીની ઘટના સામે લાચાર પરિવાર પણ પિડાય છે

નશાની લત પૂરી કરવા ધમપછાડા કરતું બાળક ઘરમાં ચોરી, ઝઘડા કે મારામારી સુધી પહોંચી જવાના કિસ્સા વધી રહ્યાં છે અને બાળક સામે લાચાર પરિવારો પણ પિડાય છે. નશાની સતત આદતની અસર ફેફસા, હૃદય અને નાના મગજને થાય છે. નશો ન મળે તો શરીર ઉપર જીવડાં ફરતા હોય તેવા અહેસાસથી બેકાબૂ બનવાની સ્થિતિ સર્જાય છે.

વાત વાતમાં

ન્યુઝ કે પીછે ક્યા હૈ ?

એક ચીની કહેવત છે કે 'સમાચાર તો એક પરદો છે, જે ઘણું બધું છૂપાવે છે.'

આ હિસાબે જોવા જઈએ તો અમુક સમાચારોની પાછળ કંઈક તો ગડબડ લાગતી જ હોય છે ! જેમકે...

* * *

એનવિડીયાના સીઈઓનાં તો વધુ બે લફરાં બહાર આવ્યાં !

- એક મિનિટ, હવે આ જાસૂસી કોણે કરી ? અમેરિકન મિડીયાએ જ ને !

* * *

સીંગતેલનું ઉત્પાદન સ્થિર છે, બજારમાં ડિમાન્ડ સ્થિર છે, છતાં સીંગતેલના ડબ્બાનો ભાવ વધતો જ જાય છે !



- કેમકે બિચારી પ્રજા સ્થિર છે ! (જ્યાં હતી ત્યાં જ છે.)

* * *

ઝાઝી પબ્લિસીટી વિના પણ સોનિયા ગાંધીની આત્મકથાના પુસ્તકનું ધૂમ વેચાણ થઈ રહ્યું છે !

'રામાયણ'ની કમાણીના આંકડાની જેમ કોંગ્રેસીઓની 'ગીતા'ના આંકડા પણ બહાર પાડવા જોઈએ ! શું કહો છો...

* * *

લોરેન્સ બિશ્નોઈની ગેંગે કેજરીવાલને જાનની ધમકી આપીને સાત કરોડ રૂપિયા માગ્યા છે !

- બિચારા લોરેન્સ બિશ્નોઈને ખબર જ નથી કે લિકર સ્કેમમાં કેજરીવાલ ખરેખર કેટલા કરોડ કમાઈને બેઠા છે...

* * *

દિવાળીના તહેવારોમાં ભારતની પ્રજાએ બાવન ટન જેટલું સોનું ખરીદ્યું !

- હવે આમાં 'કોણ કહે છે ભારતમાં ગરીબી છે ?' એવા મેસેજો ના કરાય, સમજ્યા ?

* * *

કરણ જોહર ફરિયાદ કરે છે કે આજના એકટરો એકિટંગ સિવાય ફિલ્મ-મેકીંગની તમામ બાબતોમાં માથું મારે છે !

- હા, પણ રાજકારણમાં માથું મારે એની સામે તો કોઈ ફરિયાદ નથી ને ? હોય તો બોલો.

* * *

અમેરિકાએ ઓફર આપી છે કે જો યુક્રેન પોતાની જમીનનો અમુક ભાગ રશિયાને સોંપી દે તો તેને 'નાટો'નું સભ્યપદ મળી શકે !

- અલ્યા, જે દુઃખે જોગી થયા એ તો ત્યાંનું ત્યાં જ ! ભૈશાબ, યુક્રેન 'નાટો'માં જવા થનગનતું હતું એમાં જ તો આખું યુધ્ધ શરૂ થયેલું !

- મન્નુ શેખચલ્લી

જાહેર નોટિસ

જત ડીસ્ટ્રીક્ટ અમદાવાદના રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીક્ટ અને તાલુકા ઘાટલોડીયાના મોજે સોલા ગામની સીમના સર્વે/બ્લોક નંબર-૬૯૩/૧ ની કુલ ૯૫૧૦ચોરસમીટર જમીનનો સમાવેશ ટી.પી. સ્કીમ નં-૪૧(સોલા-હેબતપુર)માં થતા તેને ફાળેવલ ફાઈનલ પ્લોટ નં-૭/૧ ની કુલ ૫૭૦૬ ચોરસમીટર બીનખેતીની જમીન પૈકી ૩૯૫૩.૫૦ ચોરસમીટર રહેણાંક હેતુ સારૂની બીનખેતીની જમીન ઉપર આવેલ અક્ષત વિલા નામની રહેણાંક બંગલાની સ્કીમમાં આવેલ સી ટાઈપના બંગલાઓ પૈકી બંગલા નં-૧૭ ની આશરે ૧૭૯.૭૬૫ ચોરસમીટર જમીન(કોમન રોડ રસ્તા સહિતની) તથા તેના ઉપર મંજુર થયેલ પ્લાન મુજબની આશરે ૨૧૪.૧૬ ચો.મી બંગલાના બાંધકામવાળી મિલકત જોસ્નાબેન બીપીનભાઈ પટેલ તથા જશોદાબેન દિનેશભાઈ પટેલની સંયુક્ત માલીકી કબજા ભોગવટાની તમામ પ્રકારના બોજા રહિત આવેલી હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરી અમારી પાસે સદર મિલકતના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલીછે, જેથી સદર મિલકતમાં કોઈનો કોઈપણ જાતનો લાગ-ભાગ, હક્ક, હીત-હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૦૭ માં લેખિત પુરાવા સહિત રજી. એ.ડી. થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો જે તે વ્યક્તિનો પોષાતો લાગભાગ, હક્ક, હિસ્સો મિલકતના માલિકની તરફેણમાં જતો યાને વેવ કરેલ છે તેમ સમજી સદર મિલકતના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ ઈશ્યુ કરવાની આગળની કાર્યવાહી કરવામાં આવશે, અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી જેની તમામે નોંધ લેવી.

તારીખઃ-૧૭-૧૧-૨૦૨૬

અતુલકુમાર.કે.પટેલ એડવોકેટ,
૨૧૨,૨૧૪, ડ્રીમ રાઈઝ કોમ્પલેક્ષ, હેતાર્થ પાર્ટી પ્લોટની પાસે, સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ.
મો- ૯૯૨૪૨૩૧૨૪૩, ૯૮૨૪૮૩૩૨૯૧

જાહેર નોટિસ

જત રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ ખેડા સબ-ડિસ્ટ્રીક્ટ કપડવંજ ના તાલુકા કપડવંજ ના મોજે ભુતિયાની સીમના ખાતા નં.૧૮૮ માં ચાલતા સર્વે/બ્લોક નં.૨૩૮ ની ૨-૬૧-૦૩ હે. આરે. ચો. મી., આકાર રૂા.૫.૧૯ પૈસાના ક્ષેત્રફળવાળી જુની શરતની ખેતીની જમીન કેશરબેન તે વાઘાભાઈ જાલમજી ઝાલાની વિધવા, સોમસિંહ વાઘાભાઈ ઝાલા, રાવજીભાઈ વાઘાભાઈ ઝાલા, બુનીબેન તે બબાભાઈ જાલમજીની વિધવા, અમરતબેન તે બબાભાઈ જાલમજીની દિકરી, કાળીબેન તે મથુરભાઈ બબાભાઈની વિધવા, હિંમતભાઈ બબાભાઈ, સુમિત્રાબેન તે મથુરભાઈ બબાભાઈની દિકરી, ગણપતભાઈ મથુરભાઈ, કૈલાશબેન તે મથુરભાઈ બબાભાઈની દિકરી, અજયકુમાર મથુરભાઈ, ચંપાબેન રયજીભાઈ ઝાલાની વિ. પત્ની, લક્ષ્મીબેન રયજીભાઈ ઝાલાની દિકરી, વિજયભાઈ રયજીભાઈ ઝાલા નાઓની સંયુક્ત સહમાલિકી, સહકબજા-ભોગવટાની બોજાઓથી મુક્ત ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ આવેલી છે તેમ જણાવી તેઓએ અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરીને અમારી પાસે સદરહુ જમીનના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવાના અભિપ્રાય અંગેના સર્ટીફીકેટ ની માંગણી કરેલ છે તો સદરહુ જમીનમાં કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો હોય તો દિન-૭ (સાત) માં પ્રમાણીત પુરાવા સહિત લેખીતમાં રજી.એ.ડી. થી જાણ કરવી (પ્રમાણિત પુરાવા વગરનાં વાંધા ધ્યાને લેવાશે નહી) અને જો તેમ કરવામાં કસુર થશે તો કોઈ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, દાવો, બોજો, વાંધો ઈત્યાદી નથી અને જો હોય તો તે જતો (વેવ) કરેલ છે તેમ સમજી ટાઈટલ ક્લીયરન્સના અભિપ્રાય અંગેનું સર્ટીફીકેટ આપીશું ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી.

દિનેશ બી. પટેલ, એડવોકેટ
ઓફીસ : ૪૦૩ તથા ૪૦૪, બ્લોક-સી, ફોર્થ ફ્લોર, રેવતી પ્લાઝા, ભક્તિ સર્કલ પાસે, ઓફ એસ. પી. રીંગ રોડ, ન્યુ નિકોલ, અમદાવાદ-૩૮૦૦૪૯. મો. નં. ૯૮૭૯૦ ૫૭૨૯૦.

જાહેર નોટિસ

મોજે-ડભોડા

ડીસ્ટ્રીક્ટ ગાંધીનગર રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીક્ટ ગાંધીનગર (ઝોન - ૩) ગાંધીનગર તાલુકાના મોજે - ડભોડા ગામની સીમના રી-સર્વે મુજબના સર્વે નં.૩૬૫૯ (જુના સર્વે નં.૧૨૨૯) ની હે .આરે.ચો.મી. : ૦-૩૯-૩૩ પૈકી હે.આરે.ચો.મી. ૦-૧૯-૬૬.૫૦ ની ખેતીની જમીન ગૌરાંગ રવીન્દ્ર વ્યાસની સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અમારી પાસે ટાઈટલ્સ ક્લીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઈનો બોજો, ચાર્જ, ખેડહક્ક, ગણોતહક્ક, ઈઝમેન્ટ રાઈટસ કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ ક્લીયરન્સ અંગેનાં અભિપ્રાયનું પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૧૭-૧૧-૨૦૨૬

મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,
ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,
અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,
હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,
BALCHANDBHAI ASSOCIATES
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફ્લોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩

જાહેર નોટિસ

મોજે- હાજીપુર

ડીસ્ટ્રીક્ટ ગાંધીનગર રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીક્ટ કલોલ તાલુકાના મોજે - હાજીપુર ગામની સીમના રી-સર્વે મુજબના નવા બ્લોક નં.૧૭૩૦ (જુના બ્લોક નં.૨૮૫) ની કુલ હે.આરે.ચો.મી. : ૦-૦૯-૯૨ ની ખેતીની જમીન (૧) નટવરજી કરશણજી ઠાકોર, (૨) ભીખાજી રાંમાજી ઠાકોર, (૩) ઠાકોર નાગરજી ભલાજી, (૪) ઠાકોર મંછીબેન ભલાજી જુગાજીની વિધવા, (૫) ઠાકોર સીતાબેન તે વિસાજી જુગાજીની પુત્રી, (૬) બોરીબેન કરશણજી ઠાકોર તથા (૭) કોકીલાબેન રાંમાજી ઠાકોર તથા ની સંયુક્ત માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અનુ.નં.૧ તથા ૨ નાઓએ અમારી પાસે ટાઈટલ્સ ક્લીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઈનો બોજો, ચાર્જ, ખેડહક્ક, ગણોતહક્ક, ઈઝમેન્ટ રાઈટસ કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ ક્લીયરન્સ અંગેનાં અભિપ્રાયનું પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૧૭-૧૧-૨૦૨૬

મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,
ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,
અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,
હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,
BALCHANDBHAI ASSOCIATES
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફ્લોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩

જાહેર નોટિસ

મોજે- હાજીપુર

ડીસ્ટ્રીક્ટ ગાંધીનગર રજીસ્ટ્રેશન સબ-ડીસ્ટ્રીક્ટ કલોલ તાલુકાના મોજે - હાજીપુર ગામની સીમના રી-સર્વે મુજબના નવા બ્લોક નં.૧૭૩૭ (જુના બ્લોક નં.૨૮૭) ની કુલ હે .આરે.ચો.મી. : ૦-૦૯-૧૨ ની ખેતીની જમીન પૈકી હે.આરે.ચો.મી. :૦-૩૨-૯૭ની જમીન (૧) બોડીબેન આતાજી ઠાકોર, (૨) કેશીબેન અમરતજી ઠાકોર, (૩) રાજાજી અમરતજી ઠાકોર, (૪) કનુજી પ્રહલાદજી ઠાકોર, (૫) ભરતજી પ્રહલાદજી ઠાકોર, (૬) ઠાકોર સીતાબેન વીસાજી, (૭) કાંતાબેન આતાજી ઠાકોર, (૮) જલાજી આતાજી ઠાકોર,(૯) સૂર્યાબેન અમરતજી ઠાકોર તથા (૧૦) ગીતાબેન પ્રહલાદજી ઠાકોરની સંયુક્ત માલિકી, કબજા, ભોગવટાની તમામ પ્રકારના બોજાઓથી તેમજ કાનુની વિવાદોથી મુક્ત હોવાનું જણાવીને અ.નં.૧ થી ૫ નાઓએ અમારી પાસે ટાઈટલ્સ ક્લીયરન્સ અંગેના અભિપ્રાયની માંગણી કરેલ છે, સદરહુ જમીન ઉપર કોઈનો બોજો, ચાર્જ, ખેડહક્ક, ગણોતહક્ક, ઈઝમેન્ટ રાઈટસ કે અન્ય કોઈપણ પ્રકારનો કબજા હક્ક કે લાગભાગ યાને હક્ક હિસ્સો પોષાતો હોય તો અમોને નીચેના સરનામે દિન-૭ માં લેખીત પુરાવા સહિત રજી.એ.ડી.થી જાણ કરવી અને તેમ કરવામાં નહી આવે તો સદર જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક રહેલો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદર જમીનનું ટાઈટલ ક્લીયરન્સ અંગેનાં અભિપ્રાયનું પ્રમાણપત્ર આપીશું અને તે પછીથી કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહી.

તા.૧૭-૧૧-૨૦૨૬

મનીષ કનુભાઈ પટેલ, એડવોકેટ,
ચિરાગ દશરથભાઈ પટેલ, એડવોકેટ,
અમીત દશરથભાઈ પટેલ, એડવોકેટ,
હેત શંકરભાઈ પટેલ, એડવોકેટ,
BALCHANDBHAI ASSOCIATES
ઠે. એ / ૨૦૨, સેકન્ડ ફ્લોર, એસ. જી. બીઝનેશ હબ, ગોતા ઓવરબ્રિજ પાસે, એસ.જી. હાઈવે, ગોતા, અમદાવાદ.
મો.૯૮૭૯૩૪૪૩૩૩

વાચકોએ નોંધ લેવી કે કોઈપણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંયેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.
- જાહેરખબર મેનેજર

Owned by Lok Prakashan Limited for Ahmedabad Edition, Printer & Publisher Shri Shreyansh S. Shah Printed at (1) prajabandhu press, khanpur, Ahmedabad-380001 (2) Nilgiri press, satelite,Ahmedabad- 380059 and Published from Gujarat Samachar Bhavan Khanpur, Ahmedabad. Founder Editor: Lt. Shantilal A.Shah
Regd.NI.GAMC 28

વાચકોના નોંધ

ધોળકિયા : સ્વ. પ્રભાકરભાઈ જાદવરાય ધોળકિયાનું બેસણું, સદવિચાર પરિવાર, બી.આર.ટી.એસ. બસ સ્ટોપની સામે, રામદેવનગર, સેટેલાઈટ રોડ ખાતે, સાંજે પથી ૭.

લોક પ્રકાશન લી. અમદાવાદ વતી મુદ્રક, પ્રકાશક શ્રી શ્રેયાંસ શાંતિલાલ શાહે (૧) પ્રજાબંધુ પ્રેસ, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧. (૨) નીલગીરી પ્રેસ, સેટેલાઈટ, અમદાવાદ- ૩૮૦૦૫૯ ખાતે છાપ્યું અને ગુજરાત સમાચાર ભવન, ખાનપુર ખાતેથી પ્રસિધ્ધ કર્યું. અધિષ્ઠાપક તંત્રી : સ્વ. શાંતિલાલ અ. શાહ
Regd. NI. GAMC 28

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું જત ડિસ્ટ્રિક્ટ અમદાવાદ, સબ ડિસ્ટ્રિક્ટ અમદાવાદ-૩(મેમનગર) અને તાલુકા ઘાટલોડીયાનાં ગામ બોડકદેવની સીમના એકત્રીત સર્વે નંબર - ૧૩૩ પૈકી સબ પ્લોટ નંબર- ૫/એ તથા ૫/બી જેનો સમાવેશ ટી.પી. સ્કીમ નં. ૫૧ માં કરવામાં આવતા ઉપરોક્ત સબ પ્લોટને ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નં. ૧૫૨/૫/એ+૧૫૨/૫/બી ની કુલ ક્ષેત્રફળ ૮૬૯૯.૮૨ સમચોરસમીટરની બીનખેતીની જમીન ઉપર આવેલ 'પુષ્પ' નામની યોજના ના સબ-પ્લોટ નં. એ/૧૫ ની ૫૬૬.૭૦ સમચોરસમીટરની જમીન તથા તેના પર કરવામાં આવેલ બાંધકામ તથા રોડ, રસ્તા, કોમન પ્લોટની વગર વહેંચાયેલ ૧૮૦ સમચોરસમીટર જમીન મળી કુલ ૭૪૬.૭૦ સમચોરસમીટર યાને કે ૮૯૩.૩૭ સમચોરસવાર વાળી મિલકત જેના માલિક (૧) શ્રી રાજેન્દ્રકુમાર બબલદાસ પ્રજાપતિ (૨) શ્રીમતી મીનાબેન રાજેન્દ્રકુમાર પ્રજાપતિના કબજા ભોગવટામાં આવેલ સદરહુ મિલકત બોજા રહિત હોવાનું જણાવીને અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે તથા અમારા અસીલે અમારી પાસે ટાઈટલ ક્લીયર, માર્કેટેબલ તથા સદરહુ મિલકત બોજા રહિત હોવા બદલના પ્રમાણપત્ર ની માંગણી કરેલ છે તો ઉપરોક્ત મિલકત ઉપર અન્ય કોઈ શખ્શ નો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિત-હિસ્સો દાવો કે બોજો હોય તો તેઓએ આ નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૧૫(પંદર) માં અમો એડવોકેટ ના સરનામે લેખિત માં તે બદલના દસ્તાવેજી પુરાવા સહિત ની જાણ નીચેના સરનામે સ્પીડ પોસ્ટથી કરવી. જો તેમ કરવામાં નહીં આવે તો ઉપરોક્ત મિલકત ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ હક્ક હિત, દાવો કે બોજો નથી અને જો હોયતો તમામે તેમનો હક્ક હિસ્સો વેવ(જતો) કરેલ સમજી ટાઈટલ ક્લીયરન્સ અંગેનું સર્ટીફિકેટ આપશું અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી જેની જાહેર જનતા એ નોંધ લેવી.

તા: ૧૩/૧૧/૨૦૨૬

જેનીશ ડી. રૂપારેલિયા(એડવોકેટ)
દિગંત બી.કક્કડ (એડવોકેટ)
ડી.એસ. રૂપારેલિયા એન્ડ એસોસીએટ્સ
૧૯૦૬, Z2, બાગબાન પાર્ટી પ્લોટ સામે, ઝાયડસ રોડ, થલતેજ, અમદાવાદ-૩૮૦૦૫૯.
મો.નં : +૯૧-૯૬૬૪૬૧૪૦૬૫

જાહેર નોટિસ

આથી જાહેર નોટીસ આપી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ અમદાવાદ સબ ડીસ્ટ્રીક્ટ અને તાલુકા બાવળાનાં મોજે ગામ બાવળાની સીમના રેવન્યુ સર્વે નંબર ૪૦૫૯ (જુના રેવન્યુ સર્વે નંબર ૧૨૮૭ પૈકી) ની કુલ સમચોરસમીટર ૬૪૪૩ની જમીન, રેવન્યુ સર્વે નંબર ૪૦૬૦ (જુના રેવન્યુ સર્વે નંબર ૧૨૮૮/ ૧/૧) ની કુલ સમચોરસમીટર ૧૧૧૩ની જમીન તથા રેવન્યુ સર્વે નંબર ૪૦૬૧ (જુના રેવન્યુ સર્વે નંબર ૧૨૮૮/૧/૨ પૈકી) ની કુલ સમચોરસમીટર ૭૦૫ ની જમીન એમ મળી કુલ સમચોરસમીટર ૮૨૬૧ ની જમીન., અમરદીપ રાઈસમીલ બાવળા એ નામની ભાગીદારી પેઢીની કુલ સ્વતંત્ર સંયુક્ત માલીકીપણા અને કબજા ભોગવટાની તથા બોજા રહીત હોવાનું જણાવી અમરદીપ રાઈસમીલ બાવળા એ નામની ભાગીદારી પેઢીના વહીવટકર્તા ભાગીદાર શ્રી ઈશ્વરભાઈ ગોરધનભાઈ પટેલએ અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે., અને અમારા અસીલે અમારી પાસે સદર જમીનના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. અમરદીપ રાઈસમીલ બાવળા એ નામની ભાગીદારી પેઢીના વહીવટકર્તા ભાગીદાર શ્રી ઈશ્વરભાઈ ગોરધનભાઈ પટેલ આથી જણાવે છે કે, અમરદીપ રાઈસમીલ બાવળા એ નામની ભાગીદારી પેઢીએ સદર જમીન ઉપર કોઈપણ બેંક, વ્યક્તિ, પેઢી કે ખાનગી સંસ્થા પાસેથી લોન ધિરાણ મેળવી બોજો ઉત્પન્ન કરેલ નથી કે હાલમાં ચાલુ નથી., તેમજ સદરહુ જમીન અન્ય કોઈપણ ત્રાહિત વ્યકિત શખ્સને લખી આપી ટ્રાન્સફર એસાઈન કરેલ નથી કે સદર જમીનમાં હાલ કોઈપણ જાતની રેવન્યુ તકરારો કે દિવાની તકરારો ચાલતી નથી કે પેન્ડીંગ નથી કે કોઈપણ જાતનું હુકમનામું થયેલ નથી કે મનાઈ હુકમ ચાલુ નથી., તેમજ સદર જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક હીત, હીસ્સો, દાવો, અલાખો, બોજો, ચાર્જ, લીયન હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં અમોને લેખિત પુરાવાઓ સહીત રજી.એ.ડી.થી નીચે જણાવેલ સરનામે જાણ કરવી અને જો તેમ કરવામાં કસુર થશે તો મુદત વીતે સદર જમીનમાં અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હીત, હીસ્સો, દાવો, અલાખો, બોજો, ચાર્જ, લીયન નથી અને જો હોય તો તે જતો કર્યો છે તેમ સમજી સદર જમીનનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે., અને ત્યારબાદ સદર જમીન અમારા અસીલ વેચાણ રાખવા અંગેની કાર્યવાહી હાથ ધરશે., તો ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં, તેની જાહેર જનતાએ નોંધ લેવી.

અમદાવાદ

તારીખઃ- ૧૬/૧૧/૨૦૨૬

નેહલ એન. શાહ એસોસીએટ્સ
સૌરિન રાજેશભાઈ શાહ
એડવોકેટ
૪૦૮, શાંતિમોલ, નવરંગ ટાવર સામે, સાર્થક સ્કુલ પાસે, સત્તાધાર ચાર રસ્તા પાસે, ઘાટલોડીયા, અમદાવાદ.
મો.નં.- ૭૯૮૪૯૩૦૧૩૭

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ ગાંધીનગરના સબ-ડિસ્ટ્રીક્ટ તથા તાલુકા કલોલના ગામ મોજે ઉનાલીની સીમનાં રી-સર્વે અનુસારનાં નવા બ્લોક નંબર ૧૪૬ (જુના બ્લોક નંબર-૨૧

૨૦૨૬ના પ્રથમ ૧૦ મહિનામાં ૭૭ વિદેશી કંપનીઓની નોંધણી થઈ

કંપનીઓની નોંધણીમાં ૧૬ ટકાનો વધારો

અમદાવાદ, તા. ૧૬

૨૦૨૬માં નવા વ્યવસાયો શરૂ કરવા અને તેની સત્તાવાર નોંધણી કરાવવાની દોડે વેગ પકડ્યો છે. વર્ષના પ્રથમ ૧૦ મહિનામાં ૩,૨૨,૧૩૧ કંપનીઓ અને લિમિટેડ લાયેબિલિટી પાર્ટનરશિપ (LLP)ની નોંધણી થઈ છે, જે ગયા વર્ષના સમાન સમયગાળા કરતા ૫૭,૨૩૦ વધુ છે. આ ઉછાળામાં LLPની નોંધણી સૌથી આગળ રહી છે, જેમાં ૩૬.૭%નો જંગી વધારો નોંધાયો છે, જ્યારે કંપનીઓની નોંધણીમાં ૧૬%નો વધારો થયો છે.

LLPની નોંધણીમાં ૩૬.૭%નો જંગી વધારો : સરકારના વ્યવસાયની નોંધણી સરળ બનાવવા અને નિયમનકારી જરૂરિયાતો ઘટાડવાના પગલાંની અસર



કોર્પોરેટ બાબતોના મંત્રાલયના તાજેતરના આંકડા મુજબ, જાન્યુઆરીથી ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન ૨,૨૩,૭૬૬ ભારતીય કંપનીઓની નોંધણી થઈ હતી, જે એક વર્ષ અગાઉ ૧,૯૨,૯૪૪ હતી. આ જ સમયગાળા દરમિયાન LLPની નોંધણી ૭૧,૮૨થી વધીને ૯૮,૨૮૮ પર પહોંચી ગઈ છે. આ ઉપરાંત, ૭૭ વિદેશી કંપનીઓની નોંધણી થઈ હતી, જે એક વર્ષ પહેલા ૭૫ હતી.

નિષ્ણાતો LLPમાં થયેલી ઝડપી વૃદ્ધિનું શ્રેય આંશિક રીતે તેના સરળ માળખાને આપે છે. કંપનીઓની સરખામણીમાં LLPનું સંચાલન કરવું સામાન્ય રીતે સરળ છે અને તેમાં નિયમોના પાલનની (કમ્પ્લાયન્સ) જરૂરિયાતો પણ ઓછી હોય છે. આ બાબત તેને વ્યાવસાયિકો, કન્સલ્ટન્ટ્સ અને નાના વ્યવસાયો માટે આકર્ષક બનાવે છે.

સરકારે વ્યવસાયની નોંધણી સરળ બનાવવા અને નિયમનકારી જરૂરિયાતો ઘટાડવા માટે પણ પગલાં લીધાં છે. આમાં ઓનલાઈન ઈન્કોર્પોરેશન સિસ્ટમ અને નાની કંપનીઓ માટેની ઉચ્ચ મર્યાદાઓનો સમાવેશ થાય છે, જે વધુ વ્યવસાયોને નિયમનકારી છૂટછાટોને પાત્ર શ્રેણી હેઠળ લાવે છે.

ટેક્નોલોજી, વેપાર અને પ્રોપર્ટી ક્ષેત્રે મોટી સંખ્યામાં નવા વ્યવસાયોને આકર્ષ્યા છે. જાન્યુઆરીથી ઓક્ટોબર સુધીના કોર્પોરેટ બાબતોના મંત્રાલયના નોંધણી રેકોર્ડ્સ દર્શાવે છે કે કમ્પ્યુટર પ્રોગ્રામિંગ અને કન્સલ્ટન્સી અગ્રણી પ્રવૃત્તિઓમાં સામેલ છે, ત્યારબાદ હોલસેલ વેપાર, રિયલ એસ્ટેટ અને રિટેલ વેપારનો ક્રમ આવે છે. શિક્ષણ, બાંધકામ અને ફૂડ મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રો પણ મુખ્યત્વે જોવા મળે છે.

નવી નોંધણીઓમાં થયેલા વધારાની સાથે સ્ટ્રાઇક-ઓફ (નોંધણી રદ કરવાની) પ્રક્રિયા દ્વારા વ્યવસાય બંધ કરવા માંગતી કંપનીઓ અને LLPની સંખ્યામાં પણ વધારો થયો છે. ૨૦૨૬ના પ્રથમ ૧૦ મહિનામાં સ્ટ્રાઇક-ઓફ માટે સૂચિબદ્ધ સંસ્થાઓની સંખ્યા વધીને ૨૬,૮૪૫ થઈ ગઈ છે, જે ગયા વર્ષના સમાન સમયગાળામાં ૨૧,૬૦૧ હતી. આમાં કંપનીઓના કેસ ૧૬,૨૭૪થી વધીને ૨૧,૪૦૦ થયા છે, જ્યારે LLPના કેસ ૫,૩૨૭થી થોડા વધીને ૫,૪૪૫ થયા છે.

વ્યવસાય બંધ કરવાની સરળ પ્રક્રિયાઓ નિષ્ક્રિય વ્યવસાયોને તેમના રેકોર્ડ્સ ક્લિયર કરવા માટે પ્રોત્સાહિત કરી રહી હોઈ શકે છે. સરકારે ૨૦૨૩માં સેન્ટર ફોર પ્રોસેસિંગ એક્સિલરેટેડ કોર્પોરેટ એક્ઝિટની સ્થાપના કરી હતી, જેનાથી સ્વૈચ્છિક રીતે કંપની બંધ કરવાનો સરેરાશ સમય બે વર્ષથી વધુ હતો તે ઘટીને બે મહિનાથી પણ ઓછો થઈ ગયો છે.

ઓગસ્ટ ૨૦૨૪માં LLP બંધ કરવાની અરજીઓને પણ કેન્દ્રિયકૃત પ્રક્રિયા હેઠળ લાવવામાં આવી હતી. કોર્પોરેટ લોઝ (સુધારા) બિલ ૨૦૨૬, કંપનીઓને ઝડપથી બંધ કરવાની સુવિધા આપવા માટે સ્વૈચ્છિક સ્ટ્રાઇક-ઓફ પ્રક્રિયાને વધુ સરળ બનાવવાનો પ્રસ્તાવ મૂકે છે.

ખાદ્યતેલનું આયાત બિલ ૨૪ ટકા વધી રૂપિયા બે લાખ કરોડ પહોંચ્યું

મુંબઈ, તા. ૧૬



ઓક્ટોબરમાં સમાપ્ત થયેલા ઓઈલ યરમાં દેશનું ખાદ્ય તેલનું આયાત બિલ વાર્ષિક ધોરણે ૨૪ ટકા વધી રૂપિયા ૨ લાખ કરોડ જેટલુ વિક્રમી રહ્યાનું તેલ ઉદ્યોગની સંસ્થા દ્વારા જારી કરાયેલા નિવેદનમાં જણાવાયુ છે. ક્રુડ પામ ઓઈલની ઊંચી આયાતને પરિણામે એકંદર આયાત બિલમાં વધારો જોવા મળ્યો હોવાનું સોલવન્ટ એક્સ્ટ્રેક્ટર્સ' એસોસિએશન ઓફ ઈન્ડિયા (સી)એ જણાવ્યુ હતું. રિફાઈન્ડ ઓઈલની આયાતમાં ગત વર્ષમાં ઘટાડો નોંધાયો છે.

ભારતની ખાદ્ય તેલની આયાત વાર્ષિક ધોરણે ૬ ટકા વધી ૧.૬૯ કરોડ ટન રહી છે તથા આયાત બિલ ૨૪ ટકા વધી રૂપિયા ૨ લાખ કરોડ રહ્યાનું સી દ્વારા જણાવાયુ હતું. આયાત બિલમાં વધારો થવા પાછળનું કારણ ડોલર સામે રૂપિયાની નબળાઈ તથા વિશ્વ બજારમાં ખાદ્ય તેલના ઊંચા ભાવ હોવાનું પણ માનવામાં આવે છે. અમેરિકા-ઈરાન યુદ્ધને કારણે વિશ્વ બજારમાં ખાદ્ય તેલના ભાવ ઊંચકાયા હતા.

નવેમ્બરથી ઓકટોબર (૨૦૨૪-૨૫) ઓઈલ યરમાં ખાદ્ય તેલની આયાત ૧.૬૦ કરોડ ટન રહી હતી જેનું બિલ રૂપિયા ૧,૬૧,૧૨૬ કરોડ રહ્યુ હતું. નોન-એડીબલ ઓઈલ સહિત વનસ્પતિ તેલની કુલ આયાત પાંચ ટકા વધી ૧.૭૨ કરોડ ટન રહી હતી, જે નવેમ્બરથી ઓકટોબર (૨૦૨૪-૨૫) ઓઈલ યરમાં ૧.૬૩ કરોડ ટન જોવા મળી હતી.

ઘરઆંગણે પૂરવઠા કરતા માગ ઊંચી રહેતા ભારતે ખાદ્ય તેલની આયાત કરવાની ફરજ પડી રહી છે. છેલ્લા બે દાયકામાં ખાદ્ય તેલના આયાત વોલ્યુમમાં ૨.૮૦ ગણા જેટલો વધારો થયો છે જ્યારે ખર્ચમાં ૧૫ ગણો વધારો થયાનું પણ સી દ્વારા જણાવાયું છે.૨૦૨૪-૨૫ ઓઈલ યરમાં રિફાઈન્ડ ઓઈલ યરની આયાત જે ૧૭.૪૦ લાખ ટન રહી હતી તે ૨૦૨૫-૨૬ના વર્ષમાં ઘટી ૮.૨૦ લાખ ટન રહી હતી.

કુલ આયાતમાં તેમનો હિસ્સો ૧૧ ટકા પરથી ઘટી પાંચ ટકા પર આવી ગયો છે. આ પાછળનું કરાણ ઈન્ડોનેશિયા તથા મલેશિયા ખાતેથી રિફાઈન્ડ પામોલિનની સાધારણ આયાત રહ્યું છે.

આયાતમાં પામ આઈલનો હિસ્સો ૪૭ ટકા પરથી વધી ૪૯ ટકા રહ્યો હતો. ૧લી નવેમ્બરના ખાદ્ય તેલનો ઓપનિંગ સ્ટોક ૧૩.૫૦ લાખ ટન રહ્યાનો પણ સી દ્વારા અંદાજ મુકાયો છે.


ક્રુડ પામ ઓઈલની ઊંચી આયાત ઉપરાંત રૂપિયાની નબળાઈથી ઈમ્પોર્ટ કોસ્ટ વધી

નવી મોસમમાં ખાંડનું ઉત્પાદન ૧૫ નવેમ્બર સુધીમાં બમણાથી પણ વધુ રહ્યું

મુંબઈ, તા. ૧૬

ઓક્ટોબરથી શરૂ થયેલી નવી ખાંડ મોસમમાં ૧૫ નવેમ્બર સુધીમાં સાકરનું ઉત્પાદન ગઈ મોસમના સમાનગાળાની સરખામણીએ ૨૩.૫૯ લાખ ટન સાથે બમણાથી પણ વધુ રહ્યુ છે.

ખાંડ મિલોએ શેરડીની પિલાણ કામગીરી વહેલી શરૂ કરી



સરકારના અનુરોધ બાદ વર્તમાન વર્ષે ખાંડ મિલોએ શેરડીની પિલાણ કામગીરી વહેલી શરૂ કરી દીધી હતી. ગઈ મોસમના ૧૫ નવેમ્બર સુધીમાં ઉત્પાદન આંક ૧૧.૪૯ લાખ ટન રહ્યો હતો, એમ ઈન્ડિયન સુગર એન્ડ બાયો એનર્જિ મેન્યુફેક્ચરર્સ એસોસિએશન (ઈસ્મા)ના સુત્રોએ જણાવ્યુ હતું.

દેશમાં ખાંડના સૌથી મોટા ઉત્પાદક મહારાષ્ટ્ર રાજ્યમાં ખાંડનું ઉત્પાદન વર્તમાન વર્ષમાં ત્રણ ગણાથી વધુ વધી ૧૮.૫૧ લાખ ટન રહ્યુ છે જે ગયા વર્ષના સમાન ગાળામાં ૫.૨૫ લાખ ટન રહ્યુ હતું. મહારાષ્ટ્રમાં શેરડી પિલાણ કામગીરી ૮ ઓકટોબરથી શરૂ થઈ ગઈ હતી અને ૧૫ નવેમ્બરના ૧૫૪ મિલો કાર્યરત હતી જે ગયા વર્ષે ૧૩૨ હતી.

દેશમાં સાકરના બીજા મોટા ઉત્પાદક રાજ્ય ઉત્તર પ્રદેશમાં ઉત્પાદન ઘટી ૨.૧૦ લાખ ટન રહ્યુ હતું જે ગયા વર્ષે સમાન ગાળામાં ૪.૨૫ લાખ ટન જોવા મળ્યુ હતું. ઉત્તર પ્રદેશમાં ગયા વર્ષે ૮૮ મિલો કાર્યરત હતી જે વર્તમાન વર્ષમાં ૮૦ મિલો રહી છે.

દેશમાં શેરડી પિલાણની કામગીરી હાલમાં ચાલી રહી છે અને કુલ ૩૧૩ મિલો કાર્યરત છે એમ ઈસ્મા દ્વારા જારી એક નિવેદનમાં જણાવાયુ હતું.

કર્ણાટક તથા ઉત્તર પ્રદેશમાં વધુ મિલો ટૂંક સમયમાં પિલાણ કામગીરી શરૂ કરવા સાથે ઉત્પાદનમાં ગતિ આવવાની અપેક્ષા છે. સપ્ટેમ્બરમાં સમાપ્ત થયેલી ૨૦૨૫-૨૬ની ખાંડ મોસમમાં ઈથેનોલ તરફ વાળ્યા બાદ ખાંડનું કુલ ઉત્પાદન ૨૯.૩૦ લાખ ટન રહ્યુ હોવાનો અંદાજ છે.

શક્તિશાળી અલ નિનોને કારણે વર્તમાન વર્ષનું ચોમાસુ દાયકાનું સૌથી નબળું રહ્યું છે જેને પરિણામે વિશ્વમાં ખાંડના બીજા મોટા ઉત્પાદક ભારતમાં શેરડીનો પાક ઓછો ઊતરવાનો અંદાજ મુકાઈ રહ્યો છે.

ભારતીય શેરબજાર રી-રેટિંગ માટે પાત્ર

એક વર્ષમાં બીએસઈ સેન્સેક્સ ૯૫૦૦૦ પહોંચવાની ધારણા

મુંબઈ, તા. ૧૬

ભારતીય શેરબજાર હાલમાં રી-રેટિંગ કરી શકાય તેવી સ્થિતિમાં છે અને ડિસેમ્બર ૨૦૨૭ સુધીમાં બેન્ચમાર્ક ઈન્ડેક્સ બીએસઈ સેન્સેક્સ ૯૫૦૦૦ની સપાટીએ પહોંચી શકે છે એમ રિસર્ચ સંસ્થા મોર્ગન સ્ટેન્લીએ તેના રિપોર્ટમાં જણાવ્યું છે.

આઈટી સેવા ક્ષેત્ર ડાર્ક હોર્સ પૂરવાર થઈ શકવાનો મોર્ગન સ્ટેન્લીનો મત



આગામી એક વર્ષમાં સેન્સેક્સ હાલના સ્તરેથી ૧૬ ટકા જેટલો ઉપર જઈ શકે છે. સેન્સેક્સ ૯૫૦૦૦ની સપાટીએ પહોંચવાની શકયતા ૫૦ ટકા જેટલી છે.

એકદમ તેજીના કિસ્સામાં સેન્સેક્સ ૧,૦૫,૦૦૦ જ્યારે મંદીના કિસ્સામાં ૬૮૦૦૦ સુધી જઈ શકે છે. જો કે મંદીની સ્થિતિની શકયતા વીસ ટકા જ છે.

ઘરઆંગણે મજબૂત આર્થિક વિકાસ, વૈશ્વિક સ્તરે સ્થિર વૃદ્ધિ,ભારત-અમેરિકા વેપાર કરારના અમલ તથા ક્રુડ તેલના ભાવ પ્રતિ બેરલ ૧૦૦ ડોલરની નીચે રહેશે તેવી ધારણાંએ સ્ટેન્લીનો સેન્સેક્સ માટેનો અંદાજ આવી પડયો છે. ભારતમાં રેપો રેટમાં ૭૫ બેઝિસ પોઈન્ટના વધારા તથા લિક્વિડિટીના પોઝિટિવ વાતાવરણને નાણાં નીતિ માટે પાયારૂપ ગણવામાં આવ્યા છે.


આઈટી સેવા ક્ષેત્ર ડાર્ક હોર્સ પૂરવાર થઈ શકે છે કારણ કે એઆઈ એપ્લિકેશન્સ અને સોલ્યુશન્સ ઊભા કરવા વિશ્વ આઈટી કંપનીઓ તરફ નજર દોડાવશે તેવી શકયતાને ધ્યાનમાં રાખી આ ક્ષેત્ર ડાર્ક હોર્સ પૂરવાર થઈ શકે છે. પૂરવઠા બાજુ અને નીતિવિષયક ફેરબદલોને પરિણામે નીચી ઈન્ફલેશન વોલેટિલિટીનો અર્થ વ્યાજ દરમાં વોલેટિલિટી અને વૃદ્ધિ દર આગામી વર્ષમાં કદાચ ઘટી શકે છે.

ચિપની અછતથી ઓટો કંપનીઓ પર વધી રહેલું ખર્ચનું દબાણ

અમદાવાદ, તા. ૧૬

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) ડેટા સેન્ટરોમાંથી વધી રહેલી માંગને કારણે વૈશ્વિક સ્તરે ચિપનો પુરવઠો (સપ્લાય) ઘટતા ભારતીય ઓટોમેકર્સ (વાહન ઉત્પાદકો) સેમિકન્ડક્ટરની ખરીદીનો વધતા ખર્ચનો સામનો કરી રહ્યા છે. આનાથી ઉત્પાદકોને વાહન ઉત્પાદન સુરક્ષિત રાખવા માટે ઊંચા ભાવ (પ્રીમિયમ) ચૂકવવા અને ઈન્વેન્ટરી (સ્ટોક) જમા કરવાની ફરજ પડી રહી છે.

ઉત્પાદકોને વાહન ઉત્પાદન સુરક્ષિત રાખવા માટે ઊંચા ભાવ (પ્રીમિયમ) ચૂકવવાની ફરજ



નાના મોટા તમામ સ્તરના કાર ઉત્પાદકોને એવી ચિપ્સ મેળવવી વધુને વધુ મુશ્કેલ બની રહી છે જેનો ઉપયોગ ઈલેક્ટ્રિક વાહનોથી લઈને કારની ઈન્ફોટેનમેન્ટ સિસ્ટમમાં થાય છે. ઈલેક્ટ્રિક ટુ-વ્હીલર ઉત્પાદકો પણ ચિપના ભાવમાં ઘટાડાની અપેક્ષાઓ છતાં સતત થઈ રહેલા વધારા અંગે ચિંતા વ્યક્ત કરી છે.

ઓટો ઉત્પાદકોએ સ્વીકાર્યું હતું કે કંપની સેમિકન્ડક્ટર અને ઈલેક્ટ્રોનિક ઘટકો સુરક્ષિત કરવા માટે ઊંચા ભાવ ચૂકવી રહી છે, જોકે તે અત્યાર સુધી ઉત્પાદનમાં આવતા અવરોધોને ટાળવામાં સફળ રહી છે.

સેમિકન્ડક્ટર અને ઈલેક્ટ્રોનિક પાર્ટ્સની બાબતમાં અમારા પર ચોક્કસપણે થોડું દબાણ છે, પરંતુ ઉત્પાદકો પુરવઠો સુરક્ષિત કરી રહ્યા છે અથવા તેના માટે ઊંચો ખર્ચ ચૂકવી રહ્યા છે.આ ટિપ્પણી એવી વધતી જતી ચિંતાઓ વચ્ચે આવી છે કે સેમિકન્ડક્ટર ઉત્પાદકો પરંપરાગત ઓટોમોટિવ ઉપયોગો કરતાં એઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં વપરાતી વધુ નફો આપતી (હાયર-માર્જિન) ચિપ્સને પ્રાથમિકતા આપી રહ્યા છે, જેનાથી કાર ઉત્પાદકો માટે લાંબા સમય સુધી પુરવઠાની ખેંચ ઊભી થઈ શકે છે.

ઓટો કંપનીઓએ ચેતવણી આપી હતી કે એઆઈ એપ્લિકેશન્સમાંથી મેમરી ચિપ્સની વધતી માંગ ઓટોમેકર્સ માટે પુરવઠાની અડચણોને લંબાવી શકે છે. આ સમસ્યા હમણાં જલ્દી દૂર થવાની નથી કારણ કે, મેમરી ચિપ્સનો ઉપયોગ વિશાળ એઆઈ એપ્લિકેશન્સોમાં થઈ રહ્યો છે, અને તે ધીમો પડવાનો નથી. ખરીદીનો ખર્ચ વધુ હોવા છતાં, કંપની સ્ટોક જમા કરવા અને ઉત્પાદનને સુરક્ષિત રાખવા માટે આફ્ટરમાર્કેટમાંથી આક્રમક રીતે મેમરી ચિપ્સ ખરીદી રહી છે. આ પરિસ્થિતિની સરખામણી કોરોના મહામારી દરમિયાન અનુભવાયેલી ચિપની અછત સાથે થઈ રહી છે.

રૂપિયામાં તેજીઃ ડોલર રૂ.૯૪ની અંદરઃ પાઉન્ડે રૂ.૧૨૪ની સપાટી ગુમાવી

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ,સોમવાર

મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવ વધતા અટકી ફરી ઘટાડા પર રહ્યા હતા. શેરબજાર ઉંચકાતાં તથા વિશ્વ બજારમાં ક્રૂડની સપ્લાય તથા ક્રૂડના ભાવ ઘટતાં કરન્સી બજારમાં આજે રૂપિયા પર પોઝીટીવ ઈમ્પેક્ટ જોવા મળી હતી.

યુરો રૂ.૧૦૪ની અંદર જતો રહ્યોઃ જો કે ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ ઉંચકાયોઃ જાપાનની કરન્સી બે મહિનાના તળિયે

ફોરેક્સ ભાવ	
ડોલર	રૂા. ૯૩.૯૨
પાઉન્ડ	રૂા. ૧૨૩.૮૯
યુરો	રૂા. ૧૦૩.૪૨
યેન	રૂા. ૦.૫૯
બ્રેન્ટ ક્રૂડ	૯૪.૫૦ ડોલર

મુંબઈ કરન્સી બજારમાં રૂપિયા સામે ડોલરના જે શનિવારે બંધ બજારે વધી ઉંચામાં રૂ.૯૪.૩૬ થી ૯૪.૩૭ થયા હતા તે આ જે સવારે ભાવ ૯૪.૨૧ ખુલ્યા પછી ઉંચામાં ભાવ રૂ.૯૪.૨૫ તથા નીચામ ાં ભાવ રૂ.૯૩.૫૧ થઈ રૂ.૯૩.૯૨ રહ્યા હતા. રૂપિયા સામે ડોલરના ભાવ આજે ૩૩ પૈસા ઘટયા હતા જ્યારે ડોલર સામે રૂપિયો ૦.૩૫ ટકા ઉંચકાયો હતો.

દરમિયાન, મુંબઈ બજારમાં આજે ડોલરના ભાવ ઘટયા હતા ત્યારે વિશ્વ બજારમાં ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ ઉંચો જતો જોવા મળ્યો હતો. ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ વધી ઉંચામાં ૧૦૩.૫૦ પાર કરી ૧૦૩.૫૩ થઈઈ ૧૦૩.૫૨ રહ્યો હતો. મુંબઈ બજારમાં રૂપિયા સામે આજે બ્રિટીશ પાઉન્ડના ભાવ ૮૩ પૈસા તૂટ્યા હતા. પાઉન્ડના ભાવ નીચામાં રૂ.૧૨૩.૮૬ થઈ રૂ.૧૨૩.૮૯ રહ્યા હતા. યુરોપીયન કરન્સી યુરોના ભાવ રૂપિયા સામે ૮૦ પૈસા ઘટી નીચામાં ભાવ રૂ.૧૦૩.૩૮ થઈ રૂ.૧૦૩.૪૨ રહ્યા હતા. જાપાનની કરન્સી આજે રૂપિયા સામે ૦.૦૭ ટકા ઘટી હતી જ્યારે ચીનની કરન્સી રૂપિયા સામે ૦.૨૬ ટકા માઈનસમાં ટ્રેડ થઈ રહી હતી.

વિશ્વ બજારમાં ડોલર સામે જાપાનની કરન્સી ઘટી બે મહિનાના તળિયે ઉતરી ગયાના વાવડ મળ્યા હતા. જાપાનમાં જીડીપી ગ્રોથના આંકડા નબળા આવ્યાના સમાચાર હતા. વિશ્વ બજારમાં ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ વધી ઉંચામાં એપ્રિલ ૨૦૨૫ પછીના નવા ઉંચા મથાળે પહોંચી ગયાના સમાચાર મળ્યા હતા.

FPIનું રૂ. ૮૪,૨૯૦ કરોડનું રોકાણ

અમદાવાદ, તા. ૧૬

વૈશ્વિક એઆઈ (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) શેરોમાં વેચવાલી, ક્રૂડ ઓઈલના ઘટતા ભાવ અને લાર્જ-કેપ શેરોના આકર્ષક મૂલ્યાંકન વચ્ચે સતત બે મહિનાની ચોખ્ખી વેચવાલી બાદ, વિદેશી રોકાણકારોએ નવેમ્બરના પ્રથમ પખવાડિયામાં ભારતીય ઈક્વિટી બજારમાં રૂ. ૮૪,૨૯૦ કરોડ ઠાલવીને જોરદાર વાપસી કરી છે. ડિપોઝિટરીઝના ડેટા અનુસાર, ઓક્ટોબરમાં રૂ. ૩૪,૮૪૩ કરોડ અને સપ્ટેમ્બરમાં રૂ. ૩૫,૮૬૧ કરોડના ચોખ્ખા ઉપાડ બાદ આ તાજેતરનો રોકાણ પ્રવાહ જોવા મળ્યો છે. વિદેશી રોકાણકારોએ ૨ થી ૧૩ નવેમ્બર દરમિયાન નવ ટ્રેડિંગ સત્રોમાં ભારતીય ઈક્વિટીમાં રૂ. ૮૪,૨૯૦ કરોડનું ચોખ્ખું રોકાણ કર્યું છે.

Q2માં રિઝર્વ બેંક અને સરકારના અનુમાન કરતાં વૃધ્ધિ દર ઉંચો રહેશે

અમદાવાદ, તા. ૧૬

જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ભારતીય અર્થતંત્ર ૭.૭%ના દરે વિકસ્યું હોવાની શક્યતા છે. અર્થશાસ્ત્રીઓના અવલોકન મુજબ પશ્ચિમ એશિયામાં યુદ્ધને કારણે ઊભી થયેલી પ્રતિકૂળ પરિસ્થિતિઓ વચ્ચે વિકાસની ગતિ ધીમી પડવાની આશંકા હોવા છતાં, હાઈ-ફ્રિક્વન્સી સૂચકાંકો દર્શાવે છે કે આર્થિક પ્રવૃત્તિઓ મજબૂત રહી છે.

વિકાસ દર જૂન ક્વાર્ટરના ૭.૮% અને ગયા વર્ષના સમાન ક્વાર્ટરના ૮.૧% કરતાં થોડો ઓછો રહેશે

૭.૭%ના દરે, સપ્ટેમ્બર ક્વાર્ટરનો જીડીપી વિકાસ દર જૂન ક્વાર્ટરના ૭.૮% અને ગયા વર્ષના સમાન ક્વાર્ટરના ૮.૧% કરતાં થોડો ઓછો રહેશે.

GDP વૃધ્ધિનો અંદાજ	
સંસ્થા	અંદાજ(%માં)
એમકે ગ્લોબલ	૮.૦%
IDFC ફર્સ્ટ બેંક	૮.૦%
સ્ટેટ બેંક	૭.૮%
કોટક મહિન્દ્રા બેંક	૭.૮%
HDFC બેંક	૭.૭%
BofA રિસર્ચ	૭.૭%
DBS બેંક	૭.૭%
એક્સિસ બેંક	૭.૬%
ICRA	૭.૫%
બેંક ઓફ બરોડા	૭.૪%

જોકે, બીજા ક્વાર્ટરના જીડીપી વિકાસ અંગે અર્થશાસ્ત્રીઓની અપેક્ષા, જેના આંકડા ૩૦ નવેમ્બરે જાહેર કરવામાં આવશે, તે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ૭.૨%ના અંદાજ તેમજ નાણા મંત્રાલયના આ ક્વાર્ટર માટેના ૭.૩૫%ના વર્તમાન અનુમાન કરતાં વધારે છે.

બીજા ક્વાર્ટરના જીડીપીના આંકડા પ્રથમ ક્વાર્ટરની આસપાસ રહી શકે છે અથવા તેનાથી પણ વધુ હોઈ શકે છે. મજબૂત કોર્પોરેટ નફો અને સારા હાઈ-ફ્રિક્વન્સી સૂચકાંકો પ્રથમ છમાસિક સમયગાળામાં (H1) સ્થિર માંગ સૂચવે છે. જોકે, અલ નિનોની અસર, અને જીએસટીની ઘટતી અસરને કારણે બીજા છમાસિક ગાળામાં વિકાસ દર ૭%થી નીચે રહેવાની શક્યતા છે.

વૈશ્વિક ડોલર ઈન્ડેક્સ ઉંચકાતાં સોનામાં વધેલી વેચવાલી

સોના-ચાંદી, પ્લેટીનમના ભાવ વધુ તૂટ્યા પેલેડીયમ ગબડી ૧૦૦૦ ડોલરની અંદર

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ,સોમવાર

મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદી તથા પ્લેટીનમના ભાવમાં ઘટાડો આગળ વધ્યો હતો. વિશ્વ બજાર ઘટતાં ઘરઆંગણે ઈમ્પોર્ટ કોસ્ટ નીચી ઉતરી હતી. વિશ્વ બજારમાં ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ ઉંચકાતાં વૈશ્વિક સોનામાં ફંડોનું સેલીંગ વધ્યાના વાવડ હતા.

સોનાના દાગીનામાં હોલમાર્ક પદ્ધતિની યોગ્યતા વિશે કેગની ટીપ્પણીથી ઝવેરી બજારમાં વ્યાપેલી ચકચાર

દરમિયાન, વૈશ્વિક સોનાના ભાવ ઔંસના ૩૮૮૫ વાળા નીચામાં ભાવ ૩૮૩૨ થઈ ૩૮૩૧થી ૩૮૭૨ ડોલર રહ્યા હતા. વિશ્વ બજાર પાછળ ઘરઆંગણે મુંબઈ બુલિયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર રૂ.૧૧૦૦થી ૧૨૦૦ ઘટી ૯૯૫ના રૂ.૧૩૪૪૩૧ તથા ૯૯૯ના રૂ.૧૩૪૯૭૧ રહ્યા હતા. મુંબઈ ચાંદીના ભાવ કિલોના જીએસટી વગર આજે વધુ રૂ.૫૫૦૦ ગબડી રૂ.૧૭૦૨૫૧ બોલાયા હતા. મુંબઈ સોના-ચાંદીમાં જીએસટી સાથેના ભાવ આ ભાવથી ૩ ટકા ઉંચા રહ્યા હતા. દરમિયાન, વિશ્વ બજારમાં સોના પાછળ ચાંદીના ભાવ ઔંસના ૪૮.૭૫ ડોલર વાળા ઘટી નીચામાં ભાવ ૪૭.૧૪ થઈ ૪૭.૬૨થી ૪૭.૬૩ ડોલર રહ્યા હતા.

દરમિયાન, અમદાવાદ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ ઘટી ૯૯૫ના રૂ.૧૩૯૭૦૦ તથા ૯૯૯ના રૂ.૧૪૦૦૦૦ બોલાયા હતા. અમદાવાદ ચાંદીના ભાવ ઘટી રૂ.૧૭૩૦૦૦ બોલાયા હતા. વિશ્વ બજારમાં પ્લેટીનમના ભાવ ઔંસના ૧૪૯૪ વાળા ઘટી ૧૪૫૨ થઈ ૧૪૬૪થી ૧૪૬૫ ડોલર રહ્યા હતા. પેલેડીયમ ના ભાવ ૧૦૦૫ વાળા નીચામાં ભાવ ૯૭૯થી ૯૮૦ થઈ ૯૯૫થી ૯૯૬ ડોલર રહ્યાના સમાચાર હતા.મુંબઈ બુલિયન બજારમાં આજે પ્લેટીનમના ભાવ ૧૦ ગ્રામના રૂ.૪૦૦થી ૫૦૦ ઘટી રૂ.૫૫૪૭ રહ્યા હતા. દરમિયાન, વિશ્વ બજારમાં આજે કોપરના ભાવ વધુ ૧.૦૭ ટકા તૂટ્યા હતા. વૈશ્વિક ક્રૂડતેલના ભાવમાં પણ આજે પીછેહટ જોવા મળી હતી. બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ બેરલના ૯૫.૮૪ વાળા ૯૪.૩૨ થઈ ૯૫.૦૭ ડોલર રહ્યા હતા. યુએસ ક્રૂડના ભાવ ૮૮.૫૬ વાળા ઘટી ૮૭.૫૯ થઈ ૮૭.૯૮ ડોલર રહ્યા હતા. વૈશ્વિક સ્તરે ક્રૂડનું ઉત્પાદન તથા સપ્લાય વધતાં હવે વૈશ્વિક માગ સામે ક્રૂડનો પુરવઠો વધતાં સપ્લાય સરપ્લસ જેવી સ્થિતિ દેખાયાના સમાચાર મળ્યા હતા. ક્રૂડમાં સપ્લાય વધતાં હવે નવા વર્ષમાં ભાવ ઘટી નીચામાં ૭૫ ડોલર૨ સુધી ઉતરી જવાની શક્યતા વૈશ્વિક જાણકારો દર્શાવી રહ્યા હતા. ગોલ્ડમેન સેકના જણાવ્યા મુજબ નવા વર્ષમા ભાવ ઘટી નીચામાં ૭૫ ડોલર સુધી ઉતરી જવાની શક્યતા વૈશ્વિક જાણકારો દર્શાવી રહ્યા હતા. ગોલ્ડ મેન સેકના જણાવ્યા મુજબ નવા વર્ષમાં વૈશ્વિક માગ કરતાં ક્રૂડની વૈશ્વિક સપ્લાય દૈનિક ૨૦ લાખ બેરલ્સ વધુ રહેવાની શક્યતા જણાઈ રહી છે. દરમિયાન, ભારતમાં સોનાના દાગીનામાં હોલમાર્કની પદ્ધતિમાં યોગ્ય વહીવટી નીતિનો અમલ થઈ રહ્યો નથી એવું કમ્પ્ટ્રોલર એન્ડ ઓડીટર જનરલ (કેગ)ના એક રિપોર્ટમાં જણાવાતાં દેશના ઝવેરી બજારોમાં આ પ્રશ્ને ખાસ્સી ચકચાર જન્મી હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા.

LTCG ફેરબદલ અંગે બજેટ પહેલા નિર્ણય નહીં લેવાય

મુંબઈ, તા. ૧૬

લોન્ગ ટર્મ કેપિટલ ગેઈન (એલટીસીજી) ટેકસ પદ્ધતિમાં ફેરબદલ કરવાની દરખાસ્તો પર હિસ્સેદારો સાથે ચર્ચા ચાલી રહી છે, પરંતુ આ મુદે સરકાર બજેટ પહેલા કોઈ નિર્ણય લે તેવી શકયતા નથી એમ સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેકટ ટેકસિઝ (સીબીડીટી)ના ચેરમેન રવી અગ્રવાલે જણાવ્યુ હતું.એલટીસીજીમાં ફેરબદલ કરવા પ્રાપ્ત થયેલી દરખાસ્તો પર હાલમાં હિસ્સેદારો સાથે ચર્ચા ચાલી રહી છે. એલટીસીજીમાં ફેરબદલ પર કોઈપણ નિર્ણય બજેટ પહેલા અપેક્ષિત નથી.

નાણાં વર્ષ ૨૦૨૭-૨૮ના બજેટ પહેલા જ કેપિટલ ગે

ગુજરાત સમાચાર

ટેલિકોમ કંપનીઓના લાડકોડ

સોશિયલ મીડિયામાં આજકાલ દર્દ અને દરદીઓના નામે દાન મેળવવા માટેની અનેક ફેઈક જાહેરખબરો તરતી થઈ છે જેમાં અનેક લોકો દયા દાખવીને મૂર્ખ ઠરતા જોવા મળે છે. કારણ કે નોઈડા અને દિલ્હી સહિતના દેશના કેટલાક શહેરોમાં આવી ફેઈક બહાને દાન મેળવતી લૂંટારુ વિવિધ ગેંગ અસ્તિત્વમાં આવી છે. જો કે હજાર ખોટા કેસ વચ્ચે એકાદ સાચો કેસ પણ હોય છે. એટલે લોકોએ પૂરતો અભ્યાસ કર્યા પછી જ સહાનુભૂતિ દાખવવાના આ સંયોગો છે. આ લૂંટફાટમાં સોશિયલ મીડિયા એકલા નથી, એમાં વિવિધ ટેલિકોમ કંપનીઓ પણ ફેઈક મેસેજ પાસ ઓન કરીને લૂંટાતા ગ્રાહકોની અપરાધી બને છે. કોઈ પણ કંપનીનું સિમકાર્ડ હોય પણ ચાલુ વાતચીતે ફોન કપાઈ જવો એ આપણા દેશની સર્વાનુભવ સમસ્યા છે. ત્રણ મિનિટ વાત કરવામાં તમારે ત્રણ વાર નવેસરથી ફોન જોડવો પડે એવું બને. ભારતીય ટેલિકોમ કંપનીઓ લગભગ ઈજારાશાહીની બહુ નજીક પહોંચી ગઈ છે.

બહુ જ મર્યાદિત કંપનીઓના હાથમાં દેશના કરોડો લોકોની સંચાર વ્યવસ્થા છે. સરકાર પાસે પોતાની કંપની ભારત સંચાર નિગમ લિમિટેડ છે પરંતુ એને ખાડામાં ધકેલવા માટે નવી દિલ્હીના ઉચ્ચાધિકારીઓની એક લોબી વરસોથી સક્રિય છે જેના દુ:ખદ પરિણામો હવે દેખાવા લાગ્યા છે. દેશની તમામ ખાનગી ટેલિકોમ કંપનીઓને કેન્દ્ર સરકાર અને એના સચિવ કક્ષાના અધિકારીઓ રહસ્યમય રીતે હૂંફ આપે છે, છાવરે છે અને કાયદા વિરુદ્ધ છૂટછાટો આપે છે, તે એટલી હદે કે સર્વોચ્ચ અદાલતના હુકમને પણ તેઓ ઘોળીને પી જવા લાગ્યા છે. કેન્દ્ર સરકારની આ લીલા તરફ ન્યાયમૂર્તિઓનું ધ્યાન જતા સરકારને આકરા શબ્દોમાં ઠપકો આપ્યો છે. સરકારી અધિકારીઓના મનઘડંત ફતવાનો આ એક નવો વિવાદ છે. ટેલિકોમ કંપનીઓને અનુકૂળ હોય તેવા નિયમો ઘડી આપવાની શરૂઆત હકીકતમાં યુપીએ સરકારથી થઈ છે. એ પરંપરા હવે રાક્ષસી કદે આગળ વધી ગઈ છે. સરકાર તમામ ખાનગી ટેલિકોમ કંપનીઓને લાડકોડમાં રાખે છે.

કોલ ડ્રોપ સમસ્યા દસ વરસ જૂની છે. આ સમસ્યાને ટેલિકોમ કંપનીઓએ બિઝનેસ બનાવી લીધો છે. પૈસા માટે આ કંપનીઓ કોઈ પણ છેતરપિંડી ધરાવતા મેસેજ દેશના લાખો નાગરિકોને મોકલી આપે છે, જેમાંથી હજારો લોકો ફસાય છે. આજકાલ નવી ચોર ટોળકી દેશમાં સક્રિય બની છે. તમારા પર મેસેજ આવે કે અમારે બ્રિટનથી ભારતમાં નાણાં ટ્રાન્સફર કરવા છે. પાંચથી દસ ટકાની લાલચે આ ખેલની શરૂઆત થાય છે. છેવટે ભારતીય નાગરિક લૂંટાઈ જાય છે. આ તો એક નમૂનો છે. ટેલિકોમ કંપનીઓ પોતાને વેપાર મળે છે એ જોઈને દેશના લાખો લોકોને લૂંટાવા દે છે. સરકારનો આવી બે નંબરી પ્રવૃત્તિ પર કોઈ અંકુશ નથી. કારણ કે કેન્દ્રના વિવિધ મંત્રાલયોના જે અધિકારીઓની મોનિટરિંગ જવાબદારીઓ છે તેઓ ખાનગી કંપનીઓના જ હિત ધ્યાનમાં રાખે છે. ભારતીય ટેલિકોમ કંપનીઓ ભારત સરકારની દેવાદાર પેઢીઓ છે.

સરકારે એમની પાસે અઢળક નાણાં લેવાના થાય છે. ઉતાવળે એ હિસાબ જુઓ તો આજથી છ મહિના પહેલા જે ચિત્ર હતું એમાંથી થોડીક જ રકમ ભરપાઈ થઈ છે. દેશના દૂરસંચાર વિભાગે ટેલિકોમ કંપનીઓ પર કુલ એક લાખ તેત્રીસ હજાર કરોડ રૂપિયાની બાકી રકમ ભારત સરકારને ચૂકતે કરવાનો આદેશ કર્યો હતો. આ રકમમાં બાણુ હજાર કરોડ રૂપિયા લાઈસન્સ ફી તરીકે અને એકતાલીસ હજાર કરોડ રૂપિયા સ્પેક્ટ્રમ ફી તરીકે કંપનીઓએ સરકારને ચૂકવવાના થાય છે.


આ પ્રકરણ લાંબુ છે અને સરકાર હજુ પણ પૂરી વસૂલાત કરી શકી નથી. સર્વોચ્ચ અદાલતના હુકમ પછી પણ મુદત વીતી જાય તો પણ આ કંપનીઓ પૈસા ન ભરે તો વાંધો નહિ એવા અર્થનો એક પરિપત્ર જાહેર કરીને કેન્દ્ર સરકારે અદાલતના હુકમની અવમાનના કરી એનાથી સર્વોચ્ચ અદાલતે સરકારને ન કહેવાના શબ્દો કહેવા પડ્યા. કેટલીક એનજીઓ સંસ્થા આ દિશામાં નક્કર કામ કરે છે અને સોશિયલ મીડિયામાં બધી જ વિગતો જાહેર કરે છે. ટેલિકોમ કંપનીઓ ખોટમાં ફસાયેલી છે. આ ખોટનું કારણ હરીફાઈ છે. પરંતુ આવા તકલીફના સમયમાં કંપનીઓએ બે નંબરનો રસ્તો અખત્યાર કરી મનગમતા જે પરિપત્રો ઈસ્યુ કરી અદાલતના હુકમને હાંસિયામાં ધકેલીને જે દુ:સાહસો કર્યા અને કંપનીઓનો પક્ષ લીધો તેના તરફ સર્વોચ્ચ અદાલતનું ધ્યાન જતાં એકાએક જ ન્યાયમૂર્તિઓની આંખમાંથી અંગારા ઝરવા લાગ્યા છે. આ કિસ્સામાં કેન્દ્રના કેટલાક અધિકારીઓ હજુ સસ્પેન્ડ થવાના છે. સરકાર ગભરાઈ ગઈ છે. કારણ કે પ્રજાની યાદશક્તિ ઓછી હોય છે, અદાલતની નહિ.

એકાન્તે તમે જે વિચારો એ જ તમારું અસલ ચરિત્ર ને આ નવા વરસનું અફર ભવિષ્ય છે

દૂર પૂર્વમાં વિક્રમના અભિનવ વરસનો દિવાકર ઉદયમાન થઈ ગયો છે. બુદ્ધને કે મહાવીરને કદી એવો વિચાર પણ ન આવ્યો કે જેના કલ્યાણ માટે તેઓ તપ કરે છે એ માણસજાતમાં કોઈ પાત્રતા નથી. તેમણે યોગ્યતા જોયા વિના સહુની ઉપર અમૃત વર્ષા કરી અને એમ લાખો લોકો ધન્ય થયા. જેમને કારણે કે અકારણે બીજાઓનું સદાય કલ્યાણ જ કરવું છે એમનું એકાન્ત મહાન સાધુપુરુષો કે ઈન્દ્રાદિક દેવો જેવું વિશુદ્ધ હોય છે. રામ એમના અવતારના આયુષ્યકાળમાં જેટલા યુદ્ધ બહાર લડ્યા છે એનાથી ક્યાંય અધિક યુદ્ધ તો તેઓ પોતાની ભીતર લડ્યા છે. અને રામના ભીતરી યુદ્ધોની તો અણકથિત એક અલગ જ રામાયણ છે. એ જ રીતે આપડે દરેક મનુષ્યો પણ મનના મોરચે એક સાથે અનેક જંગ છેડી બેઠાં હોઈએ છીએ. એ હદ અને સરહદ જ્યાં સુધી શાન્ત ન થાય ત્યાં સુધી અનહદમાં કેમ પ્રવેશ થાય ? અને અનહદને ઓળખ્યા વિના એકાન્ત વિશુદ્ધરૂપે માણી શકાતું નથી.

અનેક લોકો વાનરવૃત્તિથી એકાન્તે પોતાના ઘા પર જ નખ ફેરવે છે ને એ રીતે જગતે આપેલા ઘા ને જાતે જ વધુ ગહેરો કરે છે. વાનરને ક્યાંય ઈજા થાય તો પછી એનું મૃત્યુ નિશ્ચિત હોય છે. કારણ કે જરાક જેટલી ઈજાને એ ભીષણ અને વિકરાળ બનાવી મૂકે છે. અભાવો અને આઘાતોને મમળાવતી કે ચોકલેટની જેમ ચગળતી વ્યક્તિએ પતન માટે કોઈ ઠેશ ખાવાની જરૂર નથી કારણ કે એ સ્વયંથી જ સ્વયંને પછાડે છે. એવા લોકોને શત્રુની પણ જરૂર હોતી નથી. એની સામે એક વર્ગ એવો છે જે એકાન્તે તરંગોમાં જ વિહાર કરે છે. વિચાર અને તરંગમાં તફાવત છે. તરંગો જે રીતે ઉછળે એ જ રીતે પાછા શમી જાય. તરંગો આવે અને જાય. પરંતુ વિચારમાં અખંડ શક્તિ છે. એટલે જ કહેવાય છે કે કોઈ પણ શુભ વિચારને આ બ્રહ્માણ્ડની શક્તિનું સમર્થન મળે છે.

આજે એકાન્તમાં જે ચિંતવન કરો એ જ આગળ જતાં તમારા ચિત્તવન પર છવાઈ જાય છે. આજના વિચારો આપણી આવતીકાલને ઘડે છે. લોકો આવતીકાલ માટે બહુ સારી કલ્પના ને ચાહના ભલે રાખે પરંતુ એને અનુરૂપ જો તેઓનો વિચારલોક ન હોય તો એક પણ સપનું સાકાર થતું નથી. કેટલાક લોકો એમ માને છે કે વિચારથી શું.? પરંતુ ખરેખર તો વિચાર જ ઘટનાઓમાં રૂપાંતરિત થવાના હોય છે. એકાન્તનો જેને અનુરાગ હોય એ સાધુતાના રસ્તે આગળ ધપી શકે. ખરા સાધુને કોઈનોય સંગ ન ખપે. ન શિષ્યોનો કે ન



ગુરુજનોનો. હિમાલયમાં આજે પણ અનેક એવા અસંગ સાધુઓ છે. જે એકાન્તનું જ પાન કરે છે.

આપણે માટે એકાન્ત એટલું સુગમ નથી. લોકો ટ્રેનના પ્રવાસમાં પણ શાન્તિથી બેસી શકતા નથી. ગમે તેની સાથે વાતોના તડાકા ચાલુ કરી દે છે. કેટલાક લોકોને કોઈ પણ કામકાજ વિના જુદા જુદા લોકોને ફોન કરીને વાતોના વડા બનાવવામાં એટલો રસ હોય છે કે તેમના પગ નીચેથી સાપ પસાર થતો હોય તો પણ એમનું ધ્યાન ન પડે.

અલ્પવિરામ

વિક્રમના આ નવા વરસે એકાન્તમાં જે ચિંતવન કરશો એ જ આગળ જતાં તમારા ચિત્તવન પર છવાઈ જશે. આજના વિચારો આપણી આવતીકાલને ઘડે છે...!

જે રીતે ઘરનો ભૂખ્યો આ દુનિયામાં ક્યાંય ધરાય નહિ એ રીતે જાતના દુ:ખ્યા ગમે તેટલા બહાર ભટકે પણ એમ સુખ કંઈ પારકે ટોડલે ટિંગાયેલું જડવાનું હોતું નથી. માણસ જાત બહુ જ અજબ છે. પહેલા અભિમાન પછી એમાં ભૂલ અને પછી એનો દોષ બીજાને આપવાની પ્રયુક્તિ. ખરેખર આ સંસારમાં વિવેક જેવું ટોનિક એકેય નથી. રોજ સવારે એક એક ચમચી મગજની માલિપા ઉતારીએ તો આખો દિવસ લીલ્લોછમ થઈ જાય. પણ એકાંતની ઉપાસના વિના વિવેકનો અંત:કરણે પ્રાદુર્ભાવ થવો આસાન નથી.

નડિયાદમાં પૂજ્ય મોટાએ આખા ગુજરાતને એકાંતનો બોધ આપ્યો. તેઓ પોતે એકાન્તના અખંડ ઉપાસક. એમને કારણે ઘણા લોકો એકાન્ત તરફ વળ્યા. એકાન્તનો બીજો એક ઉપાય મૌન પણ છે. બધા વચ્ચે હો તો પણ મૌન જ તમને ટોળા વચ્ચેય એકાંત આપે. કેટલાક લોકો મૌન રહે અને પાટીપેન સાથે રાખે. આખો દિવસ એમાં લખલખ કરે. આવા નાટ્યાત્મક એકાંતનો કોઈ અર્થ નથી. મૌન તો છે જ મનને શાંત કરવા માટેની ઔષધિ. હવે જો તમારી લખાપટ્ટી ચાલુ જ રહેવાની હોય તો એ એક પ્રકારની લિખિત બકબકાવલિ જ છે.

એના કરતા તો બોલવું સારું. મૌન એકાન્ત આપે છે ને આપણને આપડો પોતાનો પરિચય પણ કરાવે છે. જેઓ વારંવાર મૌન પાળતા હોય એમના હૈયા ફૂણા પડવા લાગે છે. સપનેય તેઓ કોઈને નુકસાન ન કરી શકે. આ જો કે એક રીતે અલખનો પથ છે. બહુ કંટકછાયો કેડો કહેવાય. કારણ કે અહમ્‌ને મૂકીને હાલવાનું છે. એ ભલે બધા સંસારીઓ માટે સુગમ ન હોય પણ કંયેક એની અજમાયશ કરવા જેવી ખરી. એક જમાનામાં આપણા પંથકમાં દર શનિવારે મૌન રાખતા અનેક લોકો હતા. આખા સૌરાષ્ટ્રમાં શનિવારે જૂની પેઢીના લોકો મૌન પાળતા. પછી ધીરે ધીરે યુગનો પ્રવાહ પલટાયો. બહુ બોલનારા અને ઓછામાં ઓછું કામ કરનારા લોકો આવ્યા. આજે પણ બહુસંખ્ય લોકોમાં બકબકાટ જોવા મળે છે.

તેઓ સર્વજ્ઞાની હોય એવી રીતે જ વર્તન કરે છે. ગમે તે વિષય પર ફેંકફેંક ચાલુ જ રાખે છે. તમારી ઓફિસમાં કોઈક કામમાં તમારી મદદ લેવા આવે ત્યાં પણ તેઓ તમને સલાહ આપવા લાગે. ઈશાન અને વાયવ્યનો તફાવત જેને ખબર નથી એવા લોકો તમને ઘરે આવીને વાસ્તુની સલાહ આપવા લાગે છે. આપણે સંબંધોમાં એ બધો બકવાસ ખરેખર સાંભળી લેવાની જરૂર નથી. એમને રોકવા જોઈએ અને કહેવું જોઈએ કે આપણે મુખ્ય અને મહત્વની વાત જ કરીએ, એનાથી તમારો અને અમારો એમ બેવડો સમય બચશે. પણ તેઓ નાકે ન-કટા હોય છે. તમારા કહેવાનો એમના પર ભાગ્યે જ પ્રભાવ પડે.

તેઓ તમારા સંતાનોને ભણવા વિશે અને તમને સાંજે ચાલવા જવા વિશે રદ્દી ભાષણ આપતા પણ અચકાતા નથી. હવે આવા લોકોની સંખ્યા દુર્ભાગ્યે આપણા સમાજમાં વધી છે અને એ એક પ્રકારનું પ્રદૂષણ છે. એકાન્ત ખરેખર તો નિજાનંદનો મહોત્સવ છે. જેને એકલવાયું ન લાગે એ જ એકાન્ત માણી શકે. જવાહરલાલ વરસો સુધી જેલમાં રહ્યા. તેમણે જેલર બ્રિટિશ અધિકારીઓને કહીને હિમાલયના ફોટોગ્રાફ મેળવ્યા. જેલના ઘનઘોર એકાંતમાં જવાહરલાલ સદાય હિમાલયની છબીઓ સામે દિવસ અને રાત ટગર ટગર જોયા કરતા. એમણે આત્મકથામાં લખ્યું છે કે મને હિમાલયે જ હૈયાધારણ આપી અને એનાથી મારો આત્મા બુલંદ બન્યો. સામાન્ય રીતે જેલનું એકાન્ત કોઈ માણી શકતું નથી. કારણ કે એ સજા હોય એ છે. પરંતુ જવાહરલાલે જેલમાં એક મહાન ભારતીય રાજનેતા તરીકે પોતાની હેસિયત અભિવૃદ્ધ કરી. એ કમાલ ખરેખર એકાન્તનો ઉત્સવ કરવાની તેમની જીવનશૈલી છે.

ડ્રગના રવાડે ચડે કે હતાશાથી આત્મહત્યા કરે એના કરતાં દીક્ષા લે એ સોનામાં સુગંધ ભળવા જેવું છે !

હિન્દુ નવા વર્ષનો આરંભ થઈ ચૂક્યો છે. હજુ ત્રણ દિવસ પહેલાં જ વિદ્વાનો જેને જ્ઞાનપાંચમ કહે છે અને વેપારીઓ જેને લાંભપાંચમ તરીકે ઓળખે છે એ પર્વ ઊજવાયું. ઠેર ઠેર ઉત્સાહ અને ઉમંગનું વાતાવરણ હતું. સોનામાં સુગંધ ભળે એવા સમાચાર જલારામ જયંતીએ એટલે કે સોમવાર, ૧૬ નવેંબરે વાંચવા મળ્યા. મહાનગર મુંબઈના ઘાટકોપર ઉપનગરમાં ઉચ્ચ શિક્ષણ મેળવેલા અને સુખી સંપન્ન ઘરના ચારેક યુવાનો જૈન ધર્મની દીક્ષા લઈ રહ્યા હોવાના એ સમાચાર હતા. ચારે દીક્ષાર્થીઓ યુવાન અને સારાસારનો વિવેક સમજી શકે એટલા પુખ્ત છે. ચારે યુવાનો સુખી સંપન્ન પરિવારના છે. આ સમાચાર વાંચીને આ લેખક તરત વિચારે ચડી ગયો. તમને પણ કદાચ આ વાંચીને વિચાર આવે. લેખકને આવેલા વિચારો રોજબરોજના અખબારોમાં પ્રગટ થતા સમાચારો વાંચીને આવ્યા છે. તમે પણ આવા સમાચારો વાંચતા હશો. યુવાનો દ્વારા દીક્ષા લેવાશે એ સમાચાર વાંચ્યા પછી જે મનોમંથન સર્જાયું એ આ રહ્યું. વાંચો આગળ.

ટુ ધ પોઇન્ટ

અજિત પોપટ

નેશનલ બ્યુરો ઑફ ક્રાઇમ રેકોર્ડ્‌ઝના અહેવાલ મુજબ ૨૦૨૨થી ૨૦૨૪ના ત્રણ વર્ષ દરમિયાન અઢારસો નવાણું (૧૮૯૯) વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી. બીજા શબ્દોમાં એમ કહીએ કે દર એકાંતરે એટલે કે દર બીજા દિવસે સરેરાશ ત્રણ વિદ્યાર્થીઓએ જીવનદોરી ટૂંકાવી. આ આંકડા ચોંકાવનારા છે. ટીનેજર્સ શા માટે જીવનદોરી ટૂંકાવે એ વિચારો. આ વિદ્યાર્થીઓની આત્મહત્યા પાછળ માતાપિતા કે સહાધ્યાયીઓ જવાબદાર હોઈ શકે.

માતાપિતાની અપેક્ષા પૂરી ન કરી શકે, સ્કૂલ કે કાલ્લેજના અભ્યાસમાં પોતે ધાર્યું પરિણામ મેળવી ન શકે કે આવાં બીજા કોઈ કારણે પ્રગટેલી હતાશા આત્મહત્યા કરવા પ્રેરે છે. કેટલાંક માતાપિતા પોતે જીવનમાં જે હાંસલ ન કરી શક્યા એ પોતાનું સંતાન હાંસલ કરે એવી અપેક્ષાએ સંતાન પર પ્રેસર વધારી દે છે.

બીજી બાજુ ધ નેશનલ મેડિકલ જર્નલ ઑફ ઈન્ડિયાના એક અહેવાલ મુજબ મુંબઈ સહિત દેશનાં નવ મોટાં શહેરોમાં વસતા અગિયારથી તેર વર્ષની વયના પંદર ટકાથી વધુ ટીનેજર્સ એક યા બીજા પ્રકારની ડ્રગના બંધાણી થઈ ગયા છે. દસ અગિયાર વર્ષના બાળકોમાં તમાકુનું (ગૂટકાનું) સેવન તો જાણે સાવ મામુલી વ્યસન જેવું થઈ પડ્યું છે.

આપણે લગભગ રોજ અખબારોમાં વાંચીએ છીએ કે જે તે શહેરમાં, લાખો કે કરોડો રૂપિયાનું ડ્રગ પકડાયું. શહેરોમાં આટલું બધું ડ્રગ આવે શા માટે ? એનો બહોળો વપરાશ થતો હોય તો જ આવે ને ! અને બંધાણને કારણે ચોક્કસ સમયે ડ્રગ ન મળે ત્યારે આ ટીનેજર્સ અપરાધખોરી તરફ વળી જાય.

હવે આ મુદ્દો ધ્યાનમાં લેવા જેવો છે. એક તરફ વિદ્યાર્થીઓમાં ખરીખોટી હતાશા (ડિપ્રેશન)ના પગલે વધી રહેલી આત્મહત્યા અને બીજી તરફ વ્યસન તેમજ અપરાધખોરી. આમ સમાજમાં એક જુદા પ્રકારના કેન્સરના વાઇરસ ફેલાઈ રહ્યા છે ત્યારે વડીલો, સમાજ સેવકો, કહેવાતા લોકપ્રતિનિધિઓ કે સમાજના મોવડીઓ આ અનિષ્ટને નિર્મૂળ કરવા કશું કરતા નથી. અથવા કહો કે કરી શકતા નથી. એવા સમયે થોડાક યુવાનોનો સમજી વિચારીને પુખ્ત વયે સંસારનો ત્યાગ કરવાનો નિર્ણય આવકારદાયક ન ગણાય ?

સાવ કાચી કૂમળીવયે જ્યારે સંન્યાસનો કે સંસારનો પૂરો અર્થ પણ ન સમજતાં બાળકો દીક્ષા લે એનું સૌથી મોટું ભયસ્થાન એ છે કે આવાં બાળકોમાં પૂર્વજન્મના સંસ્કારો પૂરતા ન હોય તો એ યુવાન થાય ત્યારે સંન્યાસ વ્યર્થ લાગવા માંડે. સંસારમાં પાછાં ફરવાનું પ્રલોભન પણ જાગે. પરંતુ પુખ્ત વયે, કાયદાની દ્રષ્ટિએ મેચ્યોર થઈ ગયા પછી અને પૂરતું ઉચ્ચ શિક્ષણ મેળવી લીધા પછી પૂરેપૂરું સમજી વિચારીને દીક્ષા લેનાર પોતાનું કલ્યાણ તો કરે જ છે, સંન્યાસ પછી અધ્યાત્મ સાધનાના પગલે સમાજનું પણ કલ્યાણ કરે છે.

સ્વસ્થતાથી વિચારતાં આ બે વિકલ્પો છે. પહેલો વિકલ્પ હતાશાથી જીવનદોરી ટૂંકાવી દેવાનો અથવા ડ્રગના રવાડે ચડી જઈને ખુવાર થવાનો. બીજો વિકલ્પ છે, આત્મકલ્યાણ અને સમાજ કલ્યાણ. આવા સમાચાર ઉજ્જવળ ભવિષ્યની આશા જગાડે છે.

પાકિસ્તાન સામેની રોમાંચક જીતના વધામણામાં ઈશારાનો વિવાદ

જ્યારે કિરણ મોરે સામે મિંયાદાદે કાંગારૂ સ્ટાઈલ કૂદકા માર્યા હતા

૨૦૨૬ની અંડર-૧૯ ઓશિયા કપ ફાઇનલમાં પાકિસ્તાન સામેની રોમાંચક જીત અને રવિવારે ન્યૂઝિલેન્ડ સામેની વન ડેમાં ભારતની શાનદાર જીતને ક્રિકેટ રસીયાઓએ ફટાકડા ફોડીને વધાવી હતી. જુનિયર ક્રિકેટ ખેલાડીઓએ બતાવી આપ્યું હતું કે ભારતના સિનિયરોની જેમ જુનિયરો પણ આક્રમક બેટીંગ કરીને પાકિસ્તાનના હાથમાંથી વિજયને આંચકી શકે છે. જેણે પણ શનિવારે અંડર ૧૯ની ફાઇનલ મેચ લાઇવ જોઇ છે તેમણે ક્રિકેટના રોમાંચનો ભરપુર આનંદ ઉઠાવ્યો છે. છેલ્લી ઓવર દરેકે ઉભડક બેસીને જોઇ હતી.

રોમાંચક જીત બાદ ભારતીય ખેલાડીઓનું સેલિબ્રેશન આંખો આંજી દે તેવું હતું. પરંતુ તેમાં પાકિસ્તાનના ખેલાડીઓ સામે કેટલાક ઇશારાઓના કારણે ઉજવણી અશોભનીય હોવાનો દાવો કરાઇને વિવાદ ઉભો કરાઇ રહ્યો છે.બીસીસીઆઇના સચિવ દેવજીત સૈકિયાએ ભારતના ખેલાડીઓનો બચાવ કર્યો હતો અને ઇશારાઓને લઇને થઈ રહેલી ટીકા વચ્ચે તેમણે આ પ્રતિક્રિયાને ટીમની લડાયક ભાવનાની અભિવ્યક્તિ ગણાવી છે.

ક્રિકેટના મેદાનમાં સૌથી વધુ ઉધ્ધત અને ગાળા ગાળી કરનારા ખેલાડીઓમાં પાકિસ્તાનની ટીમ બદનામ થયેલી છે. ભારતના ક્રિકેટરોના ઇશારા પાકિસ્તાન માટે તો મુખડા દેખ દર્પણમાં જેવા છે. જો પાકિસ્તાન જીત્યું હોત અને ભારત હાર્યું હોત તો પાકિસ્તાન ખતરનાક રીતે ઉજવણી કરે એમ હતું. કેમકે છેલ્લી ઓવરોના દરેક બોલ પર પાકિસ્તાનના પ્રેક્ષકો ચીચીયારીઓ કરતા હતા અને ભારતનો હૂરીયો બોલાવતા હતા.

એશિયા કપમાં જ્યારે છેલ્લા બોલ પર મોહિત ઉલ્વાએ ચોગ્ગો ફટકાર્યો ત્યારે પેવેલીયનમાં બેઠેલા ભારતીય ખેલાડીઓ વિજયને વધાવવા ગ્રાઉન્ડ પર દોડી ગયા હતા. કોઇપણ ગેમમાં અશક્ય એવી જીત મળે ત્યારે ખેલાડીઓ અને પ્રક્ષકો એમ બંનેમાં ઉત્સાહનું ઘોડાપુર



૧૯૯૨ના વર્લ્ડ કપમાં વિકેટ કીપર કિરણ મોરે સામે પીચ પર કાંગારૂ કૂદકા મારતો મિંયાદાદ

જોવા મળે છે. મેદાન પર ઉજવણી કરી રહેલા મોહિત ઉલ્વા, મનલ ચૌહાણ અને ચિગુરુપતિ વેંકટા જેવા ખેલાડીઓ પાકિસ્તાનના વિકેટકીપર હમઝા ઝહૂર અને અન્ય ખેલાડીઓ સામે અશોભનીય

પ્રસંગપટ

ઈશારા કરતા અને અપશબ્દો બોલતા જોવા મળ્યા હતા.

જોકે મેદાન પરના સપોર્ટ સ્ટાફની દરમિયાનગીરીથી મામલો થાળે પાડ્યો હતો. પાકિસ્તાન જેવી ટીમ સામે કેટલાક સ્પોર્ટ્સમેન સ્પિરીટ બતાવવાનો કોઇ અર્થ નથી. અપેક્ષા રાખે છે. છેલ્લા બોલે મળેલા વિજયનો ઉત્સાહ અનેરો હોય છે. મોહીત ઉલ્વાએ કહ્યું હતું કે અગાઉ અમે જ્યારે લીગમેચમાં પાકિસ્તાન સામે હાર્યા ત્યારે અમારી પાકિસ્તાનના ક્રિકેટરોએ જોરદાર ઠેકડી ઉડાવી ત્યારે અમે શાંત રહ્યા હતા. અમે ક્રિકેટના ગ્રાઉન્ડ પર જવાબ આપવા માંગતા હતા. હવે જ્યારે અમે ભવ્ય જીત મેળવી છે ત્યારે પાકિસ્તાનના ક્રિકેટરોએ અમને દીધેલી ગાળો અમે વ્યાજ સાથે પરત આપી છે. હકીકતે તો આ જેસૈકો તેસા જેવું છે. હારેલા પાકિસ્તાને તેના ક્રિકેટ ઇતિહાસ પર નજર કરવા જેવા છે. મિયાંદાદના કાંગારૂ કૂદકાથી લઈને ઈન્ઝમામની ચાહક સાથેની ઝપાઝપી સુધીની ઘટનાઓ દરેકને યાદ છે. કાંગારૂ કૂદકા મારનાર પાકિસ્તાનના જાવેદ મિયાંદાદ હંમેશા પોતાની બેટિંગ અથવા સ્લેજિંગ(શાબ્દિક પ્રહારો) દ્વારા વિરોધીઓને અસ્વસ્થ કરવાનો રસ્તો શોધી લેતા હતા, અને ૧૯૯૨ના વર્લ્ડકપમાં ભારત સામેની મેચ પણ તેમાંથી બાકાત નહોતી.

સિડનીમાં પાકિસ્તાનના રન-ચેઝ દરમિયાન ભારતીય વિકેટકીપર કિરણ મોરેની અપીલની નકલ કરવાના ઈરાદાથી કાંગારૂની જેમ કૂદકા માર્યા હતા. આ ઘટનાની તસ્વીર અહીં આપી છે.

ઈન્ઝમામનો ચાહક પર હુમલો સામાન્ય રીતે શાંત રહેતા પાકિસ્તાનના ઈન્ઝમામ-ઉલ-હકે ૧૯૯૭માં ટોરોન્ટો ખાતેની એક મેચમાં સ્ટેન્ડમાં બેઠેલા એક ભારતીય ચાહક સાથે ઝઘડો કર્યો હતો અને આ ઘટના વર્ષો સુધી ચર્ચાનો વિષય બની રહી હતી.

ઈન્ઝમામ બાઉન્ડ્રી પર ફિલ્ડિંગ કરી રહ્યો હતો ત્યારે એક ભારતીય સમર્થકે તેના ભારે શરીર તરફ ઈશારો કરીને આલૂ (બટાકા) ના નારા લગાવીને તેને ચીડવ્યો હતો ત્યારે ઈન્ઝમામે તેના એક ખેલાડીને ડ્રેસિંગરૂમમાંથી બેટ લાવવા કહ્યું અને સુરક્ષાકર્મીઓ વચ્ચે પડે તે પહેલા જ તે ચાહકની પાછળ સ્ટેન્ડની અંદર ઘૂસી ગયો હતો.પાકિસ્તાન પર ભારતના યુવા ક્રિક્ટરોએ બરાબરનો વળતો પ્રહાર કર્યો છે જે પ્રશંસાને લાયક છે.

મોહિતે કહ્યું છે કે અમે ભવ્ય જીત મેળવી છે ત્યારે પાકિસ્તાનના ક્રિકેટરોએ અમને દીધેલી ગાળો અમે વ્યાજ સાથે પરત આપી છે..

દિવાળીથી દેવદિવાળી: મીઠાશથી રોકડી, કડવાશ પર ચોકડી

કાનમાં બે કારણસર ધાક પડે, કાં તો બૈરીની બૂમથી અથવા ફટાકડાની લૂમથી. ફટાકડીને જોઈ થાય હાશ અને ફટાકડાથી થાય ત્રાસ. ફટાકડા ફોડો તો થાય ધૂમાડો પણ આખેઆખી પાર્ટી ફોડો તો થાય પૈસાનો ધૂમાડો. દિવાળીમાં નીડર (ફટાકડા ફોડી) ફેલાવે નોઈઝ પોલ્યુશન અને વગર દિવાળીએ લીડર (ભાખણો ફફડાવી) ફેલાવે વોઈસ પોલ્યુશન. આવી ખરી દિવાળી મોંઘી મોંઘી ખરીદી-વાળી ભલે વધે ભાવ, પણ ઘટે નહીં ઉજવણીનો ભાવ... શું કહે છે મને ભવોભવ ભટકાતા ભત્રીજા?' આટલું બોલી પથુકાકાએ મને એ વો ધબ્બો માર્યો કે હું તો પરબારો બેસી જ પડ્યો અને મેં કહ્યું કાકા બેસતું વર્ષ હોય એટલે શું આમ જ સામેવાળાને બેસાડી દેવાના હોય?

પથુકાકા લુચ્ચું હસીને આ વાતને જરાક રાજકીય રંગ આપતા બોલ્યા કે ઊંચામાં ઊંચી ગાદીએ બેસવાના જે હવાતીયાં મારતા હોય અને ઊંબાડિયા કરી કરી ઠેકડાં મારતા હોય એને બસ આમ જ જનતાએ કાયમ માટે બેસાડી દેવા જોઈએ. ઠીક છે મારા ત્રીજા ભત્રીજા હેપ્પી સીટિંગ યર... હેપ્પી સીટિંગ યર...' મેં કહ્યું કે કાકા જેને સત્તાની ગાદી પર બેસવાનો મોકો મળે એવાં કેટલાય નેતાઓને માટે હેપ્પી સેટિંગ યર જ બની રહે છે, આખું વર્ષ જાતજાતના સેટિંગ કરવામાંથી મારા વ્હાલા ઊંચા જ ક્યાં આવે છે?'

મારો અવાજ સાંભળીને (હો) બાળાકાકી મીઠાઈની ડીશ લઈ દિવાનખાનામાં આવ્યા અને બોલ્યા મારા વ્હાલા ભત્રીજા... લે તને સ્વીટ માઉથ કરાવું... આ સાંભળી કાકા તાડૂક્યા કે મીઠું મોઢું કરાવું એમ બોલને? પછી કાકીને કહે કે જો સાંભળ મારી જેમ નવવર્ષ મુબારક કહેવાય:

નવવર્ષ મુબારક નવવર્ષ મુબારક
નવહર્ષ મુબારક નવહર્ષ મુબારક
તારી કાકીને ભરેલું પર્સ મુબારક
દરદીને મળતાવડી નર્સ મુબારક
પટકાયલા નેતાને ફર્શ મુબારક

આ સાંભળીને મેં દાદાને દાદ આપતાં કહ્યું કે 'પથુકાકા બેસતું વર્ષ કેમ હસતું વર્ષ બને એ તો તમારી પાસેથી જ શીખવા જેવું છે હો?' કાકા બોલ્યા કે 'હસે એ સહુના દિલમાં વસે, (ભાષણબાજી કરી) ભસે એનાંથી સહુ આઘા ખસે ખરેખરા દિવાળીના દિવસોમાં રેલી 'રેલો' કાઢે ઈ છેવટે ખાલી હાથ ઘસે... બોલ મારા જેવું ચોખ્ખેચોખ્ખું ચોપડાવનારૂં કોઈ થશે?

મેં કહ્યું કાકા કડવા કારેલા જેવા વેણ ઉચ્ચારનારા કાઢે રેલી અને રેલા, આમને આમ પહેલાં થવાની લ્હાયમાં રહી જાય છેલ્લમ છેલ્લા આ જોઈ યાદ આવે કે અંધા ગુરુ ઔર બહેરા ચેલા, દોનો કરે ઠેલમઠેલા...

મારી વાત સાંભળતાની સાથે જ પથુકાકા બોલી ઉઠ્યા કે તે સારૂં યાદ આપ્યું હો? દિવાળી નિમિત્તે અમારા મીઠી પેશાબ મંડળ એટલે કે ડાયાબિટીક્સ એસોસિયેશનનું સંમેલન યોજાયું હતું બહુ મજા આવી હો?' મેં પૂછ્યું કે 'ડાયાબિટીક્સ એસોસીએશનના સંમેલનમાં બધાને મીઠું મોઢું કરાવ્યું કે નહીં?' કાકા બોલ્યા હોય કાંઈ? શુગરવાળાને મીઠું મોઢું થોડું જ કરાવાય? મંડળવાળાએ ખાસ ઓર્ડર આપીને કડવા કારેલાની કેક બનાવડાવી હતી અને કડવા કરિયાતાનું

(ગુજરાત સમાચાર પ્રતિનિધિ) મુંબઈ, સોમવાર

ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો-એફપીઆઈઝ, એફઆઈઆઈઝની ભારતીય શેર બજારોમાં પાછલા ૧૮ દિવસમાં શેરોમાં જંગી ખરીદીનું જોર જળવાઈ રહેતાં અને વૈશ્વિક યુદ્ધના પરિબળો જોખમીમાંથી હળવા બની રહ્યા હોઈ આજે શેરોમાં સેન્સેક્સ, નિફ્ટી બેઝડ તેજીનું ચક્ર ગતિમાન રહ્યું હતું. ક્રુડ ઓઈલના ભાવમાં નરમાઈ અને અમેરિકી ડોલર સામે રૂપિયો ૩૩ પૈસા મજબૂત બન ૯૩.૯૨ થઈ જતાં અને ફોરેન ઈન્વેસ્ટરો પર લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્ષ (એલટીસીજી) નાબૂદ કરવાની શક્યતા પર કેન્દ્રની વિચારણાના પોઝિટીવ પરિબળે ફંડોએ આજે એફએમસીજી, બેંકિંગ, ભારતી એરટેલ સહિતના ટેલીકોમ શેરોમાં આક્રમક ખરીદી કરી હતી. કન્ઝયુમર ડ્યુરેબલ્સ, ઓઈલ-ગેસ શેરોમાં પણ સિલેક્ટિવ ખરીદી થઈ હતી. જો કે વૈશ્વિક નોન-ફેરસ મેટલ સાથે ચાંદી અને સોનાના ભાવમાં ધોવાણને લઈ આજે મેટલ-માઈનીંગ શેરોમાં ગાબડાં પડ્યા હતા. આ સાથે તહેવારોની સીઝન પૂરી થતાં અને વાહનોનું અપેક્ષિત વેચાણ નહીં થતાં ઓટો શેરોમાં સેલિંગ પ્રેશર વધ્યું હતું. કેપિટલ ગુડઝ-પાવર, હેલ્થકેર-ફાર્મા શેરોમાં પણ ફંડોની મોટી વેચવાલીએ ઈન્ડેક્સ બેઝડ સુધારો મર્યાદિત રહ્યો હતો. સેન્સેક્સ ૫૧૨.૩૪ પોઈન્ટ ઉછળીને ૮૨૧૦૪.૭૯ અને નિફ્ટી ૫૦ સ્પોટ ઈન્ડેક્સ ૧૪૬.૮૦ પોઈન્ટ વધીને ૨૫૨૯૧.૧૦ બંધ રહ્યા હતા. બેંક નિફ્ટી આજે ૫૪૧.૮૦ પોઈન્ટ ઉછળીને ૬૧૫૭૫.૯૦ની રેકોર્ડ ઊંચાઈએ પહોંચ્યો હતો.

બેંકેક્સ ૪૮૭ પોઈન્ટ ઉછળ્યો : આઈડીએફસી બેંક, એચડીએફસી બેંક, કોટક બેંક, પીએનબીમાં ફંડો લેવાલ

બેંકિંગ-ફાઈનાન્સ શેરોમાં ફંડોની આજે સતત મોટી ખરીદી થઈ હતી. આઈડીએફસી ફર્સ્ટ બેંક રૂ.૧.૪૨ વધીને રૂ.૮૧.૧૦, એચડીએફસી બેંક રૂ.૧૨.૯૫ વધીને રૂ.૮૧૬, કોટક મહિન્દ્રા બેંક રૂ.૫.૬૦ વધીને રૂ.૪૯૩.૨૦, યુનિયન બેંક રૂ.૨.૩૦ વધીને રૂ.૨૦૫.૩૦, પીએનબી રૂ.૧.૪૦ વધીને રૂ.૧૪૪.૪૦, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા રૂ.૯.૫૦ વધીને રૂ.૧૦૯૦ રહ્યા હતા. ફાઈનાન્શિયલ સર્વિસિઝ, અન્ય બેંકિંગ શેરોમાં બીએફ ઈન્વેસ્ટ રૂ.૨૯.૨૦ ઉછળીને રૂ.૪૭૪.૧૦, ધનલક્ષ્મી બેંક રૂ.૨.૩૫ વધીને રૂ.૪૨.૮૪, ઉત્રો કેપિટલ રૂ.૩.૭૩ વધીને રૂ.૬૯.૫૫, સીએસબી બેંક રૂ.૧૦.૩૫ વધીને રૂ.૩૧૪.૨૦, એલઆઈસી હાઉસીંગ ફાઈનાન્સ રૂ.૧૯.૧૦ વધીને રૂ.૬૦૪.૧૦, એસબીઆઈ લાઈફ ઈન્સ્યોરન્સ રૂ.૪૦ વધીને રૂ.૧૮૨૫, એચડીએફસી લાઈફ રૂ.૧૨.૫૦ વધીને રૂ.૬૦૪.૫૦ રહ્યા હતા. બીએસઈ બેંકેક્સ ઈન્ડેક્સ ૪૮૭.૫૦ પોઈન્ટ વધીને ૬૯૨૯૬.૮૪ બંધ રહ્યો હતો.

ક્રુડ ઓઈલના ભાવ ઘટતાં અને રૂપિયો મજબૂત બનતાં શેરોમાં તેજી

FMCG, બેંકિંગ શેરોમાં વિદેશી ફંડોની તેજી : સેન્સેક્સ ૫૧૨ પોઈન્ટ ઉછળી ૮૨૧૦૫

ભારતી એરટેલ રૂ.૪૬ ઉછળીને રૂ.૨૧૫૨ : એનએસઈ રૂ.૮૦ વધીને રૂ.૨૦૭૦ : અલ્ટ્રાટેક સિમેન્ટ ઉછળ્યો

નેશનલ સ્ટોક એક્સચન્જ-એનએસઈના શેરોમાં આજે ફંડોની આક્રમક ખરીદીએ શેર રૂ.૮૦ ઉછળીને રૂ.૨૦૭૦.૦૫ બંધ રહ્યો હતો. ભારતી એરટેલ રૂ.૪૫.૬૦ વધીને રૂ.૨૧૫૨, ઈટર્નલ રૂ.૬.૩૫ વધીને રૂ.૩૭૦.૮૫, પાવર ગ્રીડ કોર્પ રૂ.૪.૩૫ વધીને રૂ.૨૬૨, અલ્ટ્રાટેક સિમેન્ટ રૂ.૧૬૦.૨૫ વધીને રૂ.૧૨,૨૫૮.૨૫, ટ્રેન્ટ રૂ.૩૯ વધીને રૂ.૩૧૯૯ રહ્યા હતા.

એફએમસીજી શેરોમાં ફંડોનું આકર્ષણ વધ્યું : અલાઈડ બ્લેન્ડર્સ, પરાગ મિલ્ક, આઈટીસી, નેસ્લે વધ્યા

એફએમસીજી શેરોમાં આજે ફંડોએ મોટી ખરીદી કરી હતી. અલાઈડ બ્લેન્ડર્સ રૂ.૩૫.૧૦ ઉછળીને રૂ.૭૯૨, પરાગ મિલ્ક રૂ.૧૩.૯૦ વધીને રૂ.૩૪૫, આઈટીસી લિમિટેડ રૂ.૧૦.૭૫ વધીને રૂ.૨૯૪.૮૦, ટાટા કન્ઝયુમર રૂ.૩૬.૬૦ વધીને રૂ.૧૧૧૫.૬૦, ગોદરેજ કન્ઝયુમર રૂ.૨૧.૪૫ વધીને રૂ.૯૯૦.૯૫, નેસ્લે ઈન્ડિયા રૂ.૩૦.૬૦ વધીને રૂ.૧૨૯૫.૧૦, ડોડલા ડેરી રૂ.૧૮.૪૫ વધીને રૂ.૯૭૪.૫૦, હિન્દુસ્તાન યુનિલિવર રૂ.૧૨ વધીને રૂ.૧૯૯૭ રહ્યા હતા. બીએસઈ એફએમસીજી ઈન્ડેક્સ ૨૩૭.૭૨ પોઈન્ટ વધીને ૧૭૮૭૯.૫૫ બંધ રહ્યો હતો.

કન્ઝયુમર શેરોમાં ફંડોની ખરીદી : બ્લુ સ્ટાર રૂ.૩૫, કલ્યાણ જવેલર્સ રૂ.૧૨, એશીયન પેઈન્ટ રૂ.૩૩ વધ્યા

કન્ઝયુમર ડ્યુરેબલ્સ શેરોમાં ફંડોની સિલેક્ટિવ ખરીદી રહી હતી. બ્લુ સ્ટાર રૂ.૩૫ વધીને રૂ.૧૬૨૫, કલ્યાણ જવેલર્સ રૂ.૧૧.૯૦ વધીને રૂ.૩૦૮.૬૦, વોલ્ટાસ રૂ.૧૫.૨૦ વધીને રૂ.૧૧૫૧.૩૦, એશીયન પેઈન્ટ રૂ.૩૩ વધીને રૂ.૨૫૮૧, ટાઈટન કંપની રૂ.૬૨.૬૦ વધીને રૂ.૪૯૧૩ રહ્યા હતા. બીએસઈ કન્ઝયુમર ડ્યુરેબલ્સ ઈન્ડેક્સ ૫૫૮.૩૭ પોઈન્ટ વધીને ૬૨૫૩૮.૩૬ બંધ રહ્યો હતો.

ઓટો શેરોમાં ગાબડાં : અશોક લેલેન્ડ, અપોલો ટાયર, ટાટા મોટર્સ, બજાજ, મારૂતી, બાલકિષ્ન ઈન્ડ. ઘટ્યા

તહેવારોની સીઝનમાં ઓટો કંપનીઓને વાહનોના વેચાણમાં અપેક્ષિત પ્રતિસાદ નહીં મળતાં ફંડોની ઓટોમોબાઈલ શેરોમાં વેચવાલી રહી હતી. અશોક લેલેન્ડ રૂ.૫ ઘટીને રૂ.૧૪૦.૯૫, અપોલો ટાયર રૂ.૪.૪૫ ઘટીને રૂ.૩૭૮.૯૫, ટાટા મોટર્સ કમર્શિયલ વ્હીકલ રૂ.૪ ઘટીને રૂ.૩૯૧.૭૦, ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ રૂ.૨.૫૦ ઘટીને રૂ.૨૬૨.૯૫, બજાજ ઓટો રૂ.૬૭.૧૫ ઘટીને રૂ.૧૦,૦૧૨.૮૫, બાલક્રિષ્ન ઈન્ડસ્ટ્રીઝ રૂ.૧૩.૦૫ ઘટીને રૂ.૨૦૯૭, મારૂતી સુઝુકી રૂ.૫૮.૯૫ ઘટીને રૂ.૧૧,૨૦૦ રહ્યા હતા. બીએસઈ ઓટો ઈન્ડેક્સ ૭૬૦.૬૭ પોઈન્ટ ગબડીને ૬૦૬૪૧.૮૭ બંધ રહ્યો હતો.

નિફ્ટી સ્પોટ ૧૪૭ પોઈન્ટ વધીને ૨૫૨૯૧ : કેપિટલ ગુડઝ, મેટલ શેરોમાં ગાબડાં : બેંક નિફ્ટી રેકોર્ડ નવી ઊંચાઈએ

કેપિટલ ગુડઝ ઈન્ડેક્સ ૧૦૯૩ પોઈન્ટ તૂટ્યો : કેઈન્સ, પ્રીમિયર એનર્જી, આઈનોક્સ, વારી, કમિન્સ તૂટ્યા

પાવર-કેપિટલ ગુડઝ શેરોમાં ફંડોએ વેચવાલીનો નવા રાઉન્ડ શરૂ કર્યો હોય એમ આજે ઘણા શેરોમાં ઓફલોડિંગ કર્યું હતું. કેઈન્સ રૂ.૪૪૬ તૂટીને રૂ.૨૯૭૫, પ્રીમિયર એનર્જી રૂ.૭૩.૦૫ ઘટીને રૂ.૮૨૩.૮૫, આઈનોક્સ વિન્ડ રૂ.૫.૦૮ ઘટીને રૂ.૫૯.૫૦, વારી એનર્જી રૂ.૯૯.૪૫ ઘટીને રૂ.૨૪૪૪.૫૫, કમિન્સ ઈન્ડિયા રૂ.૧૪૭ ઘટીને રૂ.૪૨૨૮, સુપ્રિમ ઈન્ડસ્ટ્રીઝ રૂ.૯૦.૧૦ ઘટીને રૂ.૩૨૫૦ રહ્યા હતા. બીએસઈ કેપિટલ ગુડઝ ઈન્ડેક્સ ૧૦૯૩.૪૨ પોઈન્ટ ગબડીને ૭૧૬૬૩.૨૭ બંધ રહ્યો હતો.

વૈશ્વિક મેટલના ભાવોમાં ઘટાડા પાછળ મેટલ શેરો તૂટ્યા : સેઈલ, નાલ્કો, ટાટા સ્ટીલ, જિન્દાલ તૂટ્યા

આંતરરાષ્ટ્રીય બજારમાં ચાંદી અને સોનાના ભાવમાં ઘટાડા સાથે અન્ય નોન-ફેરસ મેટલના ભાવો ઘટાડા તરફી રહેતાં મેટલ-માઈનીંગ શેરોમાં ફંડોએ આજે મોટી પોઝિશન ખંખેરી હતી. સેઈલ રૂ.૭.૪૦ ઘટીને રૂ.૧૬૯, નાલ્કો રૂ.૧૧.૩૦ ઘટીને રૂ.૩૧૮.૭૦, જિન્દાલ સ્ટીલ રૂ.૩૨.૧૫ ઘટીને રૂ.૧૧૩૦, લોઈડ્સ મેટલ રૂ.૩૮.૪૫ ઘટીને રૂ.૧૩૪૮.૦૫, હિન્દાલ્કો રૂ.૧૯.૪૦ ઘટીને રૂ.૯૨૫ રહ્યા હતા. બીએસઈ મેટલ ઈન્ડેક્સ ૭૦૬.૭૫ પોઈન્ટ ગબડીને ૩૯૭૫૦.૪૧ બંધ રહ્યો હતો.

ફંડોની સ્મોલ કેપ, મિડ કેપ શેરોમાં વ્યાપક વેચવાલીએ માર્કેટબ્રેડથ સતત નેગેટીવ : ૩૦૬૬ શેરો નેગેટીવ બંધ

સેન્સેક્સ, નિફ્ટી બેઝડ ફંડોની તેજી સામે સ્મોલ, મિડ કેપ, એ ગ્રુપના શેરોમાં આજે હાઈ નેટવર્થ ઈન્વેસ્ટરો, લોકલ ફંડોએ મોટાપાયે વેચવાલી કરતાં માર્કેટબ્રેડ્થ નેગેટીવ રહી હતી. બીએસઈમાં કુલ ટ્રેડિંગ થયેલી ૪૮૧૧ સ્ક્રિપોમાંથી વધનારની સંખ્યા ૧૫૦૦ અને ઘટનારની સંખ્યા ૩૦૬૬ રહી હતી.

FPIs/FIIની કેશમાં રૂ.૪૮૬૫ કરોડની ચોખ્ખી ખરીદી : DIIની રૂ.૩૫૧૯ કરોડની ચોખ્ખી વેચવાલી

ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો-એફપીઆઈઝ, એફઆઈઆઈઝની આજે સોમવારે કેશ સેગ્મેન્ટમાં રૂ.૪૮૬૪.૬૮ કરોડના શેરોની ચોખ્ખી ખરીદી કરી હતી. સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો-ડીઆઈઆઈની પણ આજે રૂ.૩૫૧૯.૦૫ કરોડના શેરોની ચોખ્ખી વેચવાલી રહી હતી.

સનફલાવર તેલના ભાવમાં ઘટાડોઃ મસ્ટર્ડ-સરસવ તેલના ભાવ ઉંચકાયા

મુંબઈ,સોમવાર

મુંબઈ તેલ-બિયાં બજારમાં આજે સનફલાવરના ભાવમાં ઘટાડો નોંધાયો હતો જ્યારે મસ્ટર્ડ-સરસવના ભાવ વધી આવ્યા હતા. જોકે અન્ય દેશી તથા આયાતી ખાદ્યતેલોના ભાવ સાંકડી વધઘટે અથડાતા રહ્યા હતા.

નવી મુંબઈ બંદરે સનફલાવર કૂડના ભાવ રૂ.૧૫૩૧ રહ્યા હતા. રાજકોટ ખાતે મગફળીના ભાવ ૨૦ કિલોદીઠ જાતવાર રૂ.૧૩૦૦થી ૧૭૦૦ રહ્યા હતા. મુંબઈ બજારમાં સિંગતેલના ભાવ રૂ.૧૮૬૦ તથા કપાસિયા તેલના ભાવ રૂ.૧૪૬૦ રહ્યા હતા. મુંબઈ સ નફલાવરના ભાવ રૂ.૧૫૩૦ તથા રિફાઈન્ડના રૂ.૧૬૩૫ રહ્યા હતા જ્યારે મસ્ટર્ડ સરસવ તેલના ભાવ રૂ.૧૯૦૦ તથા રિફાઈન્ડના રૂ.૧૯૩૦ બોલાઈ રહ્યા હતા. વિશ્વ બજારમાં આજે મલેશિયા ખાતે પામતેલ વાયદાના ભાવ નજીકની ડિલીવરીમાં ૧૦ પોઈન્ટ ઉંચકાયા હતા. જ્યારે દૂરની ડિલીવરીના ભાવ ૧૮થી ૩૧ પોઈન્ટ માઈનસમાં રહ્યા હતા.

સોયાબીનની આવકો ૬ લાખ ૨૫ હજાર ગુણી

મુંબઈ હાજર બજારમાં દિવેલના ભાવ ૧૦ કિલોદીઠ રૂ.૭ ઘટતાં હાજર એરંડાના ભાવ ક્વિ.દીઠ રૂ.૩૫ નરમ રહ્યા હતા.મુંદ્રા-હઝીરા ખાતે પામતેલના ભાવ ડિસેમ્બરના રૂ.૧૩૩૦થી ૧૩૪૫ રહ્યા હતા જ્યારે સોયાતેલના ભાવ ડિસેમ્બરના રૂ.૧૪૨૦થી ૧૪૩૫ તથા સનફલાવરના ભાવ ડિસેમ્બરના રૂ.૧૬૫૦થી ૧૬૬૫ રહ્યા હતા.દરમિયાન, મસ્ટર્ડ-સ રસવ સીડની આવકો આજે રાજસ્થાનમાં ૭૫ હજાર ગુણી તતા ઓલ ઈન્ડિયા આવકો બે લાખ ગુણી આવી હતી.

દરમિયાન, સોયાબીનની આવકો આજે મધ્ય-પ્રદેશમાં ૩ લાખ ૫૦ હજાર ગુણી તથા મહારાષ્ટ્રમાં ૧ લાખ ૨૫ હજાર ગુણી આવી હતી. કંડલા ખાતે પામોલીનના ભાવ રૂ.૧૩૦૩ રહ્યા હતા. મધ્ય-પ્રદેશમાં સોયાતેલના ભાવ જાતવાર રૂ.૧૪૧૩થી ૧૪૨૩ રહ્યા હતા. કંડલા ખાતે સોયાતેલના ભાવ રૂ.૧૪૨૫ રહ્યા હતા. ગુજરાત સૌરાષ્ટ્ર ખાતે સિંગતેલના ભાવ રૂ.૧૮૨૫ તથા કોટન વોશ્ડના ભાવ રૂ.૧૩૭૫થી ૧૩૮૦ રહ્યા હતા જ્યારે ત્યાં કોટન રિફાઈન્ડના ભાવ રૂ.૧૪૨૫ હતા.

ભારત અને ઈજિપ્ત સ્થાનિક ચલણમાં વેપાર અને FTA તરફની દિશામાં

અમદાવાદ, તા. ૧૬

ભારત અને ઈજિપ્ત પોતપોતાના સ્થાનિક ચલણમાં દ્વિપક્ષીય વેપારની પતાવટ કરવાની રીતો શોધી રહ્યા છે, અને આ મુદ્દે બંને દેશોની મધ્યસ્થ બેંકો એકબીજાના સંપર્કમાં છે. સરકારી સુત્રોએ જણાવ્યું હતું કે, બજારની પહોંચ સુધારવા અને વેપારને વધુ સ્પર્ધાત્મક બનાવવા માટે બંને પક્ષો પ્રેફરન્શિયલ ટ્રેડ એગ્રીમેન્ટ અથવા ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (ખૂછ)ની શક્યતાઓ પણ ચકાસશે.

૨૦૨૫-૨૬માં બંને દેશો વચ્ચેનો કુલ માલસામાનનો વેપાર ૬.૪૭ બિલિયન ડોલર હતા

બંને દેશો વ્યાપાર અને ટેકનોલોજી સંબંધોને ગાઢ બનાવવાના પ્રયાસોના ભાગરૂપે સ્ટાર્ટઅપ ભાગીદારી કરાર પર હસ્તાક્ષર કરશે અને પ્રથમ ઈજિપ્ત-ભારત સ્ટાર્ટઅપ ફોરમનું આયોજન કરશે. ભારત અને ઈજિપ્ત વચ્ચે સ્થાનિક ચલણમાં વેપાર માટે મધ્યસ્થ બેંકો જોડાઈ છે. સ્થાનિક ચલણમાં વધુ વેપાર અને ચુકવણી પ્રણાલીઓ પર વધુ કામ કરવાથી વ્યવસાયનો ખર્ચ નીચે લાવી શકાય છે.

૨૦૨૫-૨૬માં બંને દેશો વચ્ચેનો કુલ માલસામાનનો વેપાર ૬.૪૭ બિલિયન ડોલર રહ્યો હતો, જેમાં ભારતની નિકાસ ૩.૮૭ બિલિયન ડોલર અને આયાત ૨.૬૦ બિલિયન ડોલર હતી.ભારત અને ઈજિપ્ત વેપારને સરળ બનાવવા માટે કસ્ટમ્સ પ્રક્રિયાઓ અને પરીક્ષણ ધોરણોને એકરૂપ બનાવવા પર પણ વિચાર કરી રહ્યા છે. તેઓ રોકાણને પ્રોત્સાહન આપવા અને સ્થિર તથા અનુમાનિત રોકાણ વાતાવરણ પૂરું પાડવા તરફ કામ કરશે.

NSE સૌથી વધુ વધ્યા

કંપની	બંધ ભાવ	વધારો (ટકામાં)
મેક્સ હેલ્થ	૧૦૯૮.૯૦	૬.૬૩
ટાટા કન્ઝયુમર	૧૧૧૭.૫૦	૩.૫૭
ITC	૨૯૫.૧૦	૩.૫૪
એપોલો હોસ્પિ.	૮૭૭૧.૦૦	૨.૮૭
નેસ્લે	૧૨૯૭.૦૦	૨.૬૮
ભારતી એરટેલ	૨૧૫૩.૫૦	૨.૨૬
SBI લાઈફ	૧૮૨૭.૭૦	૨.૧૧
HDFC લાઈફ	૬૦૪.૫૦	૨.૦૭
ઈટરનલ	૨૬૨.૨૦	૧.૮૫
પાવરગ્રીડ	૨૬૨.૨૦	૧.૮૫
ગ્રાસીમ	૩૦૮૪.૪૦	૧.૬૬
HDFC બેંક	૮૧૬.૫૦	૧.૫૫

અમદાવાદ ફુલ બજાર

ગુલાબ ૧૦૦-૧૨૦
ટગર ૨૦૦-૩૦૦
ડમરો ૧૫-૨૦
લીલી ૭-૧૦
હજારી ગલ ૮૦૦-૧૦૦૦

કેશ એન્ડ ફ્યુચર ઓપ્શન સ્ટ્રેટેજીસ

ફ્યુચર માર્કેટ

- કરુર વૈશ્ય બેન્ક : (૩૯૨)નો નવેમ્બર માસનો ફ્યુચર ૩૯૨ ઉપર ૩૭૦નો સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૪૦૫, ટાર્ગેટ -૨ ૪૧૫ સુધી સુધારાની શક્યતા છે.

- ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સ : (૨૬૨)નો નવેમ્બર માસનો ફ્યુચર ૨૬૨ નીચે ૨૮૦ સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૨૫૨, ટાર્ગેટ -૨ ૨૪૫ સુધી ઘટાડાની શક્યતા છે.

કેશ માર્કેટ

- ગુજરાત ફ્લોરોકેમિકલ્સ : (૪૮૨૪) ૪૮૨૪ ઉપર ૪૭૦૦ સ્ટોપલોસ રાખી ખરીદો. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૪૮૮૦, ટાર્ગેટ -૨ ૪૯૫૦ સુધી સુધારાની શક્યતા છે.

- આદિત્ય ઈન્ફોટેક (સીપી પ્લસ) : (૩૯૬૩) ૩૯૬૩ નીચે ૪૦૭૫ સ્ટોપલોસ રાખી વેચો. આગામી દિવસોમાં ટાર્ગેટ -૧ ૩૮૦૦, ટાર્ગેટ -૨ ૩૭૫૦ સુધી ઘટાડાની શક્યતા છે.

- નિલેશ કોટક

સોના-ચાંદી બજાર

અમદાવાદ

ચાંદી ચોરસા	૧૭૦૦૦૦-૧૭૩૦૦૦
ચાંદી રૂપુ	૧૬૯૮૦૦-૧૭૨૮૦૦
ચાંદી સિક્કા જુના	૨૫૦૦-૨૮૦૦
સોનું (૯૯.૯)	૧૩૮૦૦૦-૧૪૦૦૦૦
સોનું (૯૯.૫)	૧૩૭૩૦૦-૧૩૯૩૦૦
હોલમાર્ક	૧૩૭૨૦૦

મુંબઈ

ચાંદી	૧૭૦૨૫૧
સોનું (૯૯.૫)	૧૩૪૪૩૧
સોનું (૯૯.૯)	૧૩૪૯૭૧

રાજકોટ

ચાંદી	૧૮૦૦૦૦
૨૪ કેરેટ ૧૦ ગ્રામ	૧૪૧૫૦૦
સીકકા (૧ ગ્રામ)	૧૪૨૦૦
૨૨ કેરેટ ૧૦ ગ્રામ	૧૨૫૮૦૦

છેલ્લા ભાવ

મુંબઈ ચાંદી ૧૭૦૨૫૧
મુંબઈ સોનું (૯૯.૫) ૧૩૪૪૩૧
મુંબઈ સોનું (૯૯.૯) ૧૩૪૮૭૧
અમ. ચાંદી ૧૭૩૦૦૦
અમ. સોનું (૯૯.૯) ૧૪૦૦૦૦
અમ. સોનું (૯૯.૫) ૧૩૯૭૦૦
અમ. સિંગતેલ નવો ડબો ૩૨૦૦
અમ. કપાસિયા નવો ૨૬૩૦

BSE સૌથી વધુ વધ્યા

કંપની	બંધ ભાવ	વધારો (ટકામાં)
ITC	૨૯૪.૮૦	૩.૭૮
ભારતી એરટેલ	૨૧૫૨.૦૦	૨.૧૬
ઈટરનલ	૩૭૦.૮૫	૧.૭૪
પાવરગ્રીડ	૨૬૨.૦૦	૧.૬૯
HDFC બેંક	૮૧૬.૦૦	૧.૬૧
અલ્ટ્રાટેક	૧૨૨૫૮.૨૫	૧.૩૨
એ. પેઈન્ટ	૨૫૮૧.૦૦	૧.૩૦
ટાઈટન	૪૯૧૩.૦૦	૧.૨૯
ટ્રેન્ટ	૩૧૯૯.૦૦	૧.૨૩
કોટક બેંક	૪૯૩.૨૦	૧.૧૫
ટેક મહિન્દ્રા	૧૭૮૩.૫૦	૧.૦૩
SBI	૧૦૬૦.૦	૦.૮૮

અમદાવાદના બજારો

તેલતેલીબિયા

સિંગતેલ નવો ડબો (૧૫ કિલો)	૨૬૦૦-૩૨૦૦
સિંગતેલ નવો ડબ્બો (૧૫ લીટર)	૩૦૦૦
કપાસીયાતેલ નવો ડબો (૧૫ કિલો)	૨૪૫૦-૨૬૩૦
રાઈસબ્રાન્ડ (૧૫ કિલો)	૨૫૦૦
સોયાબીન નવો ડબો	૨૫૦૦
દિવેલ	૨૮૦૦
પામોલીન જુનો ડબો	૨૧૫૦
પામોલીન નવો ડબો	૨૩૦૦
કોપરેલ	૪૩૦૦
વનસ્પતિ	૨૦૦૦-૨૩૦૦
મોળું સરસીયું	૨૯૫૦
તીખું સરસીયું	૩૨૦૦
સનફલાવર	૨૬૫૦
મકાઈ તેલ	૨૩૫૦

રાજકોટ છેલ્લા ભાવ

રાજકોટ સીંગતેલ લુઝ ૧૮૨૫-૧૮૫૦
રાજકોટ મગફળી ૧૯૦૦
સોનુ ૨૪ કેરેટ ૧૪૧૫૦૦
૧ કિલો ચાંદી ૧૮૦૦૦૦

ચીમનભાઈ માર્કેટ

૨૦ કિલો

બટાકા દેશી	૧૦૦-૧૬૦
બટાકા ડીસા	૧૪૦-૩૦૦
ડુંગળી મહારાષ્ટ્ર	૮૦૦-૧૦૬૦
ડુંગળી એમપી	૭૦૦-૯૬૦

મંત્રમુગ્ધ

- ''વિશ્વનો સમગ્ર અંધકાર એકઠો થઈ જાય તો પણ તે એક નાનકડા દીપકની જ્યોતને ઓલવી શકવા માટે સાવ અસમર્થ છે. આશા અને સત્યનો નાનકડો પ્રકાશ એ ગમે તેવા ઘનઘોર તિમિરને ચીરવાની તાકાત ધરાવે છે.''
- આત્મજાગૃતિના મહાન પથદર્શક ભગવાન શ્રી ગૌતમ બુદ્ધ
- ''સાધના એટલે આત્માના અસ્તિત્વને અમર બનાવવાનો અર્થાત્ આ આધ્યાત્મિક માર્ગમાં આવતી અનુકૂળ-પ્રતિકૂળ બાધાઓને દૂર કરતા રહેવાનો કાયમી સંઘર્ષ.''
- વર્ધમાન તપોનિધિ શ્રી કલ્યાણબોધિવિજયજી
- ''પારકી પીડા ગમે તેટલી મોટી કે વિકટ કેમ ન હોય, પણ આપણી ખુદની તકલીફો આગળ તે હંમેશા નાની ક્ષુલ્લક ને હળવી જ લાગે છે. કારણ કે માનવ મન પોતાની વ્યથાને જ સૌથી મોટી માને છે.''
- ઉપમાઓના સમ્રાટ, અમર સર્જક કવિ કાલિદાસ
- ''દરવાન જ્યારે આવનારને કહે છે કે 'ઘરમાં કોઈ નથી' ત્યારે એ સાચું જ બોલે છે. જેનામાં અક્કલ, દિલાવર મન, પ્રયત્નોનો અભાવ અને બુદ્ધિ નથી તેને માટે તેનો કારભારી બરાબર જ કહે છે, 'ઘરમાં કોઈ નથી.'''
- ઈરાનના ફારસી કવિ, સૂફી વિચારક શેખ સાદી
- ખૂબ પીસાતી ને પીસાતી ગઈ,
તેથી તો અત્તર થઈ છે જિંદગી. **- હિના શાહ 'મહેંદી'**

સંકલન : russhabhshahgs@gmail.com

આજનુ પંચાંગ

તા.૧૭/૧૧/૨૦૨૬,મંગળવાર



દુર્ગાષ્ટમી
દિવસના ચોઘડિયા : રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
રાત્રિના ચોઘડિયા : કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
અમદાવાદ સૂર્યોદય : ૬ ક. ૫૬ મિ.,સૂર્યાસ્ત : ૧૭ ક. ૫૩ મિ.
નવકારસી સમય : (અ) ૭ ક. ૪૪ મિ.**જન્મરાશિ :** મકર (ખ.જ.) ૧૫ ક. ૩૦ મિ. સુધી પછી કુંભ (ગ.શ.ષ.સ.) રાશિ આવે **નક્ષત્ર :** ધનિષ્ઠા ૨૮ ક. ૩૫ મિ. સુધી પછી શતભિષા નક્ષત્ર આવે. **ગોચર ગ્રહ :** સૂર્ય-વૃશ્ચિક, મંગળ-સિંહ, બુધ-તુલા, ગુરૂ-સિંહ, શુક્ર-કન્યા (વ.) શનિ-મીન રાહુ-કુંભ, કેતુ-સિંહ, ચંદ્ર : મકર ૧૫ ક. ૩૦ મિ. સુધી પછી કુંભ. હર્ષલ (યુરેનસ) વૃષભ નેપચ્યુન-મીન, પ્લુટો-મકર રાહુકાળ ૧૫.૦૦ થી ૧૬.૩૦ (દ.ભા.) **વિક્રમ સંવત :** ૨૦૮૩ કાલયુક્ત સંવત્સર શાકે : ૧૯૪૮ પરાભવ જૈનવીર સંવત : ૨૫૫૩ **દક્ષિણાયન હેમંત ઋતુ રાષ્ટ્રીય દિનાંક :** કાર્તિક ૨૬ વ્રજ માસ : કાર્તિક - ૨૩ **માસ-તિથિ-વાર :** કારતક સુદ આઠમ - દુર્ગાષ્ટમી - ગોપાષ્ટમી
મુસલમાની હિજરીસન : ૧૪૪૮ જમાદીઉલઆખર માસનો પમો રોજ
પારસી શહેનશાહી વર્ષ : ૧૩૯૬ તીર માસનો પમો રોજ સ્પેંદારમદ

આજનું ભવિષ્ય

- અગ્નિદત્ત પદમનાભ

મેષ : જમીન-મકાન-વાહનના કામકાજમાં આપને સરળતા થતી જાય. દિવસ પસાર થાય તેમ આપના દોડધામ શ્રમમાં ઘટાડો થતો જાય.

વૃષભ : નોકરી ધંધાના કામકાજ અંગે બહાર કે બહારગામ જવાનું બને. અગત્યના કામ અંગેની મિલન-મુલાકાતમાં સાનુકુળતા રહે.

મિથુન : સુસ્તી-બેચેની સાથે દિવસનો પ્રારંભ થાય. કામ કરવાની ઈચ્છા થાય નહીં. જો કે બપોર પછી આપને રાહત થતી જાય.

કર્ક : રાજકીય સરકારી કામ અંગે મિલન-મુલાકાત થઈ શકે. આપના ધાર્યા પ્રમાણેનું કામ થવાથી આનંદ જણાય.

સિંહ : નોકરી ધંધાના કામની સાથે બીજું કોઈ કામ આવી જતાં, અન્ય સહકર્મીનું કામ આવી જતાં આપના કાર્યભારમાં વધારો થાય.

કન્યા : આપની બુદ્ધિ અનુભવ આવડત મહેનતથી કામનો ઉકેલ લાવી શકો. કામની કદર-પ્રશંસા થવાથી આનંદ રહે.

તુલા : આપ હરો-ફરો કામકાજ કરો પરંતુ આપના હૃદય-મનને શાંતિ-રાહત જણાય નહીં. ઘર-પરિવારની ચિંતા જણાય.

વૃશ્ચિક : આપના કાર્યમાં ઉપરીવર્ગ સહકાર્યકર વર્ગ નોકર ચાકર વર્ગનો સાથ સહકાર મળી રહે. પરદેશના કામ થઈ શકે.

ધન : બેંકના, વીમા કંપનીના કામમાં, શેરોના કામમાં આપને સાનુકુળતા મળી રહે. સીઝનલ ધંધામાં આવક જણાય.

મકર : આપના અગત્યના કામનો ઉકેલ આવવાથી આપને રાહત થતી જાય. મહત્ત્વના નિર્ણય લેવામાં સરળતા રહે.

કુંભ : વિચારોની અસમંજસતા દ્વિધાને લીધે કામમાં વિલંબ જણાય. ઉતાવળ કરવી નહીં. બપોર પછી આપને રાહત થતી જાય.

મીન : વાણીની મીઠાશથી આપના કામમાં સરળતા રહે. કામનો ઉકેલ લાવી શકો. દિવસના અંત

સ્પોર્ટ્સ રાઉન્ડ અપ

ન્યુઝીલેન્ડ સામેની નિષ્ફળતા અને વિદેશી પીચ પરનું સામાન્ય ફોર્મ ચિંતા વધારી રહ્યું છે

રોહિત શર્મા અને કોહલીને વન ડેના વર્લ્ડ કપની ટીમમાં સામેલ કરવા અંગે અવઢવ તો સર્જાશે જ

નવી દિલ્હી, તા. ૧૬

ભારતે ન્યૂઝીલેન્ડ સામેની પાંચ વન ડેની શ્રેણી ૩-૧થી જીતી હોવા છતાં ટોચના ક્રમના બેટ્સમેનોની નિષ્ફળતાએ ટીમ મેનેજમેન્ટની ચિંતા વધારી છે. રોહિત અને કોહલીની નિષ્ફળતા માત્ર એક શ્રેણી પૂરતી મર્યાદિત નથી; દક્ષિણ આફ્રિકામાં યોજાનારા ૨૦૨૭ના વર્લ્ડ કપની પરિસ્થિતિને ધ્યાનમાં લેતાં તે વધુ મહત્ત્વની બની જાય છે. ભારતને આવતા વર્ષના વન ડેના વર્લ્ડ કપ અગાઉ વિદેશની ભૂમિ પર વન ડે શ્રેણી નથી રમવાની ત્યારે ઘરઆંગણામાં જે બે વન ડે શ્રેણી રમાનાર છે તેનાં ફોર્મના આધારે આ બંનેને વર્લ્ડ કપ માટેની ટીમમાં લઈ શકાય કે કેમ તે જેમ સમય નજીક આવશે તેમ કોયડા તરીકે બહાર આવશે.

રોહિતે ચિંતા વધારી

રોહિત શર્મા માટે ન્યૂઝીલેન્ડનો પ્રવાસ કારકિર્દીના એક મહત્ત્વના વળાંક પુરવાર થશે. પાંચ વન ડેની શ્રેણીમાં તેની બેટિંગ અત્યંત નિરાશાજનક રહી. ચાર ઈનિંગ્સમાં માત્ર ૩૦ રન અને ૭.૫૦ની સરેરાશ! તેના સ્કોર અનુક્રમે ૦, ૨૩, ૦ અને ૭ રહ્યા. ખાસ કરીને નવા બોલ સામેની તેની નબળાઈ ફરી એક વખત ઉજાગર થઈ છે. ન્યૂઝીલેન્ડના ઝડપી બોલરોને બોલમાં મળતી હિલચાલ અને ઉછાળ સામે રોહિત મુશ્કેલીમાં મુકાયો હતો. ત્રણ વખત તો તે શરૂઆતની ઓવરોમાં જ આઉટ થયો હતો. એક સમયે દુનિયાના સૌથી



ખતરનાક વન ડે ઓપનરમાં સ્થાન ધરાવતો બેટ્સમેન આટલો સંઘર્ષ કરે તે ટીમ મેનેજમેન્ટ માટે ચિંતાનો વિષય છે.

રોહિતની સમસ્યા માત્ર આ શ્રેણી પૂરતી નથી. ન્યૂઝીલેન્ડમાં તેની અગાઉની ૧૪ વન ડેમાં ૪૩૭ રન અને ૩૬.૪૧ની સરેરાશ હતી. આ દરમિયાન ચાર અડધી સદી નોંધાવી હતી, પરંતુ એક પણ સદી ફટકારી નહોતી. ભારતીય પીચ પર સ્પિન અને ઝડપી બોલિંગ સામે આક્રમક બેટિંગ કરી શકતા રોહિતને વિદેશની પીચ પર શરૂઆતની ઓવરોમાં મુશ્કેલી પડતી હોવાનું ફરી સામે આવ્યું છે.

ઘરઆંગણે શ્રેણી

રોહિતે વધુ એક વર્લ્ડ કપ રમવાની ઇચ્છા દર્શાવી છે, પરંતુ પસંદગી સમિતિએ પણ તેની ક્ષમતા અને આગામી એક વર્ષના પ્રદર્શનનું મૂલ્યાંકન કરવાનું છે. રોહિત ૨૦૨૭ના વર્લ્ડ કપ વખતે ૪૦ વર્ષની નજીક હશે. ઘરઆંગણે શ્રીલંકા અને ઝિમ્બાબ્વે સામેની વન ડે શ્રેણીઓમાં રન બનાવીને તે પોતાનું સ્થાન મજબૂત કરી શકે છે. પરંતુ ઘરઆંગણાની અનુકૂળ પીચ પર સદી ફટકારવાથી દક્ષિણ આફ્રિકાની પડકારજનક પીચ પર સફળતા મળશે તેની ખાતરી નથી.

વિદેશી પીચ પર નિરાશા

વિરાટ કોહલી માટે પણ ન્યૂઝીલેન્ડની શ્રેણી બહુ આશાસ્પદ રહી નથી. શ્રેણીની પ્રથમ વન ડેમાં ૫૧ બોલમાં ૭૪ રન કરીને તેણે પોતાના ચાહકોમાં આશા જગાવી હતી. પરંતુ ત્યાર પછીની ઈનિંગ્સમાં સાત રન, શૂન્ય અને પાંચ રન જ કરી શક્યો. ચાર ઈનિંગ્સમાં કુલ ૮૬ રન અને ૨૧.૫૦ની સરેરાશ. શ્રેણીમાં ભારત તરફથી સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન હોવા છતાં તેના પ્રદર્શનને સંતોષકારક કહી શકાય નહીં. કારણ કે પ્રથમ મેચની અડધી સદી પછી બાકીની ત્રણ ઈનિંગ્સમાં તે બે આંકડાનો સ્કોર પણ કરી શક્યો નહોતો.

કોહલીની ચિંતાનું મોટું કારણ વિદેશની ધરતી પર સદીનો દુકાળ છે. દક્ષિણ આફ્રિકા, ઇંગ્લેન્ડ, ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા જેવા દેશો SENA તરીકે ઓળખાય છે. કોહલીએ છેલ્લી વખત ૨૦૧૯માં એડિલેડ ખાતે ઓસ્ટ્રેલિયા સામે આ દેશોમાં વન ડે સદી ફટકારી હતી. ત્યાર પછી સાત વર્ષથી આ ચાર દેશોમાં તેની વન ડે સદીની રાહ જોવાઈ રહી છે.

૨૦૧૯ પછી SENA દેશોમાં કોહલીએ ૨૧ ઈનિંગ્સમાં ૭૦૧ રન કર્યા છે. તેની સરેરાશ ૩૫.૦૫ છે. આ સમયગાળામાં નવ અડધી સદી છે, પરંતુ એક પણ સદી નથી. ચાર વખત તે શૂન્ય પર આઉટ થયો છે અને આઠ વખત તેનો સ્કોર એક આંકડામાં રહ્યો છે. આ આંકડા કોહલી જેવા બેટ્સમેન માટે ચોક્કસપણે ચિંતાજનક છે.

વધતી વય

૨૦૨૭નો વર્લ્ડ કપ દક્ષિણ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામિબિયામાં યોજાવાનો છે. ૯ ઑક્ટોબરથી શરૂ થનારી આ સ્પર્ધા માટે ભારત પાસે તૈયારી કરવાનો સમય હજુ છે. ન્યૂઝીલેન્ડની શ્રેણી પછી ભારત ઘરઆંગણે શ્રીલંકા અને ઝિમ્બાબ્વે સામે છ વન ડે રમવાનું છે. ત્યાર પછી લગભગ છ મહિનાનો વિરામ આવશે અને વર્લ્ડ કપની તૈયારીનો નિર્ણાયક તબક્કો શરૂ થશે. આગામી વર્લ્ડ કપ વખતે રોહિત ૪૦ વર્ષની ઉંમરનો હશે અને કોહલી ૩૮ વર્ષનો હશે. બંનેની ઉંમર કરતાં તેમની શારીરિક ક્ષમતા, મેચ રમવાની તીવ્રતા, રન બનાવવાની સાતત્યતા અને વિદેશની પીચ પરની સફળતા વધુ મહત્ત્વની રહેશે.

ICCના અધ્યક્ષ તરીકે જય શાહની બીજી ટર્મમાં પુનઃનિમણુંક

બાલી, તા. ૧૬

બાલીમાં યોજાયેલી વૈશ્વિક ક્રિકેટ સંસ્થાની બોર્ડ બેઠક દરમિયાન આઈસીસીના ડિરેક્ટર્સ દ્વારા રજૂ કરવામાં આવેલા પ્રસ્તાવ બાદ જય શાહની બીજા કાર્યકાળ માટે આઈસીસીના અધ્યક્ષ તરીકે બિનહરીફ પુનઃનિમણૂંક જાહેરાત કરવામાં આવી હતી. ક્રિકેટની રમત ૨૦૨૮માં લોસ એન્જલસ ખાતે યોજાનારી ઓલિમ્પિક ગેમ્સમાં પુનરાગમન કરવાની તૈયારી પણ કરી રહી છે.

ન્યુઝીલેન્ડના હેડ કોચ રોબ વોલ્ટરે જ પીચનું રહસ્ય જણાવી દીધું

ભારત સામેની પ્રથમ ટેસ્ટ માટેની પીચ ફાસ્ટ બોલરોને માટે અનુકૂળ રહેશે

વેલિન્ગટન, તા. ૧૬

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ૧૯ નવેમ્બરથી વેલિંગ્ટનના બેસિન રિઝર્વ મેદાન પર બે ટેસ્ટ મેચની શ્રેણીનો પ્રારંભ થવાનો છે. પ્રથમ ટેસ્ટ પહેલાં જ પીચ કેવી હશે અને કયા પ્રકારના બોલરોને વધુ મદદ મળશે તેની ચર્ચા શરૂ થઈ ગઈ છે. ખાસ કરીને ભારતની મજબૂત ઝડપી બોલિંગને ધ્યાનમાં રાખીને ન્યૂઝીલેન્ડ સ્પિનરોને મદદરૂપ થાય તેવી પીચ તૈયાર કરશે કે કેમ તે અંગે અટકળો હતી.

ફાસ્ટરો માટેની પીચ

જોકે ન્યૂઝીલેન્ડના મુખ્ય કોચ રોબ વોલ્ટરે આ અટકળો પર પૂર્ણવિરામ મૂકતાં કહ્યું છે કે બેસિન રિઝર્વમાં સામાન્ય રીતે જે પ્રકારની પીચ જોવા મળે છે તેવી જ પીચ મળવાની અપેક્ષા છે. અહીં પીચ સંપૂર્ણપણે સ્પિનરોને મદદરૂપ બને અને 'રેન્ક ટર્નર' બની જાય તેવી શક્યતા બહુ ઓછી છે.

વોલ્ટરના આ નિવેદનથી ભારતની ટીમ મેનેજમેન્ટની વ્યૂહરચના પણ ચર્ચામાં આવી છે. ભારતીય ટીમે આ ટેસ્ટ શ્રેણી માટે કુલદીપ યાદવના સ્થાને ઝડપી બોલર ગુરનૂર બ્રારને ટીમમાં સામેલ કર્યો છે. ભારત પાસે જસપ્રીત બુમરાહ, મોહમ્મદ



અત્યાર સુધી આ ગ્રાઉન્ડ પર રમાયેલ તમામ ટેસ્ટમાં ૮૪ ટકા વિકેટો ફાસ્ટ બોલરોએ ઝડપી છે

વેલિન્ગટનમાં ૧૯ નવેમ્બરથી શરુ થતી પ્રથમ ટેસ્ટમાં સ્પિનરો માટે ખાસ તક નહીં સર્જાય

સિરાજ, પ્રસિદ્ધ કૃષ્ણા અને આકાશ દીપ જેવા ઝડપી બોલરો પણ છે. એટલે ભારત ઝડપી બોલરોમાં સારા એવા વિકલ્પો છે.

ન્યૂઝીલેન્ડની ટીમ માટે પણ ભારતની આક્રમક ઝડપી બોલિંગનો સામનો કરવો મોટો પડકાર રહેશે.

જીતવાની તક

વોલ્ટરે સ્પષ્ટ કર્યું છે કે ન્યૂઝીલેન્ડની ટીમ પ્રતિસ્પર્ધી કોણ છે તે જોઈને પોતાની ઘરઆંગણાની પરંપરાગત પરિસ્થિતિઓ બદલવા માગતી નથી. ટીમે પોતાની શક્તિ પ્રમાણે ક્રિકેટ રમવાનું છે.વોલ્ટરે કહ્યું હતું કે, 'અમે એવી પરિસ્થિતિઓ માટે તૈયારી કરીશું જે અમને મેચ જીતવાની શ્રેષ્ઠ તક આપે. પરંતુ આખરે અમારે અમારું શ્રેષ્ઠ ક્રિકેટ રમવું પડશે. જો અમે સારું નહીં રમીએ તો તેની જવાબદારી અમારી રહેશે.'

પીચમાં ચોથા અને પાંચમા દિવસે સ્પિનરોને મદદ મળી શકે કે કેમ તેવા પ્રશ્નના જવાબમાં વોલ્ટરે રમૂજી અંદાજમાં કહ્યું હતું કે, 'સ્પિનરોને મદદ મળશે તેવી વાત તમે ક્યાંથી સાંભળીને આવ્યા છો તેની મને ખબર નથી. મેં તો પહેલી વાર આવી વાત સાંભળી છે.'

૭૦ ટેસ્ટ રમાઈ

વેલિંગ્ટનનું બેસિન રિઝર્વ ન્યૂઝીલેન્ડના સૌથી જૂના અને પરંપરાગત ટેસ્ટ ક્રિકેટ મેદાનોમાંનું એક છે. અહીં અત્યાર સુધી ૭૦ ટેસ્ટ મેચ રમાઈ છે. આ મેદાન પર અત્યાર સુધી પડેલી વિકેટોમાં લગભગ ૮૪ ટકા વિકેટ ઝડપી બોલરોએ મેળવી છે.

ડિસેમ્બર ૨૦૨૫માં અહીં રમાયેલી ન્યૂઝીલેન્ડ અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચેની ટેસ્ટ મેચ માત્ર ત્રણ દિવસમાં પૂરી થઈ ગઈ હતી. આ મેચમાં બંને ટીમોના સ્પિનરોએ મળીને માત્ર બે વિકેટ મેળવી હતી. એટલે કે તાજેતરના ઈતિહાસમાં પણ આ મેદાન પર ઝડપી બોલરોનું પ્રભુત્વ જોવા મળ્યું છે.

૨૦૨૦માં જ્યારે વિરાટ કોહલીના નેતૃત્વ હેઠળ ભારતીય ટીમ અહીં રમી હતી ત્યારે પણ મેચ ચાર દિવસમાં પૂરી થઈ ગઈ હતી.

રોહિત શર્માએ ન્યુઝીલેન્ડ સામેની શ્રેણીની ચાર ઈનિંગમાં ૩૦ રન જ નોંધાવ્યા : કોહલીએ સાત વર્ષથી SENA દેશોમાં વન-ડે સદી જ નથી ફટકારી : આવતા વર્ષે વન-ડેનો વર્લ્ડ કપ સાઉથ આફ્રિકામાં રમાનાર છે

એકપણ સેટ કે મેચ ગુમાવ્યા વગર ટાઈટલ જીત્યું

રશિયાની ૧૯ વર્ષીય આંદ્રીવાની તેની સૌપ્રથમ WTA ફાઇનલ્સમાં ચેમ્પિયન બનાવની સિદ્ધિ

ઈન્ડિયન વેલ્સ, તા. ૧૬

વિશ્વની મહિલા ટેનિસમાં નવી પેઢીની સૌથી પ્રતિભાશાળી ખેલાડીઓમાં સ્થાન ધરાવતી રશિયાની મીરા આંદ્રેવાએ પોતાની પ્રતિભાનો વધુ એક પરિચય આપ્યો છે. અમેરિકાના ઈન્ડિયન વેલ્સમાં યોજાયેલી વિશ્વની વર્તમાન ટોચની આઠ ખેલાડીઓ વચ્ચેની WTA ફાઇનલ્સમાં પદાર્પણ કરનાર ૧૯ વર્ષીય ખેલાડીએ એક પણ મેચ કે સેટ ગુમાવ્યા વિના ચેમ્પિયન બનવાની અસાધારણ સિદ્ધિ મેળવી છે. ફાઇનલમાં તેણે યુક્રેનની અનુભવી ખેલાડી એલિના સ્વિતોલિનાને સીધા સેટમાં ૭-૫, ૬-૩થી હરાવીને ખિતાબ પોતાના નામે કર્યો હતો.

આ સિદ્ધિ સાથે તે મહિલા ટેનિસના ઇતિહાસમાં WTA ફાઇનલ્સમાં પદાર્પણ કરીને ચેમ્પિયન બનનારી સૌથી નાની વયની ખેલાડીઓમાં સામેલ થઈ છે.ટેનિસ ઇતિહાસમાં આ ટુર્નામેન્ટ જીતનારા ક્રિસ એવર્ટ અને શારાપોવા અન્ય ટીન એજ વિજેતા છે.

૨૦૨૬નું વર્ષ મીરા આંદ્રેવા માટે



ઇનામ તરીકે રૂા.૩૦ કરોડ જેટલી રકમ અને મર્સીડીઝ કાર : જો કે આંદ્રીવા પાસે લાયસન્સ નથી!

કારકિર્દીનું યાદગાર વર્ષ બની રહ્યું છે. આ વર્ષે તેણે ફ્રેન્ચ ઓપન એટલે કે રોલાં ગેરોસમાં પોતાનો પ્રથમ ગ્રાન્ડ સ્લેમ ખિતાબ જીત્યો હતો.

WTA ફાઇનલ્સમાં અજેય રહીને ખિતાબ જીતવાના કારણે તેને ૩૩.૭ લાખ અમેરિકન ડોલર એટલે કે ભારતીય ચલણમાં અંદાજે રૂ. ૩૦ કરોડથી વધુની ઇનામી રકમ મળી છે.

આ ઉપરાંત તેને ખાસ તૈયાર કરવામાં આવેલી જાંબલી રંગની મર્સિડીઝ બેન્ઝ AMG SL 55 કાર પણ ઇનામમાં મળી હતી. જોકે આંદ્રેવા પાસે હજુ ડ્રાઇવિંગ લાઇસન્સ નથી!

ATP ફાઇનલ્સ:અલ્કારાઝ અને શેલ્ટનના વિજય

ઈન્ડિયન વેલ્સ : ATP ફાઇનલ્સમાં બીજા ક્રમાંકિત અલ્કારાઝે અમેરિકાના ટીયાફોને સાવ આસાનીથી ૬-૨,૬-૨થી તેની આં ટુર્નામેન્ટની પ્રથમ મેચમાં પરાજય આપ્યો હતો આ સાથે અલ્કારાઝે વીએના અને પેરિસ માસ્ટર્સ ટુર્નામેન્ટમાં ચેમ્પિયન બનવા દરમ્યાનની સળંગ નવ મેચ જીત્યા પછી આ દસમી મેચ જીતી છે. યુ. એસ. ઓપન ફાઇનલીસ્ટ શેલ્ટને આર્થર ફિલ્સને ૬-૨,૩-૬,૬-૩થી પરાજય આપ્યો હતો. ઝવેરેવ તેની જોડાર સામેની મેચ જીતી ચુક્યો છે. હવે કોબોલી મેડવેડેવ સામે રમશે.

ટી ૨૦ ટુર્નામેન્ટ : આસામ સામે પાટીદારના ૪૮ બોલમાં ૮ ચોગ્ગા, ૧૩ છગ્ગા સાથે ૧૩૫

સૂર્યકુમાર યાદવના આક્રમણ સામે ગુજરાતની શરણાગતિ : બરોડા અને સૌરાષ્ટ્રના વિજય



શિવાલિક



પાટીદાર



સૂર્યકુમાર

બરોડાના શિવાલિક શર્માના મિઝોરમ સામે ૩૯ બોલમાં પાંચ ચોગ્ગા અને ૧૧ છગ્ગા સાથે ૧૦૧*

ન્યુ ચંદીગઢ, તા. ૧૬

સૈયદ મુસ્તાક અલી ટ્રોફી ટી ૨૦ ટુર્નામેન્ટમાં આજે રમાયેલી મેચોમાં મધ્ય પ્રદેશના રજત પાટીદાર અને બરોડાના શિવાલિક શર્માએ વિસ્ફોટક સદી તેમજ મુંબઈ તરફથી સૂર્યકુમાર યાદવે ધમાકેદાર બેટિંગ કરીને પોતાની ટીમને જીત અપાવી હતી. મધ્ય પ્રદેશના કેપ્ટન રજત પાટીદારે આસામ સામે માત્ર ૪૧ બોલમાં સદી ફટકારી હતી, જ્યારે મુંબઈ તરફથી રમતા સૂર્યકુમાર યાદવે ગુજરાત સામે માત્ર ૨૯ બોલમાં ૮૨ રન ફટકારીને પોતાની આક્રમક બેટિંગનો પરિચય આપ્યો હતો. શિવાલિક શર્માએ ૩૯ બોલમાં અણનમ ૧૦૧ રન કર્યા હતા.

મધ્ય પ્રદેશ જીત્યું

મધ્ય પ્રદેશે ૨૦ ઓવરોમાં ૨૫૦ રન છ વિકેટે નોંધાવ્યા હતા. કેપ્ટન રજત પાટીદારે ૪૮ બોલમાં આઠ ચોગ્ગા અને ૧૩ છગ્ગા સાથે ૧૩૫ રનની ઝંઝાવાતી ઈનિંગ રમી હતી. જવાબમાં આસામ ૧૧૯ રનમાં ઓલ આઉટ થઈ જતાં તેઓનો ૧૩૧ રનથી પરાજય થયો હતો.

સૂર્યાનું તેજ

કોલકાતા : ભારતીય ટી ૨૦ ટીમના કેપ્ટન રહી ચૂકેલ સૂર્યકુમાર યાદવે ગુજરાત સામે પોતાની ઓળખ સમી ૩૬૦ ડિગ્રી બેટિંગનું પ્રદર્શન કર્યું હતું. ગુજરાતે પ્રથમ બેટિંગ કરતાં ૧૯.૨ ઓવરમાં ૧૯૭ રન બનાવ્યા હતા. મુંબઈ માટે આ લક્ષ્યાંક મોટું નહોતું, કારણ કે સૂર્યકુમાર યાદવે ૨૯ બોલમાં ૮૨ રન ફટકાર્યા હતા. તેની ઈનિંગ્સમાં નવ ચોગ્ગા અને સાત છગ્ગાનો સમાવેશ થતો હતો. તેણે માત્ર ૧૮ બોલમાં અડધી સદી પૂરી કરી હતી.

ગુજરાતે આશુતોષ શર્માના ૨૨ બોલમાં ૪૨ અને વિશાલ જયસ્વાલના ૨૧ બોલમાં ૩૮ રનની મદદથી ૧૯.૨ ઓવરોમાં ૧૯૭ રન કર્યા હતા. શાર્દુલ ઠાકુર અને અંકોલેકરે ૩-૩ વિકેટ ઝડપી હતી.

શિવાલિકનો સપાટો

મુંબઈ : બરોડા તરફથી રમતા શિવાલિક શર્માએ પણ શાનદાર સદી ફટકારી હતી. મિઝોરમ સામે ૧૩૪ રનના લક્ષ્યાંકનો પીછો કરતી વખતે શિવાલિકે માત્ર ટીમના ૨ વિકેટે ૧૩૮ વિજયી રનમાંથી પોતે એકલાએ જ ૩૯ બોલમાં પાંચ ચોગ્ગા અને ૧૧ છગ્ગા સાથે અણનમ ૧૦૧ રન બનાવ્યા હતા. બરોડાએ માત્ર ૧૦.૨ ટાર્ગેટ ઝીલી લીધો હતો. મિઝોરમે પ્રથમ બેટિંગ કરતાં ૨૦ ઓવરમાં ૧૩૩/૫નો સ્કોર બનાવ્યો હતો.

સૌરાષ્ટ્રની આસાન રાહ

ઈન્દોર : સૌરાષ્ટ્રે તેની હરિયાણા સામેની મેચ આઠ વિકેટે જીત્યું હતું. સૌરાષ્ટ્રે હરિયાણાને ૨૦ ઓવરમાં ૧૧૮/૯ના સ્કોર સુધી રોક્યું હતું. ઉનડકટ, સાકરીયા અને પાર્થ ભૂતે બે- બે વિકેટ ઝડપી હતી. સૌરાષ્ટ્રે ૧૩.૫ ઓવરોમાં ટાર્ગેટ પાર પાડ્યું હતું. ઓપનર વિશ્વરાજ જાડેજાએ ૨૩ બોલમાં ૪૮ રન કર્યા હતા.

સ્પેનની ધરખમ ટીમને ૪૩ મેચ પછી પરાજયનો સામનો કરવો પડ્યો

ઈંગ્લેન્ડે નેશન્સ કપમાં વર્લ્ડ ચેમ્પિયન સ્પેનને ૩-૨થી હરાવ્યું

મેડ્રિડ : યુરોપિયન ફૂટબોલમાં નેશન્સ લીગની નિર્ણાયક મેચોમાં એક તરફ ઈંગ્લેન્ડે વિશ્વવિજેતા સ્પેનને તેના જ ઘરઆંગણે ૩-૨થી હરાવીને ફૂટબોલ જગતને ચોંકાવી દીધું હતું, તો બીજી તરફ બેલ્જિયમે ઇટાલીને ૪-૧થી હરાવીને તેની ક્વાર્ટર ફાઇનલમાં પહોંચવાની આશા પર પાણી ફેરવી દીધું હતું. ઈંગ્લેન્ડની જીત માત્ર ત્રણ પોઇન્ટ મેળવવા પૂરતી નહોતી, પરંતુ સ્પેનના સતત ૪૩ મેચના અજેય સિલસિલાનો અંત લાવનારી પણ હતી. બીજી તરફ ઇટાલી માટે આ પરાજય નેશન્સ લીગની સફરનો અંત સાબિત થયો હતો.સ્પેન ઈંગ્લેન્ડ પછી બીજા ક્રમે હોઈ તેનો ક્વાર્ટર ફાઇનલ પ્રવેશ નિશ્ચિત છે. સ્પેને આખરી મિનિટોમાં ગોલ કરવા મરણીયા પ્રયાસ કર્યા હતા પણ ઈંગ્લેન્ડના ગોલકીપર જેમ્સ ટ્રેફોર્ડ અદ્ ભૂત રમત બતાવી હતી.

જાહેર નોટિસ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ, સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ - ૬ (નરોડા) અને તાલુકે દશક્રોઈના મોજે-ગામ એજાસણની સીમમાં આવેલ જુના બ્લોક નંબર-૨૧૧ પૈકી જેના રી-સર્વે મુજબ નવા બ્લોક નંબર - ૨૪૮/૦૦૬ ક્ષેત્રફળ ૨૦૫૦ સમચોરસમીટરની જુની શરતની ખેતીની જમીન (૧) નરોતમભાઈ બાબુભાઈ (૨) રમેશભાઈ બાબુભાઈ, બંને ઠેકાણુ : અમદાવાદનાએ તેઓની માલિકી કબજા ભોગવટાની તેમજ તમામ પ્રકારના બોજાઓથી મુક્ત આવેલ હોવાનુ જણાવી અમારી પાસે ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે તો સદર જમીનમાં કોઈનો હક્ક, હિત, હિસ્સો આવેલ હોય તો દિન-૭ (સાત) ની અંદર પ્રમાણીત પુરાવા સહીત રજી.એ.ડી.થી જાણ કરવી (પુરાવા વગરના વાંધાઓ ધ્યાને લેવામાં આવશે નહી) અને જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો કોઈનો હક્ક, હિત, સબંધ નથી અને હોય તો તે વેચ કરેલ છે તેમ માનીને ટાઇટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી.

વિજય વાય. ચૌગુલે, એડવોકેટ
VIJAY Y. CHAUGULE & CO.
૪૨૫ થી ૪૨૮, દેવનંદન મોલ, સન્યાસ આશ્રમની સામે, એલીસબ્રીજ, અમદાવાદ ૩૮૦૦૦૬
ફોન નં.: ૮૭૮૦૬૪૮૯૪૩

જાહેર નોટિસ

ડિસ્ટ્રીકટ ખેડા, તાલુકો : કઠલાલના મોજે ગામ : અરાલની સીમના સર્વે/બ્લોક નંબર : ૩-૧ ની હે.આરે.ચો.મી. ૦-૭૮-૯૦ પૈકી અમો લખી આપનારના વ.વ હિસ્સાની હે.આરે.ચો.મી.૦-૨૫-૬૨ વાળી જુની શરતની ખેતીની જમીન આશાબેન સોમાભાઈ ઝાલાની દિકરી રહેવાસી : ખેડાનાએ પોતાની સ્વતંત્ર માલિકી, કબજા ભોગવટાની, બોજા રહીત અને માર્કેટેબલ હોવાનુ જણાવી અમારી પાસેથી સદરહુ જમીનના ટાઈટલ ક્લીયર અને માર્કેટેબલ હોવા અંગેના અભીપ્રાય/સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો સદર જમીનમાં કોઈનો હક્ક, હિત, હિસ્સો આવેલ હોય તો દિન-૭ (સાત) ની અંદર પ્રમાણીત પુરાવા સહીત રજી.એ.ડી.થી જાણ કરવી અને જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો કોઈનો સદર જમીનમાં હક્ક, હિત, સંબંધ નથી અને હોય તો તે વેચ કરેલ છે તેમ માનીને સદરહુ જમીનનુ ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ અમારા અસીલને આપવામાં આવશે ત્યારબાદ કોઈની કોઈ તકરાર ચાલશે નહી.

તારીખ :- ૧૭/૧૧/૨૦૨૬,
અમદાવાદ.

Shreyanshi Associates
મનિષ.એસ.આહિર, એડવોકેટ
મોબાઈલ : ૯૭૨૩૫૨૮૯૫૪
ઓફિસ:- 401, The Edge, Opp Malbar Royal, Bhakti Circle Road, Nikol, Ahmedabad.

જાહેર નોટિસ

ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકા સાણંદ ના ગામ સાણંદ ગામ ની સીમના ખાતા નં ૯૫૮૪ ના બ્લોક/સર્વે નં ૮૧/૪/૨/૩ની કુલ હે.આરે.ચો.મી. ૦-૩૧-૩૪ ક્ષેત્રફળની ખેતી ની જમીન વાળી મિલકત (૧) પરસનબેન ઘનશ્યામસિંહ ના વિધવા પત્ની (૨) રાજેશ્વરીબા ઘનશ્યામસિંહ તે કિશોરસિંહ જાડેજા ના પત્ની (૩) રવુભા ઘનશ્યામસિંહ વાઘેલા (૪) અનીરુધ્ધસિંહ ઘનશ્યામસિંહ વાઘેલા ની માલીકી, કબજા-ભોગવટાની કોઈ પણ પ્રકારના બોજા રહિતની આવેલ છે, તથા અમારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરી અમારી પાસે ઉપરોકત જમીનમાં અમો પાસે ટાઇટલ ક્લીયર સર્ટીફીકેટ માંગેલ છે. તો સદરહુ મિલકતમાં કોઈ પણ બેંક,શખ્સ, વ્યકિત, સંસ્થાનો લાગભાગ, ભરણ-પોષણનો કે અન્ય કોઈ પણ પ્રકારનો હકક હિત હિસ્સો પોષાતો હોય તો નીચેના સરનામે દિન-૭ માં લેખિત પુરાવા સહિત રજી. એડી. થી જાણ કરવી. ત્યારબાદ કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર ચાલશે નહિ અને ટાઇટલ ક્લીયર સર્ટીફીકેટ આપવામાં આવશે તે જાણવું.

તારીખ: ૧૭-૧૧-૨૦૨૬

મંથન અજીતકુમાર રાવલ
(એડવોકેટ અને નોટરી)
ઓફિસ નં ૬૦૩, શિવાલીક સત્યમેવ, એસ.પી. રીંગ રોડ જંકશન, આંબલી-બોપલ રોડ, બોપલ,
અમદાવાદ - ૩૮૦૦૫૮
મો - ૯૬૨૪૦ ૮૬૬૪૪

જાહેર નોટિસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ અમદાવાદ સબ-ડિસ્ટ્રીક્ટ તથા તાલુકા વિરમગામ નાં મોજે - કાલીયાણા ગામની સીમના સર્વે/બ્લોક નં. ૩૯૮ (જુના સર્વે નં. ૨૩૦પૈકી) ની ખાતા નં. ૪૫૩ માં ચાલતી કુલ ૩૪૪૨૮ ચોરસમીટર ખેતીની જમીન રામભાઈ હરીભાઈ, મોરી કમુબેન રામભાઈની પત્ની, મોરી કલ્પેશભાઈ રામભાઈ, મોરી વર્ષાબેન કલ્પેશભાઈ તથા મોરી પ્રશાંત કલ્પેશભાઈનાઓની કુલ સંપૂર્ણ સંયુક્ત માલિકી અને કબજા ભોગવટાની અને બોજા રહીત વેચાણને પાત્ર હોવાનું જણાવી સદરહું જમીન પરત્વેનાં ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા બદલનાં પ્રમાણપત્રની અમારી પાસે માંગણી કરેલ છે તો સદરહું જમીન ઉપર જો અન્ય કોઈપણ વ્યક્તિ, બેન્ક, મંડળી, પેઢી કે સંસ્થા ઈત્યાદીનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, હક્ક, હિત, હિસ્સો દાવો કે બોજો હોય તો તેઓએ આ જાહેર નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમોને તે બદલનાં પુરાવાની સર્ટીફાઈડ નકલ સહીત લેખિત જાણ નીચેના સરનામે રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી. થી કરવી. (પુરાવા સિવાયનાં વાંધા ધ્યાને લેવામાં આવશે નહીં) જો તેમ કરવામાં નહીં આવે તો સદરહું જમીન ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, હક્ક, હિત, હિસ્સો દાવો કે બોજો નથી અને હોય તો તે જતો કરેલ છે તેમ સમજી અમો સદરહું જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરી આપીશું. જેની નોંધ લેવી.

તા. ૧૬-૧૧-૨૦૨૬

મનોજ કે. સિંધવ, એડવોકેટ
૩૦૧-૩૦૨, ઈલાઈટ, સપથ હેક્ષાની સામે, સોલા ઓવર બ્રીજની બાજુમાં, એસ.જી. હાઈવે, સોલા,
અમદાવાદ- ૩૮૦૦૬૦.
ઓફીસ ફોન નં. ૦૭૯-૩૫૮૫૯૩૧૪

સરકારી અધિકારીઓએ ઈટાલીના નેતાના નિવેદનને અયોગ્ય ગણાવ્યું

ઈટાલીયન નેતાના 'વોટ ચોર ગદ્દી છોડ' નારાથી વિઝા નિયમોનો ભંગ થયો

નવી દિલ્હી, તા. ૧૬

હૈદરાબાદમાં તેલંગણા સરકારે ભારત સમિટનું આયોજન કર્યું હતું. એમાં ઈટાલીના નેતા જિયાકોમો ફિલિબેકે વકતવ્ય આપતી વખતે કોંગ્રેસનો નારો લગાવ્યો હતો અને કહ્યું હતું કે વોટ ચોર ગદ્દી છોડ. આ નિવેદનથી ભારે વિવાદ થયો હતો. ભાજપે આ મુદ્દે કોંગ્રેસની ટીકા કરી હતી. હવે આનો રાજકીય રંગ છેક ઈટાલી સુધી પહોંચી ગયો છે. ઈટાલીના વડાંપ્રધાન મેલોનીના સહયોગી નેતાએ પણ જિયાકોમોની ટીકા કરી હતી.

હૈદરાબાદમાં કોંગ્રેસની ભારત સમિટમાં રાહુલ ગાંધીની હાજરીમાં જિયાકોમી ફિલિબેક નામના નેતાએ નિવેદન આપ્યું હતું

ઈટાલીના સોશિયાલિસ્ટ નેતા જિયાકોમો ફિલિબેક ઈટાલીના રાજકારણમાં વિપક્ષમાં છે. વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીના વિરોધીદળમાંથી આવે છે. ભારતમાં આવીને તેલંગણા સરકાર દ્વારા યોજાયેલી ભારત સમિટમાં જિયાકોમોએ કોંગ્રેસનો નારો લગાવ્યો હતો. તે નારો લગાવ્યો ત્યારે રાહુલ ગાંધી સહિતના કોંગ્રેસના નેતા હાજર હતા, એટલું જ નહીં. આ નારો લાગ્યો ત્યારે નેતાઓ હસતા હતા. આ મુદ્દે ભારતમાં સારો એવો રાજકીય રંગ લાગ્યો. ભાજપના નેતા અને કેન્દ્રીય મંત્રી કિરન રિજૂજીએ રાહુલ ગાંધીની ટીકા કરતા કહ્યું હતું કે વિદેશી નેતા દેશનું અપમાન કરે ત્યારે વિરોધ કરવાને બદલે હાસ્ય કરવું તે દેશનું અપમાન છે.

બીજી તરફ વિદેશ મંત્રાલયના અધિકારીઓને ટાંકીને રજૂ થયેલા અહેવાલોમાં પણ એવો મત વ્યક્ત થયો હતો કે આ રીતે વિદેશી નાગરિક દેશની આંતરિક બાબતમાં દખલ આપે કે બોલે તે ખરેખર તો વિઝા નિયમોનું ઉલ્લંઘન છે. આ નિવેદન બદલ કાર્યવાહી કરવાનો પણ સરકારને અધિકાર છે. ઈટાલીના મહિલા સાંસદ અને પીએમ જ્યોર્જિયા મેલોનીના સહયોગી નેતા ડેબોરા બર્ગામિનીએ જિયાકોમીની ઝાટકણી કાઢતા કહ્યું હતું કે તમે ભારતમાં જઈને ભારતને લેક્ચર ન આપી શકો. આ બિલકુલ અયોગ્ય છે. ભારત પાસે આંતરિક રાજકીય બાબતોના ઉકેલની વ્યવસ્થા છે.

ન્યાયપાલિકા કાર્યરત છે અને બીજી એજન્સીઓ પણ છે. એમાં એક વિદેશી તરીકે કોઈ નેતાએ સલાહ આપવી ન જોઈએ. તેમણે એવુંય કહ્યું કે ઈટાલી-ભારતના દ્વિપક્ષીય સંબંધો ઘણા મજબૂત છે. ભારતની આંતરિક બાબતમાં ઈટાલીના કોઈ નેતાએ દખલ કરીને દ્વિપક્ષીય સંબંધોને અસર ન પહોંચાડવી જોઈએ.

નાસાનું વોયેજર-૧

(પહેલા પાનાનું ચાલુ)

અફાટ,અનંત અંતરિક્ષમાં સતત પ્રવાસ કરીને આપણા સૂર્યમંડળની સરહદ બહાર નીકળી ગયું છે. ઈન્ટરસ્ટેલર સ્પેસમાં પહોંચનારું વોયેજર -૧ અવકાશયાન પહેલું છે. ખાસ કરીને માનવી દ્વારા બનાવવામાં આવેલું પ્રથમ યંત્ર છે.

નાસાનાં સૂત્રોએ એવી માહિતી પણ આપી છે કે વોયેજર -૧ અવકાશયાન ૨૦૨૬ની ૧૮, નવેમ્બરે , બુધવારે, સાંજે ૫:૧૬: ૦૭ વાગે (ભારતીય સમય) વન લાઇટ ડે ના અંતરે પહોંચી જશે. સરળ રીતે સમજીએ તો પૃથ્વીથી ૨૫.૯ અબજ કિલોમીટરના અફાટ અંતરે પહોંચી જશે. હાલ પૃથ્વી પરથી મોકલવામાં આવતો સંદેશો વોયેજર -૧ અવકાશયાન સુધી પહોંચતાં બરાબર ૨૪ કલાક થાય છે.

ટાટા ઈન્સ્ટિટયુટ ઓફ ફન્ડામેન્ટલ રિસર્ચ(ટી.આઈ.એફ.આર.-મુંબઈ) ના સિનિયર ખગોળશાસ્ત્રી અને હાલ ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ સાયન્સ એજ્યુકેશન એન્ડ રિસર્ચ(મોહાલી) ના સિનિયર વિજ્ઞાની ડો. કે.પી. સિંહે તેમના બહોળા સંશોધનાત્મક અભ્યાસના આધારે ગુજરાત સમાચારને એવી માહિતી આપી છે કે નાસાના વોયેજર -૧ અવકાશયાને ખરેખર અંતરિક્ષ સંશોધનના ઈતિહાસમાં અદભુત અને યાદગાર કામગીરી કરી છે.

ઈસરોના ચંદ્રયાન-૧-૨ પ્રોજેક્ટ્સમાં પાયારૂપ યોગદાન આપનારા અને નાસાના એપોલો -૧૧ અવકાશયાનના અવકાશયાત્રીઓ દ્વારા પૃથ્વી પર લાવવામાં આવેલા ચંદ્રના ખડકોનો અભ્યાસ કરનારી આંતરરાષ્ટ્રીય ટીમના વિજ્ઞાની ડો. નરેન્દ્ર ભંડારીએ ગુજરાત સમાચારને એવી માહિતી આપી છે કે નાસાનું વોયેજર -૧ અવકાશયાન સતત ૪૯ વર્ષથી તેની મૂળ યોજના અને દિશા ભણી સફળતાથી અંતરિક્ષમાં પ્રવાસ કરી રહ્યું છે એ જ બાબત અદભુત છે.

ટાટા ઈન્સ્ટિટયુટ ઓફ ફન્ડામેન્ટલ રિસર્ચના સિનિયર ખગોળશાસ્ત્રી અને નાસા - ઈસરોના સહિયારા અનુરાધા પ્રોજેક્ટના વિજ્ઞાની ડો.મયંક વાહિયાએ ગુજરાત સમાચારને એવી માહિતી આપી છે કે વોયેજર -૧ અવકાશયાનની આ સિદ્ધિ અંતરિક્ષ સંશોધન ક્ષેત્રે લેન્ડમાર્ક છે.વોયેજર -૧ અવકાશયાન સતત ૪૯ વર્ષથી અંતરિક્ષમાં પ્રવાસ કરી રહ્યું છે એ જ તેની ટેકનિકલ સિદ્ધિ છે.

પીએમ મોદી ફિલિપાઈન્સના પ્રવાસે પહોંચ્યા



પીએમ નરેન્દ્ર મોદી ત્રણ દિવસના ફિલિપાઈન્સ પ્રવાસે પહોંચ્યા છે. ફિલિપાઈન્સની રાજધાની મનીલામાં એરપોર્ટ તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. પીએમ મોદી આ પ્રવાસ દરમિયાન આસિયાન ઈન્ડિયા સમિટ અને ઈસ્ટ એશિયા સમિટમાં ભાગ લેશે. ૧૭ નવેમ્બરના રોજ તેઓ બંને મહત્ત્વપૂર્ણ શિખર સંમેલનોમાં હાજરી આપશે.

૨૦૧૭માં સિક્કિમ નજીક દોકલામમાં ભારત-ચીન સૈનિકો સામસામે આવી ગયા હતા, હવે યુદ્ધ વિમાન દેખાતા અનેક અટકળો

ચીનનું યુદ્ધ વિમાન

(પહેલા પાનાનું ચાલુ)

આવી હતી તેમ છતા યુદ્ધ વિમાન પરત નહોતું જઈ રહ્યું. આશરે ૨૫,૦૦૦ ફૂટની ઉંચાઈ પર આ ચીની વિમાન ડિટેક્ટ થયું હતું.

જે વિસ્તારમાં આ ચીનનું વિમાન જોવા મળ્યું ત્યાં ચિકન નેક તરીકે ઓળખાતો વિસ્તાર આવેલો છે. આ વિસ્તાર ચીન, નેપાળ, ભૂતાન, બાંગ્લાદેશ નજીક આવેલો છે અને માત્ર ૨૦થી ૨૨ કિમી સુધીનો જ છે. સુરક્ષાને લઈને આ વિસ્તાર અત્યંત સંવેદનશિલ માનવામાં આવે છે કેમ કે આ વિસ્તાર જ ભારતને પૂર્વોત્તર બાજુના કેટલાક રાજ્યો સાથે જોડે છે. જે સિક્કિમમાં ચીનનું આ યુદ્ધ વિમાન જોવા મળ્યું તે દોકલામ નજીક આવેલ છે. ૨૦૧૭માં ચીન અને ભારતીય સૈન્ય બન્ને આ વિસ્તારમાં સામસામે આવી ગયા હતા. જોકે ચીનના યુદ્ધ વિમાનો ભારતની સરહદમાં ઘૂસવાની આ કોઈ પ્રથમ ઘટના નથી, જૂન ૨૦૨૨માં લદ્દાખમાં પણ ચીનનું એક યુદ્ધ વિમાન જોવા મળ્યું હતું. લદ્દાખ સરહદે જ્યારે બન્ને દેશોના સૈનિકો સામસામે આવી ગયા હતા ત્યારે પણ ચીનના સૈન્ય હેલિકોપ્ટર જોવા મળ્યા હતા. ઉત્તરાખંડના બારાહોતી વિસ્તારમાં ૨૦૧૭માં ચીનના બે ચોપર પ્રવેશ્યા હતા.

દિલ્હીની વાત

(પહેલા પાનાનું ચાલુ)

બીજી અગત્યની કમિટિઓ પણ જાહેર કરવામાં આવશે. પ્રદેશ મેનિફેસ્ટો કમિટિની જવાબદારી ભૂતપૂર્વ પ્રદેશ પ્રમુખ અને ભૂતપૂર્વ રાજ્યસભા સાંસદ અવિનાશ રાય ખન્નાને સોંપવામાં આવી છે. આ કમિટિમાં મંત્રી સિંહ બાદલ, અશ્વની શર્મા, મનોરંજન કાલીયા સહિત ૧૮ જેટલા સભ્યો પસંદ કરવામાં આવ્યા છે. ચાર્જશીટ કમિટિના ચેરમેન તરીકે ભૂતપૂર્વ પ્રદેશ પ્રમુખ અને સાંસદ સુનીલ ઝાખડની નિમણૂક કરવામાં આવી છે આ કમિટિમાં કુલ ૧૪ સભ્યો પસંદ કરવામાં આવ્યા છે.

છઠ્ઠ પૂજા પર કલ્યાણ બેનર્જીના નિવેદનથી બબાલ

પશ્ચિમ બંગાળમાં ભાજપ સરકાર આવ્યા પછી પહેલી વખત છઠ્ઠ પૂજાનું આયોજન થયું હતું. આ આયોજન પછી રાજકીય વિવાદ વધી ગયો છે. રાજ્યના મંત્રી ઈન્દ્રનીલ ખાનએ ટીએમસીના સાંસદ કલ્યાણ બેનર્જીના નિવેદન પર આકરી પ્રતિક્રિયા આપી છે. કલ્યાણ બેનર્જીએ છઠ્ઠ પૂજાની તૈયારીઓ સંદર્ભે ભાજપ સરકાર પર પ્રશ્નો કર્યા હતા. એમનો આરોપ હતો કે પશ્ચિમ બંગાળમાં ગેર બંગાળીઓનો પ્રભાવ વધી રહ્યો છે. ખાસ કરીને છઠ્ઠ પૂજાને એમણે બિહારીઓની પૂજા ગણાવી હતી એનાથી ઈન્દ્રનીલ ખાન છંછેડાઈ ગયા હતા. ઈન્દ્રનીલે કહ્યું હતું કે છઠ્ઠ પૂજા સહિત તમામ ઉત્સવોમાં તમામ લોકોની ભાગીદારી જરૂરી છે અને સરકારની જવાબદારી છે કે આ આયોજનમાં મદદ કરે. એમણે કહ્યું હતું કે, 'શું જેલ વાનમાં મા કાલીને લઈ જવી એ બંગાળની સંસ્કૃતિ છે? શું મોહરમને કારણે દુર્ગા વિસર્જન રોકવું એ બંગાળની સંસ્કૃતી છે?'

અનામત બેઠકોના રોટેશન પર સુપ્રિમ કોર્ટની અગત્યની ટીપ્પણી

કોઈપણ મતદાર કે ઉમેદવારને હક નથી કે કોઈક ખાસ મત વિસ્તાર એસસી કે એસટી ઉમેદવારો માટે અનામત રાખવાનો આગ્રહ રાખે. સુપ્રિમ કોર્ટે આ ટીપ્પણી કરીને મહારાષ્ટ્ર જિલ્લા પરીષદ અને પંચાયત સમિતિની ચૂંટણીઓમાં અનામત બેઠકોના રોટેશનની પ્રક્રિયાને ચેલેન્જ કરતી અરજી ફગાવી દીધી છે. સીજેઆઈ સૂર્યકાંત, જસ્ટીસ જોય માલ્યા બાગચી અને જસ્ટીસ વી મોહનાની બેંચે રૂપાલી ઈન્દ્રભૂષણ સોનડે વિરુદ્ધ મહારાષ્ટ્ર રાજ્ય અને અન્યના કેસમાં આ ચૂકાદો જાહેર કર્યો છે. અરજીમાં મહારાષ્ટ્ર જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિ નિયમ, ૨૦૨૫ના નિયમ ૧૨ને પડકાર આપવામાં આવ્યો હતો. આ નિયમ હેઠળ અનામત બેઠકોને રોટેશનને આધારે નવી રીતે તૈયાર કરવામાં આવી હતી. અરજી કરનારાઓની દલીલ હતી કે, રોટેશનની સમય મર્યાદા અને શરૂઆતી બિંદુને વારંવાર બદલવાથી અનામતનું રોટેશન ફક્ત નામનું રહી જશે.

જાણીતા ડ્રગ સ્મગલર નુરુલ ઈસ્લામને એનઆઈએએ પકડ્યો

નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી (એનઆઈએ)એ જાણીતા ડ્રગ સ્મલગર નુરુલ ઈસ્લામને પકડી પાડ્યો છે. દાણચોરની ધરપકડ આસામના સીચલર ખાતે થઈ હતી. આરોપ છે કે નુરુલ ઈસ્લામ મ્યામારથી ડ્રગની દાણચોરી કરી દેશના વિવિધ રાજ્યોમાં સપ્લાય કરતો હતો. બોર્ડરની બીજી બાજુથી ડ્રગ લાવીને દેશના વિવિધ રાજ્યોમાં સપ્લાય કરવાનું મોટુ નેટવર્ક નુરુલે ઉભુ કર્યું હતું. એનઆઈએના જણાવ્યા પ્રમાણે ૨૦૨૫ના મે મહિનામાં મીઝોરમના ચમ્પાઈ જિલ્લામાં લગભગ ૩૦.૭૨ કરોડની કિંમતની મેથામફેટામાઈન પકડાઈ હતી એ સંદર્ભમાં આ ધરપકડ કરવામાં આવી હતી. નુરુલની ધરપકડ થઈ એ વખતે એની પાસેથી મોબાઈલ ફોન અને મેમરી કાર્ડ સહિત બીજા કેટલાક ડીજીટલ સાધનો પણ જપ્ત કરવામાં આવ્યા હતા.

તામિલનાડુ સરકારે ૯૨૦૦૦થી વધુ ખેડૂતો-શિક્ષકો પરના કેસ પાછા ખેંચ્યા

તામિલનાડુ સરકારે મે ૨૦૨૧થી ૨૦૨૬ વચ્ચે શાંતિપૂર્ણ પ્રદર્શન કરનારા ૯૨૦૦૦થી વધુ ખેડૂતો અને શિક્ષકોને મોટી રાહત આપી છે. સરકારે એમના વિરુદ્ધ દાખલ થયેલા ૬૦૦ કેસો પાછા ખેંચવાનો હુકમ જાહેર કર્યો છે. ગૃહ વિભાગ અને એક્સાઈઝ વિભાગએ આ જાહેરાત કરી હતી. આ પહેલા તામિલનાડુના મુખ્યમંત્રી જોસેફ વિજયએ વિધાનસભામાં પણ આ બાબતની જાહેરાત કરી હતી. જોસેફ વિજયએ ૨૦૨૬ના સપ્ટેમ્બર મહિનામાં વિધાનસભાની બેઠક દરમિયાન કહ્યું હતું કે, અગાઉની સરકારોના કાર્યકાળ વખતે શાંતિપૂર્ણ પ્રદર્શન કરનાર ખેડૂતો અને શિક્ષકો સામે થયેલી ફરિયાદો પરત ખેંચવામાં આવશે. મુખ્યમંત્રીના આદેશ પછી મે ૨૦૨૧થી એપ્રિલ ૨૦૨૬ સુધી કરવામાં આવેલી ફરિયાદોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. કાયદાકીય સમીક્ષા પુરી થયા પછી આ ફરિયાદો પાછી ખેંચી લેવામાં આવી છે.

ફીલીબેકના નિવેદન પછી રાજકીય વિવાદ

હૈદરાબાદમાં આયોજીત ભારત સમીટને લઈને ભાજપએ કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી પર શાબ્દિક હુમલો કર્યો છે. ભાજપનો આરોપ છે કે રાહુલ ગાંધીએ આ કાર્યક્રમ દ્વારા ભારત વિરોધી તત્વોને મંચ આપ્યું હતું અને દેશને બદનામ કરવાની તેમજ દેશમાં અસ્થિરતા ફેલાવાની કોશિષ કરી હતી. ભાજપના પ્રવક્તાએ કહ્યું હતું કે, હૈદરાબાદ ખાતે યોજાયેલી ભારત સમીટનું નામ ખરેખર તો એન્ટી ઈન્ડિયા સમીટ હોવું જોઈએ. વિરોધપક્ષના નેતાએ આ સંમેલનમાં ભારત વિરોધી તત્વોને ભેગા કર્યા હતા. રાહુલ ગાંધી કોઈપણ એવો મંચ છોડતા નથી કે જ્યાં ભારતને બદનામ કરીને અવ્યવસ્થા ફેલાવવાની કોશિષ કરી શકાય. ભાજપ જ્યારે પોતાના શાસિત રાજ્યોમાં સંમેલનો કરે છે ત્યારે વિદેશી રોકાણકારો અને વિચારકોને આમંત્રણ આપે છે. આ કાર્યક્રમોમાં રોકાણ બાબતે ચર્ચા થાય છે અને દેશને સ્થિર કરવાની વાતો કરવામાં આવે છે. ઈટલીના નેતા જીયા કોમો ફીલીબેકએ કોંગ્રેસના સંમેલનમાં 'વોટચોર, ગદ્દીછોડ'ના સૂત્રો પોકાર્યા હતા.

રક્ષા ક્ષેત્રમાં બહારના જોખમોથી વાયુસેના સતર્ક

દેશના વાયુસેના પ્રમુખ એર ચીફ માર્શલ આસુતોષ દીક્ષિતએ કહ્યું હતું કે, દેશની ખરી આત્મનિર્ભરતાનો સંબંધ ફક્ત ઔદ્યોગીક ઉત્પાદનથી નથી, પરંતુ યુદ્ધ માટે તૈયાર રહેવામાં પણ છે. એમણે ખુલાસો કર્યો હતો કે ભવિષ્યના કોઈપણ સંઘર્ષમાં ભારત સોર્સ કોડ, સ્પેરપાર્ટ્સ, દારૂગોળો કે એન્જિન માટે વિદેશી તાકાતો પર નિર્ભર રહી શકે નહીં. દિલ્હીમાં 'આત્મનિર્ભરતા અને ભવિષ્યના યુદ્ધો માટે ભારતની તૈયારીઓ' વિષય પર 'એએમઆઈ નેશનલ સિક્યુરીટી સમિટ-૩'નું આયોજન થયું હતું. દીક્ષિતે ચેતવણી આપી હતી કે યુદ્ધ માટેની તૈયારીઓને ત્રણ રીતે આંકવામાં આવે છે. લાંબા સમય સુધી અભિયાન ચાલુ રાખવાની ક્ષમતા, લાંબા યુદ્ધ દરમિયાન ઉત્પાદન ઝડપથી વધારવાની ક્ષમતા અને યુદ્ધના મેદાનમાં ઝડપથી અનુકૂળ થવું.

યુરોપે સ્ટીલની

(પહેલા પાનાનું ચાલુ)

બજાર પરિસ્થિતિ સામે તપાસ પણ ચાલી રહી છે. તેણે જણાવ્યું હતું કે તેના તારણોની ઈયુના વેપાર સંરક્ષણ પગલાં પર વ્યાપક અસર પડી શકે છે.

પંચે જણાવ્યું હતું કે ભારત અને તાઈવાનની અંદર બજારની ખાસ પ્રકારની પરિસ્થિતિ ઈયુમાં ઉપયોગમાં લેવામાં આવતાસ્ટીલના ભાવ પર અસર કરે છે તેની સમીક્ષા કરવામાં આવી હતી. ભારતના કિસ્સામાં તેણે જણાવ્યું હતું કે સરકારી પગલાં લોહખનીજના ભાવ પર અસર કરે છે. લોહખનીજ કોલ્ડ રોલ્ડ સ્ટીલના ઉત્પાદન માટે ઉપયોગમાં લેવામાં આવતો મહત્ત્વનો કાચો માલ છે.

તાઈવાનના કિસ્સામાં પંચે જણાવ્યું હતું કે તેના પર ચીનની ઓવર કેપિસિટીની અસર થાય છે. ચીનમાંથી મોટાપાયા પર કોલ્ડ રોલ્ડ ફ્લેટ સ્ટીલની આયાતના લીધે તાઈવાનમાં સ્થાનિક ભાવ નીચે ગયા છે અને તાઈવાનીઝ ઉત્પાદકોની નફાકારકતા નબળી પડી છે.

ઈયુના એન્ટિ-ડમ્પિંગના નિયમો મુજબ પંચને જ્યારે લાગે કે બજારની સ્થિતિ સ્થાનિક અને નિકાસ ભાવ વચ્ચેની તુલના કરવા યોગ્ય લાગતી નથી ત્યારે પ્રોડક્ટના સ્થાનિક વેચાણ ભાવ પર આધારિત રહેવાના બદલે પ્રોડક્ટના સામાન્ય ભાવનું મૂલ્ય જાતે નક્કી કરી શકે છે.

દાદાની સંપત્તિમાં

(પહેલા પાનાનું ચાલુ)

પિતા સ્વતંત્ર રીતે આ સંપત્તિના માલિક ગણાય. તેથી પિતાને પોતાની આ સંપત્તિ વેચવા, અન્ય કોઈ વ્યક્તિના નામે ટ્રાન્સફર કરવાનો અધિકાર છે.

પુત્ર પોતાના હયાત પિતાની આ સંપત્તિ પોતાના નામે ના કરાવી શકે, અથવા તો પિતા દ્વારા તેને વેચવામાં આવી રહી હોય તો તેના પર રોક ના લગાવી શકે, સંપત્તિમાંથી પોતાનો હિસ્સો પણ ના માગી શકે. હિન્દુ ઉત્તરાધિકાર ૧૯૫૬ની કલમ-૮ મુજબ પ્રથમ કેટેગરીના વારસદારોમાં પત્ની, પુત્ર, પુત્રી સામેલ છે. જ્યારે દાદાનું મોત થાય ત્યારે સંપત્તિ આ લોકો વચ્ચે વહેંચવામાં આવતી હોય છે. જ્યારે પિતાનું મોત થાય છે ત્યારે પુત્ર આ સંપત્તિનો પ્રથમ કેટેગરીનો વારસદાર બની જાય છે. આ સમગ્ર મામલો ૧૮૧૧ ફુટ જમીન સાથે જોડાયેલો છે. આ જમીન અરજદાર જે. રાજેશના દાદાની હતી, વર્ષ ૧૯૯૪માં પરિવાર વચ્ચે સંપત્તિની વહેંચણી થઈ, જેમાંથી એક હિસ્સો રાજેશના પિતાને મળ્યો હતો. પિતાએ આ સંપત્તિ કોઈને વહેંચવાનો નિર્ણય કર્યો હતો જેની સામે પુત્ર રાજેશે અપીલ કરી હતી. મામલો હાઈકોર્ટ પહોંચ્યો, હાઈકોર્ટે પુત્રની અરજીને ફગાવતા બાદમાં સુપ્રીમમાં અપીલ કરવામાં આવી હતી.

ટ્રમ્પની આગેવાનીમાં ક્વાડ સુસ્ત નહીં વધુ મજબૂત બન્યુઃ અમેરિકા

વોશિંગ્ટન,તા.૧૬

ફિલિપાઈન્સની રાજધાની મનીલામાં થનારા ક્વાડ નેતાઓના શિખર સંમેલન પહેલા અમેરિકાના વરિષ્ઠ અધિકારીઓએ તે મીડિયા રિપોર્ટને ફગાવી દીધા છે કે ટ્રમ્પની આગેવાનીમાં ક્વાડ સુસ્ત બન્યું છે. તેમનું કહેવું છે કે ક્વાડ ઉપરથી વધુ મજબૂત બન્યું છે. બે વર્ષના લાંબા સમયગાળા પછી ફિલિપાઈન્સમાં ક્વાડ દેશોના નેતા મનીલામાં મળશે. ટ્રમ્પ એશિયાના પ્રવાસે જવા રવાના થઈ ચૂક્યા છે. અહીં તે મનીલામાં કોઈ ડીલ કરે તેવી સંભાવના છે. તેની સાથે તે ચીનના ટેકનો હબ શેન્ઝેનમાં રશિયા અને ચીન સાથે મળીને ત્રિપક્ષીય પરમાણુ કરાર કરે તેમ માનવામાં આવી રહ્યું છે.

બચ ગયે...

(પહેલા પાનાનું ચાલુ)

મળ્યું છે કે અમિતાભ બચ્ચનના ઘરની બહાર ગોળીબારનું કાવતરું ઘડવામાં આવ્યું હતું. આ માહિતી સામે આવતાની સાથે જ બોલિવૂડમાં ફરી એકવાર ખળભળાટ મચી ગયો છે. આ પછી અમિતાભ બચ્ચનનું ટવિટ ચર્ચાનો વિષય બની રહ્યું છે. અમિતાભ બચ્ચનના નિવાસસ્થાન બહાર ગોળીબાર કરવાના કાવતરાને નિષ્ફળ બનાવ્યા બાદ અભિનેતાએ ટવિટર પર એક પોસ્ટ શેર કરી છે. અમિતાભ બચ્ચને બચ ગયે લખતી પોસ્ટ શેર કરી છે. હાલમાં તેમની પોસ્ટ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. જોકે, અભિનેતાએ આ સંદેશ માટે કોઈ સ્પષ્ટતા આપી ન હતી અને એવી કોઈ પુષ્ટિ નથી કે તે કથિત કાવતરા સાથે સીધી રીતે જોડાયેલી હતી.

અમિતાભ અને

(પહેલા પાનાનું ચાલુ)

મારી દેવામાં આવશે. આ ધમકી બાદ મુંબઈ પોલીસ અને સુરક્ષા એજન્સીઓને એલર્ટ કરવામાં આવી છે. દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલ દ્વારા બે કથિત શૂટર્સ વિકાસ ઠાકુર અને દીપક સિંહની ધરપકડ બાદ ગેંગસ્ટર ગોલ્ડી ઢિલ્લોનની પોસ્ટ સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવી છે.ગોલ્ડીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને દાવો કર્યો હતો કે તેના બે સાથીઓની ધરપકડથી ગેંગની પ્રવૃત્તિઓ અટકશે નહીં અને મુંબઈમાં ૨૦૦ અન્ય સાથીઓ હાજર છે. જોકે તેના દાવાની સ્વતંત્ર રીતે ચકાસણી થઈ નથી.

ગોલ્ડી ઢિલ્લોનની ધમકીએ અમિતાભ બચ્ચનને ઘેરી લેતા લગભગ ચાર દાયકા જૂના વિવાદને ફરીથી પ્રકાશમાં લાવ્યો છે.આ પોસ્ટમાં ૧૯૮૪ના શીખ વિરોધી રમખાણોનો પણ ઉલ્લેખ છે. તત્કાલીન વડા પ્રધાન ઈન્દિરા ગાંધીની હત્યા બાદ દેશના ઘણા ભાગોમાં શીખ સમુદાય વિરુદ્ધ હિંસા ફાટી નીકળી હતી. આ સમય દરમિયાન, કેટલાક સંગઠનો દ્વારા અમિતાભ બચ્ચન પર કથિત રીતે ભડકાઉ સૂત્રોચ્ચાર કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. જો કે અભિનેતાએ સતત આ આરોપોને નકારી કાઢ્યા છે.

પેક્સ સિલિકામાં ભારત, જાપાન, ઓસ્ટ્રેલિયા, ઈઝરાયેલ, દક્ષિણ કોરીયા, બ્રિટન, કતાર અને યુએઈએ સહી કરી


એનવિડિયા

(પહેલા પાનાનું ચાલુ)

રહ્યું છે. આ સમજૂતીનો સમય ઘણો મહત્ત્વનો છે. આ રિપોર્ટ એનવિડિયાના પૂર્વ સીઈઓ જેન્સેન હુઆંગ અને કહેવાતી ચીની જાસૂસ એલિસા હુઆંગની સાથેના લગ્નેતર સંબંધોનો સ્વીકાર કરીને રાજીનામુ આપ્યા પછી આવ્યો છે.આ જાહેરાત પેક્સ સિલિકાનો નવો તબક્કો દર્શાવે છે. અમેરિકન નેતૃત્વવાળી આ પહેલનો પ્રારંભ ડિસેમ્બર ૨૦૨૫માં કરવામાં આવ્યો હતો. તેનો હેતુ એઆઈ સપ્લાયને વધારે મજબૂત બનાવવાનો અને ચીનના અંકુશવાળા ચોકપોઈન્ટ્સ પર નિર્ભરતા ઘટાડવાનો છે.

અમેરિકાએ એનવિડિયા, માઈક્રોસોફ્ટ, એમેઝોન, ઓપનએઆઈ, એન્થ્રોપિક સહિત ૨૦ અન્ય કંપનીઓને નેશનલ ચેમ્પિયનનો દરજ્જો આપ્યો છે. ચીનને ધ્યાનમાં રાખીને આ પગલું લેવામાં આવ્યું હોવાનું માનવામાં આવે છે. આ કાર્યક્રમ વિદેશી કંપનીઓને અને દેશોને અમેરિકાની એઆઈ ટેકનોલોજી લેવા માટે ડિઝાઈન કરવામાં આવ્યો છે. આ પ્રકારનો દરજ્જો ધરાવતી કંપનીઓને ચિપ્સ અને અન્ય ટેકનોલોજીની નિકાસ કરવાનું લાઈસન્સ મળે છે. તેમને વિદેશમાં કામ માટે સરકારી સમર્થન મળે છે અને ફેડરલ ફાઈનાન્સિંગનું એક્સેસ મળે છે. આ પહેલમાં આખી એઆઈ ઈકોસિસ્ટમનો સમાવેશ થાય છે. તેમા સેમીકંડક્ટર, મહત્ત્વના ખનીજ, એડવાન્સ મેન્યુફેક્ચરિંગ, ઉર્જા માળખુ અને ડેટા સેન્ટરનો સમાવેશ થાય છે. વાસ્તવમાં એઆઈ સપ્લાય ચેઈન ઘણા દેશોમાં ફેલાયેલી છે. તેથી ચિપ કોઈ એક દેશમાં ડિઝાઈન કરાય, બીજા દેશના ઉપકરણોનો ઉપયોગ કરી બનાવાય અને કોઈ ત્રીજા દેશના રસ્તે મોકલાઈ હોય. તેથી કોઈ એક સરકાર પાસે આ ટેકનોલોજીને સલામત રાખવી અત્યંત અઘરી બાબત છે. તેના હેઠળ ખાસ વર્કિંગ ગ્રુપ બનાવવામાં આવશે, જે નબળાઈઓને ઓળખીને સૂચનાઓનું આદાનપ્રદાન કરશે.









દેશ-દુનિયા

ગ્લેન ક્લોઝને આખરે ઓનરરી ઓસ્કારનું સન્માન



લોસ એન્જલસમાં યોજાયેલા ૧૭મા ગવર્નર્સ એવોર્ડ્સમાં હોલિવૂડની જાણીતી અભિનેત્રી ગ્લેન ક્લોઝને ઓનરરી ઓસ્કરથી સન્માનિત કરવામાં આવી હતી. પાંચ દાયકાથી વધુ સમયથી ફિલ્મોમાં સક્રિય ગ્લેન ક્લોઝ આઠ વખત એકેડેમી એવોર્ડ માટે નોમિનેટ થઈ ચૂક્યાં છે, પરંતુ અત્યાર સુધી એક પણ સ્પર્ધાત્મક ઓસ્કર જીતી શક્યાં નહોતાં. આખરે ૭૯ વર્ષની ઉંમરે તેમને આ વિશેષ સન્માન મળતાં સમારોહનો સૌથી ભાવુક ક્ષણ જોવા મળી હતી. હોલિવૂડના રે ડોલ્બી બોલરૂમમાં યોજાયેલા આ સમારોહમાં દિગ્દર્શક રિડલી સ્કોટ અને જાણીતા એનિમેટર ફ્લોયડ નોર્મનને પણ ઓનરરી ઓસ્કર આપવામાં આવ્યો હતો. જ્યારે ફિલ્મ નિર્માતા ક્રિસ્ટીન વાચોન અને પામેલા કોફલરને ઇરવિંગ જી. થાલબર્ગ મેમોરિયલ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. આ એવોર્ડ મેળવનારી તેઓ પ્રથમ સંપૂર્ણ મહિલા નિર્માતા જોડી બની છે. ગ્લેન ક્લોઝને એવોર્ડ આપતાં અભિનેતા જ્હોન માલ્કોવિચે તેમની ફિલ્મી કારકિર્દી અને અભિનયની પ્રશંસા કરી હતી. ૮૮ વર્ષીય રિડલી સ્કોટ સ્વાસ્થ્ય સંબંધિત નાની તબીબી પ્રક્રિયાને કારણે સમારોહમાં હાજર રહી શક્યા નહોતા અને વીડિયો દ્વારા એવોર્ડ સ્વીકાર્યો હતો. સમારોહમાં ટોમ ક્રુઝ, ઝેન્ડાયા, ટોમ હોલેન્ડ, ટિમોથી શેલામે, કાઈલી જેનર, પેડ્રો પાસ્કલ, પેનેલોપ ક્રુઝ અને એન્ડ્રુ ગારફિલ્ડ સહિત અનેક જાણીતા કલાકારો ઉપસ્થિત રહ્યા હતા. આ સમારોહને હોલિવૂડના આગામી ઓસ્કર એવોર્ડ્સની તૈયારીઓ અને સ્પર્ધાની શરૂઆતના મહત્વના પ્રસંગ તરીકે પણ જોવામાં આવે છે.

ચીનમાં સેન્સરની મંજૂરી મેળવવા ફિલ્મ સુપરત થઈ

રામાયણ-વન ચીન, રશિયા, જાપાન અને દક્ષિણ કોરિયામાં રજૂ થશે

મુંબઈ, તા. ૧૬

ભારત અને યુએસની માર્કેટમાં રજૂ થઈ ચૂકેલી રણબીર કપૂરની ફિલ્મ રામાયણ ભાગ વનને હવે ચીન, રશિયા, જાપાન અને દક્ષિણ કોરિયામાં રજૂ કરવા માટે તૈયારીઓ થવા માંડી છે. ચીનમાં ફિલ્મને રિલિઝ કરવા માટે સેન્સરની મંજૂરી મેળવવા માટે ફિલ્મને સુપરત કરી દેવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ફિલ્મની સફળતા માટે ૨૦૨૭નો પ્રથમ ત્રણ મહિના નિર્ણાયક પુરવાર થશે. આ સમયગાળામાં ફિલ્મને વિદેશના ચાર મોટા માર્કેટ્સમાં રજૂ કરવામાં આવશે. એક મોટી સિનેમા ઈવેન્ટ તરીકે આ ફિલ્મને આ માર્કેટ્સમાં રજૂ કરવામાં આવી રહી છે. ખાસ કરીને ચીનમાં ફિલ્મને કેવી સફળતા મળે છે તેના પર બધાંની નજર છે. ભારતીય ફિલ્મો માટે ચીન હમેંશા એક મોટું બજાર બની રહ્યું છે.



છેલ્લે ૨૦૧૪માં ટોટલ સિયાપાનું નિર્દેશન કર્યું હતું

નેશનલ એવોર્ડ વિજેતા નિર્દેશક ઈ. શ્રીનિવાસ ૧૨ વર્ષ બાદ કુર્લા બોયઝનું નિર્દેશન કરશે

મુંબઈ, તા. ૧૬


શૂલ અને લવ કે લિયે કુછ ભી કરેગા જેવી અસરકારક ફિલ્મો આપનારા નેશનલ એવોર્ડ વિજેતા નિર્દેશક ઈ. શ્રીનિવાસ બાર વર્ષ બાદ ફરી એકવાર ફિચર ફિલ્મ કુર્લા બોયઝનું નિર્દેશન કરશે. એક પોસ્ટમાં જણાવ્યું હતું કે કુર્લા કે લડકે હૈ, જુગાડ તો કર હી લેંગે. ઔર જબ બાત પ્યાર કી હો તો સુપરનેચરલ સે ભી લડ લેંગે. શ્રીનિવાસે જણાવ્યું હતું કે કુર્લાનો એક લય અને જુસ્સો છે જેને હજી કોઈએ રૂપેરી પડદે રજૂ કર્યો નથી. હું દોસ્તીની આ સ્ટોરીમાં આ બંને બાબતો રજૂ કરવા માંગું છું. ફિલ્મની પટકથા તૈયાર થઈ ગઈ છે અને હાલ કળાકારોની પસંદગી થઈ રહી છે. ફિલ્મનું નિર્માણ વિક્રમ મલ્હોત્રા અને કમલ કિશોર મિશ્રા કરી રહ્યા છે.

ઈન્ડિયન મેડિકલ એસોસિએશનનો વાંધો ફિલ્મને નડ્યો

સની દેઓલની ફિલ્મ સૂર્યા : અંત સે આરંભ તક હવે જાન્યુઆરીમાં થિયેટર્સમાં રજૂ કરાશે

મુંબઈ, તા. ૧૬

આરોગ્યક્ષેત્રમાં ચાલતાં ભ્રષ્ટાચારના વિષય પર બનેલી ફિલ્મ સૂર્યા: આરંભ સે અંત તક ૨૦ નવેમ્બરે રિલિઝ થવાની હતી તે હવે ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના વાંધાને પગલે ફિલ્મની રિલિઝ મુલતવી રાખવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. સની દેઓલની આ ફિલ્મ સેન્સર બોર્ડનું પ્રમાણપત્ર મળ્યા બાદ પંદરમી જાન્યુઆરીએ રિલિઝ કરવાની વિચારણા થઈ રહી છે.



સનીના જન્મદિને ફિલ્મનો ડિજિટલ પ્રોમો રિલિઝ કરવામાં આવ્યો તેના પગલે ઈન્ડિયન મેડિકલ એસોસિએશને ડોક્ટર સામે દર્શાવવામાં આવેલી હિંસાનો મુદ્દો ઉઠાવી કેન્દ્રીય આરોગ્ય પ્રધાનને પત્ર લખી ફરિયાદ કરી હતી. જેને પગલે હવે સેન્સરબોર્ડનું ફિલ્મને પ્રમાણપત્ર મળે એ પછી જાન્યુઆરીમાં ફિલ્મને રિલિઝ કરવામાં આવશે તેમ જાણવા મળ્યું છે. જો કે, ૨૦૨૬માં સની દેઓલની ચાર ફિલ્મો બોર્ડર ટુ, બટવારા ૧૯૪૭, રામાયણ અને ઈક્કા રિલિઝ થઈ છે. એગાઉ સનીની એક જ વર્ષમાં ચાર ફિલ્મો ૨૦૦૭માં બીગ બ્રધર, ફૂલ એન ફાઈનલ, અપને અને કાફિલા રજૂ થઈ હતી.

સાયફાય ફિલ્મ સમુક ૨૮મી મેએ થિયેટર્સમાં આવશે

અક્ષય કુમારની સમુક ફિલ્મનું મોશન પોસ્ટર જારી કરાયું

મુંબઈ, તા. ૧૬

અક્ષય કુમાર અને બનિતા સંધુની જોડીને ચમકાવતી સાયફાય ફિલ્મ સમુક ના મોશન પોસ્ટર્સ જારી કરી ફિલ્મને ૨૮ મે ૨૦૨૭માં રિલિઝ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. તેર વર્ષ બાદ નિર્માતા વિપુલ અમૃતલાલ શાહ અને અક્ષયકુમારે ફરી સાથે મળી આ ફિલ્મમાં કામ કર્યું છે. ફિલ્મના એક પોસ્ટરમાં અક્ષય કુમાર એલિયન જેવા દેખાતાં ભયાનક પ્રાણી સામે રાયફલ તાકી ઉભેલો જણાય છે. જે દર્શાવે છે કે આ ફિલ્મમાં અસ્તિત્વ ટકાવી રાખવાનો સંઘર્ષ કેન્દ્રમાં હશે. ફિલ્મનો પરિચય આપતાં જણાવવામાં આવ્યું છે કે મિશન માનવીય છે પણ દુશ્મન માનવીય નથી. શૂજિત સરકાર નિર્દેશિત ફિલ્મ ઓક્ટોબરમાં વરૂણ ધવન સામે હિરોઈન તરીકે હિન્દી ફિલ્મ ઉદ્યોગમાં પ્રવેશ કરનારી બનિતા સંધુએ આ ફિલ્મમાં બ્રિટનમાં જન્મેલી ભારતીય પર્યાવરણવાદીની ભૂમિકા ભજવી હોવાનું મનાય છે. બનિતા સંધુ તાજેતરમાં મે વાપક આઉગા ફિલ્મમાં દિલજીત દોસાંજની હિરોઈન તરીકે જોવા મળી હતી.



લિયોનો ૫૨મો બર્થડે : સ્ટાર્સનો જમાવડો



હોલિવૂડના જાણીતા અભિનેતા લિયોનાર્ડો ડિકેપ્રિયોએ પોતાનો ૫૨મો જન્મદિવસ ધામધૂમથી ઉજવ્યો હતો. આ પાર્ટીમાં ફિલ્મ, મ્યુઝિક અને બિઝનેસ વર્લ્ડની અનેક જાણીતી હસ્તીઓએ હાજરી આપી હતી. જોકે, પાર્ટીમાં મિનિબસમાં સવાર થઈને પહોંચેલી ગ્લેમરસ યુવતીઓના આગમને પણ ખાસ ધ્યાન ખેંચ્યું હતું. બિઝનેસ વર્લ્ડમાંથી એમેઝોનના ફાઉન્ડર જેફ બેઝોસ પત્ની લોરેન સાંચેઝ સાથે હાજર રહ્યા હતા. મ્યુઝિક ઈન્ડસ્ટ્રીમાંથી રેપર ૫૦ સેન્ટ અને આઈસ સ્પાઈસે પણ પાર્ટીની શોભા વધારી હતી. એક્ટ્રેસ કારા ડેલેવિન, એલિઝાબેથ બેન્ક્સ અને કેનેડાના પૂર્વ વડાપ્રધાન જસ્ટિન ટ્રુ ડો પણ મહેમાનોમાં સામેલ હતા. પાર્ટીમાં લવ આઈલેન્ડ યુએસએની સ્ટાર કોર્ટની બોર્નર વ્હાઈટ કલરના મિની ડ્રેસમાં જોવા મળી હતી. સૌથી ચોંકાવનારી વાત, લિયો પોતાના બર્થડેમાં કેમેરાથી દૂર રહ્યા હતા.

ઓક્ટોબરમાં આઈએમએના પ્રમુખે પત્ર લખી વિવાદાસ્પદ પ્રોમોની તપાસ કરવાની માંગણી કરેલી

કનિષ્ક વર્મા નિર્દેશિત સાયફાય હોરર ફિલ્મ સમુકમાં બનિતા સંધુ પર્યાવરણવાદીની ભૂમિકામાં જોવા મળશે

સોનિયા ગાંધીને ૧૯૯૬માં કોંગ્રેસના પરાજય બાદ સ્વધર્મ અને રાજધર્મની પસંદગીની અવઢવના ઉકેલનું માર્ગદર્શન ગીતામાંથી મળ્યું

ઈટાલીમાં જન્મેલી એક વિદેશી નારીએ ભગવદ્ ગીતાનું શરણ લીધું!

સોનિયા ગાંધીએ પોતાના સંસ્મરણોમાં તેમણે ૧૯૯૦ના દાયકાની પોતાની માનસિક સ્થિતિ, ભય, અપરાધભાવ, પીડા, એકલતા અને આખરે 'શ્રીમદ્ ભગવદ્ ગીતા'ના જ્ઞાન થકી મળેલા આત્મબળની જે કથા વર્ણવી છે, તે કોઈ પણ સંવેદનશીલ વાચકના હૃદયને હચમચાવી નાખે તેવી છે. સૌથી મોટી વાત એવી છે કે, એક તરફ દેશમાં ચારેકોર સનાતન અને હિન્દુ સંસ્કૃતિ અને પરંપરાની વાત થાય છે અને બીજી તરફ સોનિયા ગાંધી ઈટાલીથી ભારત આવ્યા અને આજે આટલા વર્ષે પણ તેને વિદેશી વહુ અને વિદેશી નાગરિક હોવાના રાજકીય ટોણા મારવામાં આવે છે. આ બધા વચ્ચે તેમના જીવનનું એક એવું પાસું સામે આવ્યું જેણે સાચા અર્થમાં ભારતીય નારી અને ભારતીય સંસ્કૃતિને વરેલી એક ભારતીય પત્ની હોવાના તેમના ચારિત્ર્યનો પુરાવો આપ્યો છે. આજે જ્યારે ભારતમાં ભગવદ ગીતા મુદે વિરોધ અને વિવાદો થાય છે પણ તેને વાંચવામાં કે જીવનમાં ઉતારવામાં લોકોને રસ નથી ત્યારે આજથી અઢી દાયકા પહેલાં વિદેશી આવેલી, ક્રિશ્ચિયન મહિલાએ પોતાના પતિ અને તેના પરિવારના સંસ્કારોને આત્મસાત કરીને ભગવદ ગીતાનું જ્ઞાન લીધું. ધર્મ, જાતી કે વર્ણના તમામ ભેદને કોરાણે મુકીને સ્વધર્મ અને રાજધર્મની સાચી સમજ કેળવી.

> **કોંગ્રેસના વિઘટનની શરૂઆત ૧૯૯૫માં જ થઈ ચૂકી હતી, જ્યારે અર્જુન સિંહ, એન. ડી. તિવારી અને મોહસીના કિદવાઈ જેવા દિગ્ગજ નેતાઓએ બંડ પોકાર્યું, ત્યારબાદ ૧૯૯૬માં કોંગ્રેસનો કેન્દ્રમાં પરાજય થયો. ત્યારબાદ ૧૯૯૬માં તમિલનાડુના વરિષ્ઠ નેતાઓ જી. કે. મૂપનાર અને પી. ચિદમ્બરમ માધવરાવ સિંધિયાએ પણ અલગ ચોકો રચ્યો અને ૧૯૯૭માં મમતા બેનરજીએ પણ પક્ષ છોડીને ટીએમસીની રચના કરી : આ અસ્થિરતા વચ્ચે ૧૯૯૭માં તત્કાલીન કોંગ્રેસ પ્રમુખ સીતારામ કેસરીના આમંત્રણ પર કલકત્તા ખાતે યોજાયેલા પક્ષના ૮૦મા પૂર્ણ અધિવેશનમાં સોનિયા ગાંધીએ કોંગ્રેસનું પ્રાથમિક સભ્યપદ સ્વીકાર્યું હતું. પરંતુ પક્ષની કથળતી જતી પરિસ્થિતિને જોતા તેમના પર નેતૃત્વ સંભાળવાનું દબાણ સતત વધી રહ્યું હતું.**

ઉલ્લેખનીય છે કે, ૧૯૯૬ની સામાન્ય ચૂંટણીના પરિણામો કોંગ્રેસ પક્ષ માટે અત્યંત નિરાશાજનક રહ્યા હતા. કોંગ્રેસ પક્ષ પોતાના દમ પર સરકાર બનાવવામાં નિષ્ફળ ગયો હતો અને આંતરિક જૂથવાદ તથા વિભાજનના કારણે તૂટી રહ્યો હતો. આ વિઘટનની શરૂઆત ૧૯૯૫માં જ થઈ ચૂકી હતી, જ્યારે અર્જુન સિંહ, એન. ડી. તિવારી અને મોહસીના કિદવાઈ જેવા દાયકાઓ જૂના અને મહત્વના હોદ્દાઓ સંભાળી ચૂકેલા દિગ્ગજ નેતાઓએ સોનિયા ગાંધી પાસે તેમના જૂથને સમર્થન આપવાની માંગ કરી હતી. સોનિયા ગાંધીએ સ્પષ્ટ ઈનકાર કરતા આ નેતાઓએ પક્ષ છોડીને અલગ પાર્ટી બનાવી હતી. ત્યારબાદ ૧૯૯૬માં તમિલનાડુના વરિષ્ઠ નેતાઓ જી. કે. મૂપનાર અને પી. ચિદમ્બરમ તથા ૧૯૮૦માં કોંગ્રેસમાં જોડાયેલા યુવા નેતા માધવરાવ સિંધિયાએ પણ અલગ ચોકો રચ્યો હતો. આ સિલસિલો ૧૯૯૭માં પણ અટક્યો નહીં, જ્યારે રાજ્ય નેતૃત્વ સાથેના મતભેદોને કારણે મમતા બેનર્જીએ પણ કોંગ્રેસ સાથે છેડો ફાડીને 'તૃણમૂલ કોંગ્રેસ'ની સ્થાપના કરી હતી.

આ અસ્થિરતા વચ્ચે ૧૯૯૭માં તત્કાલીન કોંગ્રેસ પ્રમુખ સીતારામ કેસરીના આમંત્રણ પર કલકત્તા ખાતે યોજાયેલા પક્ષના ૮૦મા પૂર્ણ અધિવેશનમાં સોનિયા ગાંધીએ કોંગ્રેસનું પ્રાથમિક સભ્યપદ સ્વીકાર્યું હતું. પરંતુ પક્ષની કથળતી જતી પરિસ્થિતિને જોતા તેમના પર નેતૃત્વ સંભાળવાનું દબાણ સતત વધી રહ્યું હતું. આ દબાણની સાથે જ સોનિયા ગાંધીના મનમાં અગમ્ય બેચેની અને વ્યગ્રતા ઘર કરવા લાગ્યા હતા. દેશના રાજકીય ક્ષિતિજ પર થઈ રહેલા ફેરફારો તેમને ચિંતિત કરી રહ્યા હતા.

મીડિયામાં પ્રકાશિત થતા લેખો કોંગ્રેસ પક્ષના ભવિષ્યનું અત્યંત ધૂંધળું અને નિરાશાજનક ચિત્ર રજૂ કરી રહ્યા હતા. આ બધું વાંચીને અને જોઈને સોનિયા ગાંધી અંદરથી તૂટી રહ્યા હતા. ઘરમાં જ્યારે પણ તેઓ રાજીવ ગાંધી અને પોતાના સાસુ ઈન્દિરા ગાંધીની તસવીરો પાસેથી પસાર થતા, ત્યારે તેમના હૃદયમાં પીડા અને અપરાધભાવનું મિશ્રણ ઉમટી પડતું. ઘણીવાર તો તેઓ આ તસવીરો સામે જોવાનું પણ જાણીજોઈને ટાળતા હતા. તેમને સતત એવું લાગતું કે જે ભારતને તેમણે પોતાનું માન્યું હતું, તે તેમને રાજીવ અને ઈન્દિરાજીના માધ્યમથી મળ્યું હતું. ભારતની બહુલતાવાદી સંસ્કૃતિને બચાવવા માટે જે પરિબળો સામે આ બંનેએ દાયકાઓ સુધી લડત આપી હતી અને પોતાના પ્રાણ ન્યોછાવર કર્યા હતા, આજે એ જ પરિબળો દેશના તાણાવાણાને નુકસાન પહોંચાડી રહ્યા હતા. સોનિયા ગાંધીની અંતરાત્મા તેમને ડંખતી હતી કે શું તેઓ ઘરમાં આરામથી બેસી રહીને પોતાના પતિ અને સાસુના બલિદાનને વ્યર્થ જવા દેશે?

તેઓ અડધી રાત્રે જાગી જતા અને પોતાની જાતને જ સવાલ પૂછતા કે તેમણે કયા માર્ગે જવું જોઈએ? તેમણે તો જીવનના દરેક તબક્કે રાજકારણનો સખત વિરોધ કર્યો હતો. આ એ જ ક્રૂર રાજકારણ હતું, જેણે પહેલા તેમની પાસેથી તેમના માતા સમાન સાસુ ઈન્દિરા ગાંધીને છીનવી લીધા હતા અને ત્યારબાદ તેમના જીવનના પ્રેમ, તેમના બાળકોના પિતા રાજીવ ગાંધીને પણ તેમની પાસેથી કાયમ માટે દૂર કરી દીધા હતા. તો પછી આજે તેમના મનમાં એ જ રાજકારણમાં ઝંપલાવવાની તીવ્ર ઈચ્છા કેમ જાગી રહી હતી? વર્ષોપહેલા જ્યારે રાજીવ ગાંધી જાહેર જીવનમાં હતા, ત્યારે સોનિયા ગાંધીને રાજકારણ પ્રત્યે અણગમો હતો. પરંતુ હવે તેમને એ વાત સમજાઈ રહી હતી કે એ સમયે રાજીવ ગાંધીને કયા પરિબળોએ રાજકારણમાં આવવા મજબૂર કર્યા હતા. તે પોતાની માતા અને પોતાના દેશ પ્રત્યેની ફરજનું ખેંચાણ હતું. આજે એ જ કર્તવ્યનું ખેંચાણ સોનિયા ગાંધીને પોતાને અનુભવાતું હતું. તેઓ તેનાથી ડરતા હતા, તેની સામે લડવાનો પ્રયાસ કરતા હતા, પરંતુ એ વિચાર તેમને છોડતો નહોતો.

સોનિયા ગાંધી પોતાના જ અસ્તિત્વ સાથે એક ભીષણ યુદ્ધ લડી રહ્યા હતા. તેમના વ્યક્તિત્વનો એક હિસ્સો રાજકારણની દુનિયામાં રહેલી સત્તાની લાલસા, લોભ, દંભ અને વિશ્વાસઘાતથી દૂર ભાગતો હતો. પરંતુ બીજી તરફ, બાળપણથી તેમનામાં સિંચાયેલા સંસ્કારો, સોંપાયેલા કાર્ય પ્રત્યેની નિષ્ઠા, વડીલો પ્રત્યેનો આદર, માતા-પિતાની આજ્ઞાનું પાલન અને પરિવારની પરંપરાઓ પ્રત્યેની વફાદારી, તેમને શાંત બેસવા દેતા નહોતા. તેમને એ સ્પષ્ટ દેખાઈ રહ્યું હતું કે તેમનું કર્તવ્ય ક્યાં છે, પરંતુ એ કર્તવ્યના પરિણામોની કલ્પના માત્રથી તેઓ ભયભીત થઈ જતા હતા. તેમણે રાજીવ ગાંધીના માધ્યમથી રાજકારણની ઊંચાઈઓ અને સિદ્ધિઓ જોઈ હતી, તો સાથે જ તેની કદરૂપતા અને ભ્રષ્ટતાનો પણ એટલો જ નજીકથી અનુભવ કર્યો હતો.

તેમના મનમાં અનેક શંકાઓ હતી. તેઓ વિચારતા કે આગામી ચૂંટણી જંગમાં પક્ષનું નેતૃત્વ કરવાનો વિચાર પણ તેઓ કેવી રીતે કરી શકે? તેમની પાસે ન તો રાજકીય અનુભવ હતો, ન તો આ કઠિન કાર્યને સમજવાની ક્ષમતા, એવું કાર્ય જેણે ભૂતકાળના મોટા-મોટા દિગ્ગજ નેતાઓને પણ હતાશ કરી દીધા હતા. વળી, તેઓ મૂળભૂત રીતે એક 'બહારના વ્યક્તિ' ગણાતા હતા, અને આ વાતનો અનુભવ તેમને વારંવાર કરાવવામાં આવતો હતો. તેઓ ઈન્દિરા ગાંધીના પુત્રવધૂ અને રાજીવ ગાંધીના પત્ની જરૂર હતા, પરંતુ જે પદ પર આ બંને મહાન હસ્તીઓ બિરાજમાન રહી હતી, તે પદ પર બેસવાની હિંમત તેઓ કેવી રીતે કરી શકે? તેમની પાસે કોઈ અધિકાર નહોતો, સિવાય કે તેમની પાસે ગાંધી પરિવારનું નામ હતું-એવું નામ જે સમગ્ર દેશમાં ધર્મ, જાતિ, ભાષા કે પ્રદેશના ભેદભાવથી ઉપર ઉઠીને ભારતની સંસ્કૃતિ પ્રત્યેની અતૂટ નિષ્ઠા અને સમર્પિત સેવાનું પ્રતીક માનવામાં આવતું હતું.

આ જ કારણસર કોંગ્રેસના હજારો કાર્યકરો અને નેતાઓ તેમને પક્ષની કમાન સંભાળવા માટે આજીજી કરી રહ્યા હતા. તેમનું કહેવું હતું કે જો સોનિયા ગાંધી આગળ નહીં આવે, તો પક્ષ સંપૂર્ણપણે વિખેરાઈ જશે અને ત્યારબાદ કોમી પરિબળોની આગેકૂચને રોકવા માટે દેશમાં કોઈ શક્તિ બચશે નહીં. સોનિયા ગાંધી માટે આ સૌથી પ્રબળ અને નિર્ણાયક દલીલ હતી. તેમ છતાં, નિદ્રાહીન રાતો અને ચિંતાતુર દિવસો વચ્ચે તેમનો આંતરિક સંઘર્ષ ચાલુ રહ્યો. તેઓ પોતાની જાતને અત્યંત એકલા અને પીડિત અનુભવી રહ્યા હતા. તેમને કોઈ એવા આધાર કે માર્ગદર્શકની શોધ અને જરૂર હતી, જે તેમને તેમના ભય અને શંકાઓમાંથી બહાર કાઢી શકે.



સોનિયા ગાંધી નોંધે છે કે, તેઓ પોતાના પુખ્ત જીવનમાં ક્યારેય ધાર્મિક રહ્યા નહોતા, જોકે તેઓ તમામ ધર્મોનો સમાન આદર કરતા હતા. માનસિક અશાંતિના આ તબક્કામાં તેમના મનમાં 'શ્રીમદ્ ભગવદ્ ગીતા' તરફ પાછા ફરવાની તીવ્ર ઈચ્છા જાગી. તેમણે યુવાન વયે ગીતા વાંચી હતી અને ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના નાયકો પર તેના ઊંડા પ્રભાવથી તેઓ પરિચિત હતા. તેમણે દિલ્હીની 'લાલ બહાદુર શાસ્ત્રી સંસ્કૃત વિદ્યાપીઠ' વિશે સાંભળ્યું હતું. પોતાની આ ઈચ્છા પાછળનો સાચો હેતુ ગુપ્ત રાખીને તેમણે પોતાની ઓફિસ દ્વારા તપાસ કરાવી કે શું કોઈ વિદ્વાન તેમને ઘરે આવીને ગીતાના પાઠ ભણાવી શકે તેમ છે? આ સંદર્ભમાં પ્રોફેસર વાચસ્પતિ ઉપાધ્યાય, જેમને સૌ પ્રેમથી 'શાસ્ત્રીજી' કહેતા હતા, તેમનું નામ સામે આવ્યું. શાસ્ત્રીજી એક અત્યંત સૌમ્ય, નિરાભિમાની અને પ્રખર વિદ્વાન હતા તથા ગાંધી પરિવારથી પણ પરિચિત હતા. તેમણે પોતાના ફાજલ સમયમાં સોનિયા ગાંધીને ગીતાનું ગહન દાર્શનિક જ્ઞાન સમજાવવાની સંમતિ આપી.

જાન્યુઆરી ૧૯૯૭થી આ અનોખી જ્ઞાનયાત્રા શરૂ થઈ. સોનિયા ગાંધીએ રાજીવ ગાંધીના પુસ્તકાલયમાંથી ગીતાની એવી આવૃત્તિ પસંદ કરી, જેમાં સંસ્કૃત શ્લોકોની નીચે હિન્દી અને અંગ્રેજી અનુવાદ આપેલા હતા. શાસ્ત્રીજી સંસ્કૃતમાં એક-બે શ્લોકોનું પઠન કરતા, સોનિયા ગાંધી તેનો હિન્દી અનુવાદ વાંચતા અને ત્યારબાદ શાસ્ત્રીજી તેનો ગૂઢ અર્થ સમજાવતા. શરૂઆતમાં આ સત્રો ધીમી ગતિએ ચાલ્યા, પરંતુ ડિસેમ્બર ૧૯૯૭ આવતા સુધીમાં તેમની સંખ્યા વધી ગઈ હતી. આ વાંચન અને ચિંતનનો સિલસિલો ૫ જાન્યુઆરી, ૧૯૯૮ સુધી અવિરત ચાલ્યો.

ગીતાના અંતિમ શ્લોકોએ સોનિયા ગાંધીના અંતરમાં નવી ચેતના જગાડી

સોનિયા ગાંધીના મનોભાવ સમજી શકે અને તેમને શાંત્વના અને માર્ગદર્શન આપી શકે તેવું કોઈ હતું નહીં. ખાસ કરીને રાજીવ ગાંધીના સ્વર્ગવાસ બાદ તેમના જીવનમાં જે ખાલિપો આવ્યો હતો તેના કારણે તેમની સ્થિતિ વધારે કફોડી હતી. તેઓ કોંગ્રેસને બચાવવા માગતા હતા પણ તેમની પાસે નિર્ણય લેવા જેટલી શક્તિ નહોતી. ત્યારે તેમને રાજીવ ગાંધીએ આપેલી ભગવદ ગીતા યાદ આવી. તેમને યાદ આવ્યું કે, સમસ્યાનું સમાધાન ક્યાંય ન મળે ત્યારે ગીતા વાંચવાનું રાજીવનું અંગત સુચન હતું. તેથી જ તેઓ ભગવદ ગીતાના પાઠ શીખવા લાગ્યા.

બીજી તરફ, ગીતાના પાઠ પણ હવે સમાપ્તિ તરફ આગળ વધી રહ્યા હતા. કુરુક્ષેત્રના મેદાનમાં ભગવાન શ્રીકૃષ્ણએ અર્જુનને ગીતાનો શાશ્વત સંદેશ આપ્યો હતો : ફળની અપેક્ષા રાખ્યા વિના માત્ર તારા સ્વધર્મ એટલે કે કર્તવ્યનું પાલન કર. શ્રીકૃષ્ણના આ ઉપદેશ બાદ પાંડવ રાજકુમાર અર્જુન ઘોષણા કરે છે કે તેમનો મોહ નષ્ટ થઈ ગયો છે, તેમની તમામ શંકાઓ દૂર થઈ ગઈ છે અને તેઓ પોતાની ફરજ બજાવવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. ગીતાના આ અંતિમ શ્લોકોએ સોનિયા ગાંધીના અંતરમાં જાણે કોઈ નવી ચેતના જગાડી દીધી. તેમની તમામ મૂંઝવણો અને સવાલોના જવાબ તેમને મળી ચૂક્યા હતા. તેમના મનનો ભય દૂર થઈ ગયો હતો અને એક અડગ નિશ્ચયે તેમનું સ્થાન લઈ લીધું હતું. તેમને ખાતરી થઈ ગઈ હતી કે હવે તેમણે ઘરની સુરક્ષિત દીવાલોની બહાર નીકળીને જ્યાં તેમનું કર્તવ્ય તેમને બોલાવી રહ્યું છે, ત્યાં જવું જ પડશે. અને આખરે, પોતાના તમામ ભય અને અંગત સ્વાર્થને ત્યાગીને સોનિયા ગાંધીએ રાજકારણના એ કઠિન રણમેદાનમાં ડગ માંડ્યા. તેમણે કોંગ્રેસના માત્ર સભ્ય તરીકે નહીં પણ ગાંધી પરિવારના ઉત્તરાધિકારી તરીકે કોંગ્રેસનું સુકાન સંભાળી લીધું.

શહેરી મહિલા બેરોજગારી ૯.૨ ટકાથી ઘટીને ૮.૭ ટકા થઈ

ભારતમાં બેરોજગારીમાં ઘટાડો ઓક્ટો.માં દર ઘટીને ૪.૯ ટકા થયો

નવી દિલ્હી, તા.૧૬

ભારતનો બેરોજગારી દર સપ્ટેમ્બરના પાંચ ટકાની તુલનાએ ઓક્ટોબરમાં ઘટીને ૪.૯ ટકા થયો છે. તેની સાથે મહિલા ભાગીદારીમાં અને નોકરિયાતોની સંખ્યામાં પણ વધારો થયો છે. તેમા પણ ખાસ કરીને ગ્રામીણ મોરચે સ્થિતિ વધુ સુધરી છે. શહેરી બેરોજગારી સપ્ટેમ્બરના ૬.૯ ટકાથી ઘટીને ૬.૭ ટકા થઈ છે. જ્યારે ગ્રામીણ બેરોજગારી ૪.૨ ટકા પર સ્થિર હતી. આ ઉપરાંત શ્રમ બળમાં મહિલા ભાગીદારી સપ્ટેમ્બરના ૩૪.૬ ટકાથી વધીને ૩૫ ટકા થતાં આ મોરચે પણ સુધારો થયો હતો.

શહેરી બેરોજગારી સપ્ટેમ્બરના ૬.૯ ટકાથી ઘટીને ૬.૭ ટકા થઈ તો ગ્રામીણ બેરોજગારી ૪.૨ ટકા પર સ્થિર રહી

વર્ષ અગાઉના સમાન સમયગાળા દરમિયાન શ્રમ બળમાં મહિલા ભાગીદારીનું પ્રમાણ ૩૪.૨ ટકા હતું. ગ્રામીણ સ્તરે મહિલા ભાગીદારી સપ્ટેમ્બરના ૩૮.૯ ટકાથી વધીને ઓક્ટોબરમાં ૩૯.૫ ટકા થઈ છે. જ્યારે શહેરી વિસ્તારોમાં મહિલા ભાગીદારી ૨૫.૯ ટકા પર સ્થિર હતી.

વસ્તીના પ્રમાણમાં કુલ કામ કરતા લોકોનો માપદંડ કુલ લેબર ફોર્સ પાર્ટિસિપેશન રેટ (એલએફપીઆર) ગયા મહિનાના ૫૫.૫ ટકાથી વધીને ૫૫.૭ ટકા થયો હતો. જ્યારે વસ્તીના પ્રમાણમાં કામદારોની સંખ્યા માપતો વર્કર પોપ્યુલેશન રેશિયો (ડબલ્યુપીઆર) આ સમયગાળા દરમિયાન ૫૨.૭ ટકાથી વધીને ૫૩ ટકા થયો.

ગ્રામીણ એરિયાના મોરચે પણ સ્થિતિ સુધરી છે. અહીં એલએફપીઆર ગયા મહિનાના ૫૮ ટકાથી વધીને ૫૮.૪ ટકા થયો છે. જ્યારે શહેરી વિસ્તારોમાં આ ભાગીદારી ૫૦.૭ ટકાથી ઘટીને ૫૦.૫ ટકા થઈ છે. મહિલા બેરોજગારી દર સપ્ટેમ્બરના ૫.૨ ટકાથી ઘટીને ઓક્ટોબરમાં પાંચ ટકા થયો હતો. જ્યારે પુરુષ બેરોજગારી દર ૪.૯ ટકા પર સ્થિર હતો. શહેરી મહિલા બેરોજગારી દર ગયા મહિનાના ૯.૨ ટકાથી ઘટીને ઓક્ટોબરમાં ૮.૭ ટકા થયો હતો. જ્યારે ગ્રામીણ વિસ્તારોમાં આ દર ૩.૯ ટકાથી ઘટીને ૩.૮ ટકા થયો હતો. આ અંદાજો માટે ૩.૭૦ લાખથી પણ વધુ લોકો પર સરવે કરવામાં આવ્યો હતો. તેમા ૨.૧૧ લાખથી પણ વધુ પ્રતિસાદીઓ ગ્રામીણ વિસ્તારના અને ૧.૫૯ લાખથી વધુ શહેરી વિસ્તારના હતા. આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયના નેજા હેઠળની નેશનલ સ્ટેટિસ્ટિક્સ દ્વારા સંચાલિત આ સરવેને રોજગારી અને બેરોજગારી અંગેનો આધારભૂત સ્ત્રોત માનવામાં આવે છે.

લેબર ફોર્સ પાર્ટિસિપેશન રેટ ગયા મહિનાના ૫૫.૫ ટકાથી વધીને ઓક્ટોબરમાં ૫૫.૭ ટકા થયો

મથુરા મુદ્દે પાર્ટીનું વલણ સ્પષ્ટ કરવા કાર્યકરો, સીનિયર નેતાઓનું દબાણ

યુપીમાં હારના ડરથી ભાજપ મથુરા મંદિરના વિવાદનો મધપુડો છેડશે

લખનઉ, તા. ૧૬

મથુરામાં ભાજપની બે દિવસીય બેઠક શરૂ થઈ છે. પંડિત દિનદયાળ ઉપાધ્યાય ગો અનુસંધાન કેન્દ્રમાં શરૂ થયેલી બેઠકમાં મથુરાના વિવાદ મુદ્દે પાર્ટીનું સ્ટેન્ડ સ્પષ્ટ કરવાની ડિમાન્ડને ધ્યાનમાં રાખીને સમીક્ષા કરવામાં આવશે. આવતા વર્ષે ઉત્તર પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી છે. તેને ધ્યાનમાં રાખીને પાર્ટીના સીનિયર નેતાઓથી લઈને કાર્યકરો સુધી મથુરાના મુદ્દાને તેજ બનાવવાની હિલચાલ શરૂ થઈ છે.

બે દિવસીય બેઠકમાં શ્રીકૃષ્ણ જન્મભૂમિના એજન્ડાને મુદ્દો બનાવવા તૈયારી : ફરી હિન્દુત્વ તરફ વળવાની સમીક્ષકોની ભલામણ

મથુરામાં શરૂ થયેલી મહામંથન બેઠકમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીન, રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી બીએલ. સંતોષ, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને બે ઉપમુખ્યમંત્રીઓ સહિત પાર્ટીના સીનિયર નેતાઓ હાજર છે. આ બેઠકમાં ખાસ ચર્ચા મથુરાના મુદ્દાને લઈને થવાની છે. પાર્ટી ૨૦૨૭ની ચૂંટણીને લઈને રાજ્યમાં ટોપ એજન્ડા બનાવે છે. એમાં મથુરામાં શ્રીકૃષ્ણની જન્મભૂમિનો મુદ્દો પણ સામેલ થશે. દિલ્હીથી લઈને લખનઉ સુધી ભાજપના નેતાઓ ઈચ્છે છે કે સરકાર આ મુદ્દાને પ્રાયોરિટી આપે. વલણ સ્પષ્ટ કરે. ૨૦૨૭ની ચૂંટણી માટે પાર્ટી પાસે મજબૂત મુદ્દાનો અભાવ છે અને એન્ટી ઈન્કમબન્સી પણ જોવા મળે છે. તેવા સંજોગોમાં પાર્ટીએ હિન્દુત્વ તરફ વળવું જોઈએ. પાર્ટીના કાર્યકરોથી માંડીને સંગઠનમાં કાર્યરત નેતાઓ માને છે કે પાર્ટીએ મથુરાના મંદિર બાબતે રાજકીય, કાયદાકીય અને સામાજિક રસ્તો કાઢે. સરકાર કોઈ કોઈ જવાબ નહીં રહે. ભાજપ તરફી મતદારોમાં પણ ભાજપની હિન્દુત્વની ઈમેજ ફરીથી ઉપસાવી શકાશે એવો મત સંગઠનના નેતાઓ આપી રહ્યા છે. તેના

અયોધ્યા હુઈ હમારી, અબલ મથુરા કી બારી : કેશવપ્રસાદ મૌર્યનો નવો નારો

નિર્ણાયક પગલાં ભરે એવી માંગણી સંગઠનમાંથી ઉઠી છે.

ભાજપના આંતરિક સૂત્રોમાં એવી ચર્ચા ચાલી છે કે જો ભાજપ તેનો કોઈ ઉકેલ લાવી આપે તો ચૂંટણીમાં તેની સ્પષ્ટ અસર દેખાશે. તેનાથી કાર્યકરો અને મતદારોનું ભાવનાત્મક જોડાણ થશે. અયોધ્યા રામ મંદિર અને કાશી વિશ્વનાશ મંદિર પછી હવે જો ભાજપ મથુરાનો મુદ્દો તીવ્રતાથી ઉપાડે તો વિપક્ષ પાસે એનો ભાગરૂપે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સરકારના કામની સાથોસાથ છેલ્લાં થોડાં મહિનાથી હિન્દુત્વ, સનાતન ધર્મની પરંપરા, ધાર્મિક ઓળખ અને રાષ્ટ્રવાદના મુદ્દે વિપક્ષો પર નિશાન સાધે છે. આ તમામ બાબતોને રાજકીય સમીક્ષકો એક શ્રૃંખલામાં મૂકીને જોઈ રહ્યા છે. ૨૦૨૭ની ચૂંટણી પહેલાં આ રીતે ભાજપ જ્ઞાતિના આધારે થતાં રાજકારણને હિન્દુત્વના મુદ્દે એકમત કરવા ધારે છે.

ચીનને ધ્યાનમાં રાખીને આ પ્રકારના પ્રતિબંધો જારી કરાયા

અમેરિકાએ એડવાન્સ એઆઈ ચિપ્સના રિમોટ એક્સેસ પર પ્રતિબંધ મૂક્યો

વોશિંગ્ટન,તા.૧૬

એનવિડિયાના ચીની જાસૂસ વિવાદ પછી અમેરિકા વધુ સાવધ બની ગયું છે. અમેરિકાની એડવાન્સ એઆઈ ટેકનોલોજી બીજા દેશોમાં જતી ન રહે તે માટે અમેરિકાએ એઆઈ ચિપ્સના રિમોટ એક્સેસને લઈને નવા નિયંત્રણ લાદ્યા છે. આ પ્રતિબંધો ચીનને ધ્યાનમાં રાખીને લાદવામાં આવ્યા હોવાનું માનવામાં આવે છે. આના પગલે અમેરિકાની એઆઈ ચિપ્સ ટેકનોલોજીને ચીનનું એક્સેસ વધુ મર્યાદિત બની જશે તેમ મનાય છે. પ્રમુખ ટ્રમ્પ ચીનમાં શેનઝેન જવા રવાના થયા તે પહેલા આ પગલું લેવાયું છે.

નવા નિયમોના લીધે અમેરિકન ટેકનોલોજીનું ફિઝિકલની સાથે-સાથે રિમોટ એક્સેસ કરવું પણ શક્ય નહીં બને

અમેરિકાના વાણિજ્ય વિભાગે સોમવારે જણાવ્યું હતું કે તેણે જારી કરેલા નવા નિયમના કારણે અમેરિકાની સંવેદનશીલ ટેકનોલોજીનું રિમોટ એક્સેસ પણ હવે નહીં મળે. તેના લીધે ત્રીજા જ દેશોમાં ડેટા સેન્ટરો સ્થાપીને અમેરિકાની એઆઈ ચિપ્સનું એક્સેસ મેળવવું સંભવ નહીં બને.

વિભાગે તેમના નિવેદનમાં જણાવ્યું હતું કે આ નિયમ તે રીતે ડિઝાઈન કરવામાં આવ્યો છે જેથી સંવેદનશીલ અમેરિકન ટેકનોલોજી ત્રીજા દેશોના ડેટા સેન્ટરો દ્વારા રિમોટ કમ્પ્યુટિંગ વ્યવસ્થા દ્વારા નિયમોને ચાતરી ન જાય.

નવા નિયમ હેઠળ બ્રાઝિલ, સિંગાપોર, ઈન્ડોનેશિયા, મલેશિયા અને થાઈલેન્ડમાં એડવાન્સ એઆઈ ચિપ્સની પુનઃ નિકાસ કરવા લાઈસન્સની જરૂર પડશે. અમેરિકન પ્રમુખ ટ્રમ્પ એશિયાની મુલાકાતે જવા રવાના થયા ત્યારે આ પગલું લેવામાં આવ્યું છે. આ દરમિયાન તેઓ ચીનના પ્રમુખ જિનપિંગને પણ મળવાના છે.

વાણિજ્ય વિભાગે જણાવ્યું હતું કે ક્લાઉડ કમ્પ્યુટિંગમાં થયેલી પ્રગતિના લીધે તેનું રિમોટ એક્સેસ શક્ય છે, આ પ્રકારે અમેરિકન એઆઈ સિસ્ટમ્સનું રિમોટ એક્સેસ મેળવી શકાય છે. નવા નિયમનું ધ્યેય ટેકનોલોજીના ફિઝિકલ એક્સેસના સરકારના વર્તમાન નિયમો સાથે રિમોટ એક્સેસના નિયમોને સાંકળીને એકરૂપ બનાવવાનું છે. આમ હવે અમેરિકન ટેકનોલોજીનું ફિઝિકલ અને રિમોટ બંનેમાંથી કોઈપણ પ્રકારનું એક્સેસ શક્ય નહીં બને.





કોંગ્રેસ નેતાએ કેમ્બ્રિજના દિવસો વાગોળ્યા

મારા માતા પિતા મળ્યા તે રેસ્ટોરાંમાં ગર્લફ્રેન્ડને લઈ ગયો હતો : રાહુલ

નવી દિલ્હી, તા. ૧૬

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ પોતાના કોલેજકાળની યાદોને વાગોળી હતી, તેમણે કહ્યું હતું કે હું જ્યારે કેમ્બ્રિજમાં અભ્યાસ કરતો હતો ત્યારે મારી ગર્લફ્રેન્ડ હતી, હું મારી ગર્લફ્રેન્ડને એ જ કેન્ટિનમાં લઈ ગયો હતો કે જ્યાં મારા માતા પિતા સોનિયા ગાંધી અને રાજીવ ગાંધી મળ્યા હતા.

માતા પિતા મળ્યા તે સ્થળ કેવું છે તેની હું અનુભૂતિ કરવા માગતો હતો : પુસ્તક લોન્ચિંગ સમયે રાહુલ

સોનિયા ગાંધીએ પોતાની પુસ્તક બિલોંગિંગ : જર્ની ઓફ લવનું સોમવારે સત્તાવાર રીતે લોન્ચિંગ કર્યું હતું. આ લોન્ચિંગ કાર્યક્રમમાં રાહુલ, પ્રિયંકા ગાંધી તેમજ અન્ય નેતાઓ અને કેટલાક રાજ્યોના મુખ્યમંત્રીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કેમ્બ્રિજ સમયની પોતાની એક યાદ વાગોળતા કહ્યું હતું કે મને બહુ જ આકરા આદેશ મળ્યા છે જેનું હું પાલન કરવાનો છું, કોઈ રાજકારણની વાત નહીં.

રાહુલે વધુમાં કહ્યું હતું કે હું કેમ્બ્રિજમાં હતો ત્યારે મે મારી ગર્લફ્રેન્ડને કહેલું કે ચાલ આપણે યુનિવર્સિટીની રેસ્ટોરાંમાં જઈએ, જોકે મારી ગર્લફ્રેન્ડને આ અંગે કોઈ જ આઈડિયા નહોતો, મે કહ્યું કે ચાલ રેસ્ટોરાંમાં જઈએ, પછી અમે બન્ને ત્યાં ગયા, જે સ્થળે મારા માતા પિતા મળ્યા તેને નિહાળવાની મારી ઈચ્છા હતી. રેસ્ટોરાંના સ્ટાફ સાથે મે મારા માતા પિતાની આ સ્થળે મુલાકાતની વાત કરી હતી, તેઓ મારા માતા પિતાને ઓળખી ગયા હતા.

બે દોષિતોએ હાઈકોર્ટના ચુકાદાને સુપ્રીમમાં પડકાર્યો

બિલકિસના બે બળાત્કારીને સુપ્રીમમાં જામીન, આજીવન કેદ પર પણ રોક

નવી દિલ્હી, તા. ૧૬

બિલકિસ બાનો પર ગેંગરેપના ૨૦૦૨ના મામલામાં સુપ્રીમ કોર્ટે બે દોષિતોની આજીવન કેદની સજાને સસ્પેન્ડ કરી છે, સાથે જ શરતો સાથે જામીન આપવામાં આવ્યા છે. દોષિતો ૧૭ વર્ષ કેદ રહ્યા, સાથે જ એકની શારીરિક દિવ્યાંગતાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવાયો છે.

બન્ને ૧૭ વર્ષ કેદમાં રહ્યા, એકની શારીરિક દિવ્યાંગતા વગેરેને ધ્યાનમાં રાખી નિર્ણય : સુપ્રીમ

ગુજરાતમાં ૨૦૦૨ના રમખાણો સમયે ૨૧ વર્ષીય બિલકિસ બાનો પર ગેંગરેપ થયો હતો, તેમના પરિવારના કેટલાક લોકોની હત્યા કરાઇ હતી. આ મામલામાં ટ્રાયલ કોર્ટ દ્વારા ૧૧ને દોષિત ઠેરવીને આજીવન કેદની સજા ફટકારાઇ હતી, જેને બોમ્બે હાઇકોર્ટ દ્વારા માન્ય રખાઇ હતી. આ દોષિતોમાંથી બિપિનચંદ્ર કનૈયાલાલ જોશી, પ્રદિપ રમણલાલ મોઢિયા દ્વારા બોમ્બે હાઇકોર્ટના ૨૦૧૭ના ચુકાદા સામે સુપ્રીમમાં અપીલ કરાઇ છે.

સુપ્રીમના ન્યાયાધીશ એમએમ સુન્દ્રેશ, બીપી પરાલેની બેંચે બન્ને દોષિતોની આજીવન કેદની સજાને સસ્પેન્ડ કરી હતી, સાથે નોંધ કરી હતી કે બન્ને દોષિતોએ ૧૭ વર્ષની કેદ ભોગવી છે જ્યારે એકની શારીરિક સ્થિતિ વધુ કફોડી છે. આ સાથે જ સુપ્રીમ કોર્ટે બન્નેને શરતો સાથે જામીન આપ્યા હતા, આ શરતો ટ્રાયલ કોર્ટ દ્વારા લગાવવામાં આવશે.

દોષિત ઠેરવવા સામેની અપીલની પણ સુનાવણી કરવામાં આવશે. જામીન મેળવનારા બન્નેને ટ્રાયલ કોર્ટ દ્વારા ગેંગરેપ, હત્યા, હિંસા વગેરે ગુના હેઠળ દોષિત ઠેરવવામાં આવેલ છે. બીજી તરફ કેરળના કોચીમાં મહિલાઓ પરના એક કાર્યક્રમમાં બિલકિસ બાનોએ કહ્યું હતું કે મારુ સંપૂર્ણ જીવન સંઘર્ષથી ભરેલું છે. મારા જીવન વિષે તમામ લોકો જાણે છે, કઇ જ કહેવાની જરૂર નથી.

૮.૫ લાખ પુસ્તકોવાળી ૧૩૫ વર્ષ જૂની લાયબ્રેરીની અવગણના

પુસ્તકોનું સન્માન કરો : સુપ્રીમ કોર્ટની કેન્દ્ર સરકારને લપડાક

નવી દિલ્હી, તા. ૧૬

સુપ્રીમ કોર્ટે સોમવારે કેન્દ્ર સરકારની ટીકા કરી છે. દિલ્હીની ૧૩૫ વર્ષ જૂની સેન્ટ્રલ સેક્રેટેરિએટ લાયબ્રેરી (સીએસએલ) માટે યોગ્ય વ્યવસ્થા ન કરવા બદલ સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરી છે.

તમને આ પુસ્તકોની જરૂર ના હોય તો અન્ય કોઈ દેશને આપી દો જે તેને સાચવી શકે

આ ઐતિહાસિક લાયબ્રેરીમાં ૮.૫ લાખથી વધુ પુસ્તકો છે. જેને સેન્ટ્રલ વિસ્ટા યોજના હેઠળ અન્ય જગ્યાએ શિફ્ટ કરવામાં આવી રહી છે. લાયબ્રેરી સાથે થઇ રહેલા આ વ્યવહાર પર નારાજગી વ્યક્ત કરતા કોર્ટે સરકારને જણાવ્યું છે કે તે પુસ્તકોનું સન્માન કરે.

કોર્ટે સ્પષ્ટપણે જણાવ્યું છે કે જો તમને આ પુસ્તકોની જરૂર નથી તો તમે તેને અન્ય કોઇ દેશને આપી દો જે તેને સાચવી શકે. સુપ્રીમ કોર્ટે નિર્દેશ આપ્યા છે કે આગામી સુનાવણી સુધી આ પુસ્તકોને અન્ય કોઇ જગ્યાએ શિફ્ટ કરવામાં ન આવે.

દિલ્હીની ૧૩૫ વર્ષ જૂની સેન્ટ્રલ સેક્રેટેરિએટ લાયબ્રેરીને અન્ય જગ્યાએ શિફ્ટ કરવાનાં પ્રસ્તાવ પર સુપ્રીમ કોર્ટે ૪ ઓક્ટોબરે જાતે નોંધ લીધી હતી.

આ પગલું લાયબ્રેરીમાં રહેલા ૮.૫ લાખથી વધુ પુસ્તકોનાં ભવિષ્ય અંગે વ્યક્ત કરવામાં આવેલી ચિંતાઓ વચ્ચે લેવામાં આવ્યું છે.

આ લાયબ્રેરી હાલમાં શાસ્ત્રી ભવનમાં આવેલી છે. જો કે સેન્ટ્રલ વિસ્ટા પુનર્વિકાસ પરિયોજના હેઠળ આ બિલ્ડિંગને તોડી પાડવાની હોવાથી લાયબ્રેરીને અન્ય જગ્યાએ લઇ જવી પડશે. કોર્ટે આ બાબતમાં એ સમયે હસ્તક્ષેપ કર્યો જ્યારે એવા સમાચાર સાંભળવા મળ્યા કે નવી યોજનામાં લાયબ્રેરી માટે કોઇ યોગ્ય જગ્યા આપવામાં આવી નથી.

અમેરિકાથી પરત ફરેલા વકીલ ઠગોની જાળમાં ફસાયા

દિલ્હીમાં વૃદ્ધને ૧૫ દિવસ ડિજિટલ એરેસ્ટ કર્યા, રૂ. ૩.૮૦ કરોડ પડાવ્યા

નવી દિલ્હી, તા. ૧૬

અમેરિકામાં ૩૦ વર્ષ સુધી લેબર વકીલ તરીકે વકીલાત કર્યા પછી સેવાનિવૃત્ત થઇ ભારત પરત ફરેલા ૬૨ વર્ષીય અતુલ તલવારે સાયબર છેતરપિંડી કરનારાઓની જાળમાં ફસાઈ પોતાની સમગ્ર જીવનની જમા રકમ ગુમાવી દીધી છે.

સીબીઆઈ,એનએઆઈનાં અધિકારી બની ઠગોએ આતંકી હુમલા સાથે સંબધ હોવાનો ડર બતાવ્યો

પોતાને સીબીઆઇ અને એનએઆઇનાં અધિકારી બતાવનારા ઠગોએ તેમને ૧૫ દિવસ સુધી ડિજિટલ એરેસ્ટ રાખ્યા હતાં. પહલગામ આતંકી હુમલાથી સંબધ હોવાનો ડર બતાવીને તેમની પાસેથી ૩.૮૦ કરોડ આંચકી લીધા હતાં.

પીડિતે નોઇડા પોલીસ અને અમેરિકન તપાસ એજન્સી એફબીઆઇમાં પણ ફરિયાદ નોંધાવી છે. અતુલ તલવાર વર્ષ ૧૯૮૨માં માત્ર ૧૮ વર્ષની ઉંમરમાં દિલ્હીથી ન્યૂયોર્ક ગયા હતાં. તે ચાલુ વર્ષનાં સપ્ટેમ્બરમાં સેવાનિવૃત્ત થઇને ભારત પરત ફર્યા હતાં. તેમની યોજના જાન્યુઆરી સુધી નોઇડા સ્થિત પોતાની સ્વર્ગસ્થ માતાનાં ઘરનું નવીનિકરણ કરી ત્યાં જ રહેવાની હતી.

ઘટનાની શરૂઆત ૧૬ ઓક્ટોબરે થઇ જ્યારે તેમના પર એક ફોન આવ્યો હતો. ફોન કરનારે પોતાને મુંબઈનાં કોલાબા પોલીસ સ્ટેશનનાં પોલીસકર્મી બતાવી દાવો કર્યો હતો કે તેમનો આધારકાર્ડ પહલગામ આતંકી હુમલા સાથે સંકળાયેલો છે. પોલીસકર્મીએ જણાવ્યું હતું કે તેમના નામથી ખોલવામાં આવેલા કેનેરા બેંકનાં ખાતામાંથી આંતકીઓને ૫૩ કરોડ રૂપિયા મોકલવામાં આવ્યા છે અને તેના બદલામાં તેમને ૫ કરોડ રૂપિયા કમિશન મળ્યું છે. પોતાને નિર્દોષ સાબિત કરવાનાં નામે છેતરપિંડી આચરનારાઓએ અતુલ તલવારને તેમની ૯૮ ટકા સંપત્તિને આરબીઆઈથી વેરિફાય કરવાનું જણાવ્યું હતું.

સત્ય સામે લાવવા પુસ્તક લખ્યું : સોનિયા ગાંધી



સોનિયા ગાંધીનું પુસ્તક બેલોંગિંગ : અ જર્ની ઓફ લવ છેલ્લા ઘણા સમયથી ચર્ચામાં ચાલી રહ્યું છે. આ પુસ્તકનું સોમવારે વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોંગ્રેસ પાર્ટીના તમામ દિગ્ગજ નેતા હાજર રહ્યા હતા. પરંતુ, તેમાં એક નામ એવું કે, જે પહેલા કોંગ્રેસ પાર્ટીમાં હતા અને હાલ ભાજપમાં. પંજાબના પૂર્વ સીએમ કેપ્ટન અમરિંદર સિંહ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. તમિલનાડુના સીએમ વિજય જોસેફ, સમાજવાદી પાર્ટીના અખિલેશ યાદવ, ડિમ્પલ યાદવ સહિત વિપક્ષી પાર્ટીઓના અનેક નેતા આ કાર્યક્રમમાં સામેલ થયા હતા.

સીઈસી જ્ઞાનેશ કુમાર સામે સુપ્રીમમાં ઈન્ડિયા ગઠબંધનની અરજી

'સર'નો નિર્ણય કોનો, ફોર્મ-૬ કોણે બદલ્યું : સુપ્રીમમાં કોંગ્રેસના ૪૮ સવાલ

(પીટીઆઈ) નવી દિલ્હી, તા. ૧૬

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને ઈન્ડિયા ગઠબંધનની સંયુક્ત અરજીમાં સુપ્રીમ કોર્ટ સમક્ષ એવી રજૂઆત કરવામાં આવી છે કે મુખ્ય ચૂંટણી કમિશનર અને બંને ચૂંટણી કમિશનરોને કેટલાક સવાલો પૂછવા માંગે છે. તેની પરવાનગી આપવામાં આવે. અરજીમાં કુલ ૪૮ સવાલો પૂછવામાં આવ્યા છે. એસઆઈઆરનો નિર્ણય કેવી રીતે લેવાયો અને ફોર્મ-૬ કોણે બદલ્યું - એ સવાલો મુખ્ય છે. વિપક્ષોએ કહ્યું હતું કે તેનાથી વોટ ચોરીનો રસ્તો સાફ થઈ ગયો હતો અને લોકતંત્રની તંદુરસ્તી માટે મુખ્ય ચૂંટણી કમિશ્નર તેમ જ બંને ચૂંટણી કમિશ્નરોએ આ બાબત જાહેર કરવી અનિવાર્ય છે.

અમે જ્ઞાનેશ કુમારને સીધા સવાલો પૂછવા માંગીએ છીએ, બે ચૂંટણી કમિશનરો પણ અલગ અલગ સોગંદનામા રજૂ કરે : અરજીમાં રજૂઆત

ઈન્ડિયા ગઠબંધને સુપ્રીમ કોર્ટમાં મુખ્ય ચૂંટણી કમિશ્નરને સવાલો પૂછવા દેવાની અરજી કરી છે. ૪૮ સવાલો સુપ્રીમ કોર્ટમાં રજૂ કરાયા છે. એ સવાલોના જવાબો મુખ્ય ચૂંટણી કમિશ્નર સહિત બંને ચૂંટણી કમિશ્નરોએ આપવા જોઈએ એવી દલીલ કરવામાં આવી છે. મુખ્ય સવાલોમાં એક સવાલ એવો છે કે કેટલા નિર્ણયોમાં બંને ચૂંટણી કમિશ્નરોનો મત મુખ્ય ચૂંટણી કમિશ્નરથી જુદો હતો? આખા દેશમાં એસઆઈઆરનો નિર્ણય કોનો હતો? ફોર્મ-છને બદલવાનો નિર્ણય કોણે લીધો? ઈરોનેટ અને ઈસીનેટને સેન્ટ્રલાઈઝ કરવા તેમ જ વોટર લિસ્ટનું નિયંત્રણ કેન્દ્રીય બનાવવાનો નિર્ણય કોનો હતો? આવા ૪૮ સવાલો પૂછવાની પરવાનગી આપવા વિપક્ષે સુપ્રીમ કોર્ટમાં રજૂઆત કરી છે.

વિપક્ષે આરોપ લગાવ્યો કે વોટ ચોરીના મુદ્દે ચૂંટણી પંચે સુપ્રીમ કોર્ટમાં જે સોગંધનામું રજૂ કર્યું એમાં વોટ ચોરી અને મતદાનની પુનર્નિરીક્ષણને લગતી બાબતોનો કોઈ જવાબ મળ્યો નથી. ઈન્ડિયા ગઠબંધનની અરજીમાં એવું કહેવાયું હતું કે અત્યારે ચૂંટણી પંચ વતી ડેપ્યુટી કમિશ્નર જવાબો આપી રહ્યા છે. તેના બદલે મુખ્ય ચૂંટણી કમિશનર મહત્ત્વના ૪૮ સવાલોના જવાબો આપે. એટલું જ નહીં, બંને ચૂંટણી કમિશનરો આખાય મુદ્દે તેમનું સોગંધનામું રજૂ કરે એવી માંગણી પણ થઈ છે. કોંગ્રેસ સહિતના વિપક્ષોએ ૪૮ સવાલોની યાદી પણ જાહેર કરી હતી. અરજી બાદ પ્રેસ કોન્ફરન્સમાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે અમે સીધા જ જ્ઞાનેશ કુમારને સવાલો પૂછવા માંગીએ છીએ. લોકશાહીના સિદ્ધાંતોને નુકસાન થાય તે રીતે નિર્ણયો લેવાયા હોવાથી વિપક્ષોને અમુક બાબતો જાણવાનો લોકતાંત્રિક અધિકાર છે.

મુખ્ય ચૂંટણી કમિશ્નર જ્ઞાનેશ કુમાર ઉપરાંત બે ચૂંટણી કમિશનરો સુખબીર સિંહ સંધુ અને વિવેક જોશીના સંયુક્ત સોગંધનામામાં મુખ્ય ચૂંટણી કમિશનરે એક તરફી નિર્ણયો લીધા હોવાની વાતનો રદિયો આપવામાં આવ્યો હતો. ચૂંટણી પંચે કહ્યું હતું કે જૂન-૨૦૨૫, મે-૨૦૨૬માં એસઆઈઆરને લગતા નિર્ણયો સહમતીથી લેવાયા હતા.

૧૨ મહિનામાં તેજીની રકમ અડધી થઈ ગઈ

એઆઈ ડેટા સેન્ટર કંપનીઓના શેરમાં ૪.૨ ટ્રિલિયન ડોલરનું ધોવાણ

ન્યૂ યોર્ક, તા.૧૬

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ માટે દુનિયાભરમાં ડેટા સેન્ટર બનાવવાની સ્પર્ધા વચ્ચે શેરબજારમાં આવેલી તેજી હવે ધીમી પડી રહી છે. એઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ સાથે જોડાયેલી મેન્યુફેક્ચરિંગ, વીજળી અને માઈનિંગ ક્ષેત્રની કંપનીઓના શેરના કુલ બજારમૂલ્યમાં જૂનથી અત્યાર સુધીમાં ૪.૨ ટ્રિલિયન ડોલરનો ઘટાડો થયો છે. આ ઘટાડાથી અગાઉના ૧૨ મહિનામાં થયેલી ૯.૪ ટ્રિલિયન ડોલરની તેજીમાંથી લગભગ અડધી રકમ ધોવાઈ ગઈ છે.

કેટરપિલર કંપનીના શેર જૂનના રેકોર્ડ સ્તરથી ૪૪ ટકા, માર્કેટ વેલ્યુમાં ૨૧૪ અબજ ડોલરનો ઘટાડો

એઆઈ માટે વિશાળ ડેટા સેન્ટર બનાવવા જરૂરી મશીનરી, વીજળીના સાધનો, કૂલિંગ સિસ્ટમ અને ફાઈબર ઓપ્ટિક્સ બનાવતી કંપનીઓના શેરમાં સૌથી વધુ ઘટાડો જોવા મળ્યો છે. કેટરપિલરના શેર જૂનના રેકોર્ડ સ્તરથી ૪૪ ટકા તૂટ્યા છે. કંપનીના બજારમૂલ્યમાં ૨૧૪ અબજ ડોલરનો ઘટાડો થયો છે. ન્યુક્લિયર એનર્જી સેક્ટરની કંપની ઓક્લોના શેર ૪૯ ટકા ઘટ્યા છે. જ્યારે ડેટા સેન્ટરની કૂલિંગ સિસ્ટમ બનાવતી કમ્ફર્ટ સિસ્ટમ્સ અને ફાઈબર ઓપ્ટિક્સ બનાવતી કોર્નિંગના શેરના મૂલ્યમાં પણ લગભગ અડધો ઘટાડો થયો છે. આ ઘટાડા પાછળ અનેક કારણો જવાબદાર માનવામાં આવે છે. રોકાણકારોને હવે એઆઈ ક્ષેત્રની કંપનીઓ દ્વારા ડેટા સેન્ટર બનાવવા માટે કરવામાં આવતા ધરખમ ખર્ચ અને તેના માટે લેવાતા મોટા દેવા અંગે ચિંતા થવા લાગી છે. આ ઉપરાંત અમેરિકામાં ડેટા સેન્ટરના બાંધકામ સામે સ્થાનિક સ્તરે વિરોધ વધી રહ્યો છે. તાજેતરની અમેરિકી ચૂંટણીમાં પણ ડેટા સેન્ટર પર નિયંત્રણો મૂકવાની તરફેણમાં મતદારોનો ટેકો જોવા મળ્યો છે.

રશિયાએ એક રાતમાં યુક્રેનના ૧૩૦૦ ડ્રોન તોડી પાડ્યા

યુક્રેનના સૈનિકોનું લોકેશન જાણવા રશિયાએ કોએન સેટેલાઈટ લોન્ચ કર્યો

(પીટીઆઈ) મોસ્કો, તા. ૧૬

રશિયાના લશ્કરી અધિકારીઓએ દાવો કર્યો હતો કે જમીન તેમ જ દરિયાઈ માર્ગેથી યુક્રેને સેંકડો ડ્રોન હુમલા કર્યા હતા. એક જ રાતમાં રશિયન લશ્કરે ૧૩૦૦થી વધુ ડ્રોનને તોડી પાડ્યા હતા. જોકે, યુક્રેને ડ્રોન તોડી પાડવાના રશિયાના દાવા સામે કોઈ જવાબ આપ્યો ન હતો. રશિયાએ પણ વળતા હુમલા કર્યા હતા. યુક્રેનના અધિકારીઓના દાવા પ્રમાણે યુક્રેનના દક્ષિણ-પૂર્વના શહેર ઝાપોરેજિયામાં રાતભર રશિયાના હુમલા શરૂ રહ્યા હતા, જેમાં અનેક લોકોને ઈજા પહોંચી હતી.

યુક્રેનના છેલ્લાં મહિનાઓના આક્રમક હુમલાથી રશિયાની ઓઈલ રિફાઈનરીની ક્ષમતા ૫૫ ટકા ઘટી ગઈ : ઝેલેન્સ્કીનો દાવો

રશિયા-યુક્રેન વચ્ચે



અમદાવાદના કોટ વિસ્તારની પોળ, ખડકી, ગલી, ખાંચામાં એક સમયે ધબકતું જીવન એ પોળ સંસ્કૃતિનું કેન્દ્ર હતું આજે એ પોળોમાંથી રહેણાંક હટી જતાં રહેવાસીઓ ઘટ્યા છે અને વ્યાપારનું કેન્દ્ર બનતાં ઘર ગોડાઉનમાં ફેરવાયા છે. હેરિટેજ અમદાવાદના બિરુદને ભૂલાવી દે તેવી વ્યાપારી પ્રવૃત્તિ ધમધમતી થતાં શહેરની ધરોહર વિસરાઈ રહી છે. બાળકોના કિલકિલાટની જગ્યાએ લોડીંગ રીક્ષાઓની ઘરઘરાટીનો શોરબકોર વધ્યો છે. ક્ષણીક શાંતિને અનુભવી રહેલી વ્યકિતના મનમાં પણ મનોમંથન ચાલી રહ્યું હશે કે ક્યાં ગયું મારૂં એ શહેર..... (તસ્વીર : સુરેશ મિસ્ત્રી)

જળશક્તિ મંત્રાલયની બેઠકમાં ગુજરાતની કફોડી દશા થઈ

ગુજરાતે હવે મધ્યપ્રદેશ-મહારાષ્ટ્ર પાસેથી નર્મદાનું પાણી ખરીદવું પડશે

અમદાવાદ, સોમવાર

ગુજરાતમાં દુષ્કાળની સ્થિતિ કેટલી ગંભીર છે, તેનો ચિતાર આપતો એક નિર્ણય આજે લેવાયો છે. કેન્દ્રના જળશક્તિ મંત્રાલયની બેઠકમાં ગુજરાતે મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર પાસેથી નર્મદાનું પાણી ખરીદવાનું નક્કી કરાયું છે. વળી આ નિર્ણય ગુજરાતના જ સાંસદ અને કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલની અધ્યક્ષતામાં લેવામાં આવ્યો છે. જે સરદાર સરોવરના નામે ભરપૂર રાજકીય રોટલા શેકાઈ રહ્યા છે, તેનું પાણી જ આજે જરૂરિયાતના સમયે પણ ગુજરાતની જનતાએ વેચાતુ લેવાની ફરજ પડશે.

અવેજ રૂપે બજારમાંથી વીજળી ખરીદીને બંને રાજ્યોને આપવી પડશે અથવા તો એટલા પૈસા ચૂકવવા પડશે

એકતા નગરના સર્કિટ હાઉસ ખાતે આજે કેન્દ્રના જળશક્તિ મંત્રાલયની બેઠક યોજાઈ હતી. જેમાં ગુજરાતમાં પાણીની અછત ન સર્જાય તે માટે એક નિર્ણય કરવામાં આવ્યો હતો. સરદાર સરોવર ડેમ સાથે સંકળાયેલા ચારેય રાજ્યોના મુખ્યમંત્રીઓની હાજરીમાં એવું નક્કી કરાયું હતું કે, મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશ વીજળી ઉત્પન્ન કરશે નહીં, તે પાણી સીધુ ગુજરાતને આપી દેશે. તેના બદલામાં ગુજરાતે બંને રાજ્યોને મળવાપાત્ર વીજળી ખરીદીને આપવી પડશે અથવા તો પૈસા ચૂકવવા પડશે. ત્રણેય રાજ્યોના મુખ્ય સચિવો મળીને આગામી દિવસોમાં આ અંગેની ફોર્મ્યુલા તૈયાર કરશે. અવેજમાં વીજળી આપવી કે પૈસા તે અંગે નક્કી કરવામાં આવશે. આ નિર્ણયનો સીધો મતલબ એવો થાય છે કે, ગુજરાતે આગામી શિયાળા અને ઉનાળા માટે આ રાજ્યો પાસેથી વેચાતુ પાણી લેવાની ફરજ પડશે.

ગુજરાતને સમયસર મેઈન્ટેનન્સ મળશે, ખર્ચ પર ૬ ટકા વ્યાજ ગણી હિસાબ ક્લિયર

જળશક્તિ મંત્રાલયની આ બેઠકમાં ખાસ કરીને ખર્ચ અને લેણા અંગે ૩૦ વર્ષથી ચાલતા વિવાદ અંગે મહત્વનો નિર્ણય કરાયો હતો. ચારેય રાજ્યો ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાનના ખર્ચ પર ૬ ટકા વ્યાજ ગણી હિસાબ ક્લીયર કરાયો છે. તેમાં તમામ રાજ્યો સહમત થયા છે. આ ઉપરાંત મધ્યપ્રદેશે ૧૦ વર્ષથી મેન્ટેનન્સના પૈસા ગુજરાતને આપવાના બાકી હતા. જે ચૂકવી આપ્યા છે અને હવેથી સમયસર મેન્ટેનન્સ મળશે, તેવું પણ નક્કી કરાયું હતું.

વિરોધ બાદ નિર્ણય સ્થગિત કરવો પડ્યો

ડાકોર મંદિરમાં વીઆઈપી કલ્ચરનો ઉગ્ર વિરોધ, ટ્રસ્ટીનો ઘેરાવ કરાયો

અમદાવાદ, સોમવાર

યાત્રાધામ ડાકોરના પ્રખ્યાત રણછોડરાયજી મંદિરમાં વીઆઈપી બેઠક વ્યવસ્થા ઊભી કરવાના નિર્ણયને લઈને ભારે વિવાદ સર્જાયો હતો. આશરે રૂ. ૨૦ લાખના ખર્ચે શરૂ કરવામાં આવેલા આ કામ સામે મંદિરના સેવકો અને ભક્તોએ ઉગ્ર વિરોધ નોંધાવતા અંતે મંદિર ટ્રસ્ટે આ નિર્ણય હાલ પૂરતો સ્થગિત કરવો પડ્યો છે.

આ નિર્ણય ભવિષ્યમાં ફરીથી અમલમાં મૂકાશે તો વધુ ઉગ્ર આંદોલન કરવાની પણ ચિમકી અપાઈ

મંદિરના ટ્રસ્ટીઓ દ્વારા પરિસરમાં વિશિષ્ટ વીઆઈપી માટે અલગથી બેઠક વ્યવસ્થા ઊભી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો અને તે માટે અંદાજે રૂ. ૨૦ લાખના ખર્ચે કામગીરી પણ આરંભી દેવાઈ હતી. પરંતુ, આ નિર્ણય સામે મંદિરના સેવકો અને શ્રદ્ધાળુઓમાં ભારે નારાજગી ફેલાઈ હતી. આ વિવાદ વધુ ઉગ્ર બનવાનું મુખ્ય કારણ એ હતું કે, જે જગ્યાએ આ બેઠક વ્યવસ્થા તૈયાર કરવામાં આવી રહી હતી, તેની બરાબર પાછળ જ શૌચાલય બનાવવામાં આવ્યું હતું. મંદિર જેવા અત્યંત પવિત્ર અને આસ્થાના કેન્દ્ર સમાન સ્થળે આ પ્રકારે શૌચાલયની નજીક વીઆઈપી બેઠક વ્યવસ્થા ગોઠવવાના નિર્ણયને સેવક આગેવાનોએ ભક્તોની ધાર્મિક લાગણી દુભાવનારો ગણાવીને ઉગ્ર વિરોધ પ્રગટ કર્યો હતો.

સેવકો અને ભક્તોનો વિરોધ જોતાં મામલો ગરમાતા આખરે મંદિરના ટ્રસ્ટી ગીરીશ દાણીએ ચેરમેન પરિન્દુ ભગત સાથે ચર્ચા કરીને વીઆઈપી બેઠક વ્યવસ્થાનો આ નિર્ણય હાલ પૂરતો સ્થગિત કરી દેવામાં આવ્યો છે. સેવક આગેવાનોએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, ભગવાનના દરબારમાં તમામ ભક્તો સમાન હોય છે, ત્યાં સામાન્ય અને વીઆઈપી જેવો ભેદભાવ હોવો જોઈએ નહીં. સાથે જ જો ટ્રસ્ટ દ્વારા ભવિષ્યમાં ફરીથી આ નિર્ણય અમલમાં મૂકવામાં આવશે તો વધુ ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

અમદાવાદમાં ૨૧.૨ ડિગ્રી લઘુત્તમ તાપમાન

અમદાવાદ, સોમવાર

અમદાવાદમાં ગત રાત્રિના ૨૧.૨ ડિગ્રી સાથે સરેરાશ લઘુતમ તાપમાનમાં સામાન્ય કરતાં ૩.૫ ડિગ્રીનો વધારો નોંધાયો હતો. ૧૯ નવેમ્બર બાદ તાપમાન ઘટીને ૧૮ ડિગ્રી થતાં ઠંડીના પ્રમાણમાં વધારો થઇ શકે છે. રાજ્યમાંથી અન્યત્ર નલિયા-અમરેલીમાં ૧૮.૬, વડોદરામાં ૧૯.૪, સુરતમાં ૨૦, ગાંધીનગરમાં ૨૦.૫, ભાવનગરમાં ૨૧.૬, રાજકોટમાં ૨૧.૭, ડીસામાં ૨૧.૮, ભુજમાં ૨૨.૨ ડિગ્રી સરેરાશ લઘુતમ તાપમાન નોંધાયું હતું.



નશા નાબૂદીની વાતો વચ્ચે ગુજરાત જાણે 'મિની-પંજાબ'

હોસ્ટેલમાં રહેતી ૯માંથી ૬ યુવતી ડ્રગ્સના રવાડે ચડી ગઈ

અમદાવાદ, સોમવાર

અમદાવાદમાં અભ્યાસ માટે આવી એક હોસ્ટેલમાં રહેતી ૯ યુવતીઓ સખીઓ બની પણ સમય જતાં છ યુવતીઓનું ગઠબંધન ગાઢ બન્યું. કમનસીબી હતી કે, ડ્રગ્સના નશાના રવાડે ચડી હોવાથી છ યુવતી મિત્રતા જાણે આજીવન અને અતૂટ હોવાનો અહેસાસ કરવા લાગી હતી. વેકેશનમાં વતનમાં ઘરે ગઈ ત્યારે એક યુવતીના વર્તનથી પિતાને શંકા ગઈ અને તપાસ કરતાં યુવતીઓના આખા ગ્રુપમાં વ્યાપી ચૂકેલા ડ્રગ્સની ફૂટેવનો પર્દાફાશ થયો. અન્ય યુવતીઓના પરિવારજનોને પણ વાત કરવામાં આવતાં બે યુવતીઓને સારવાર માટે ડી-એડિક્શન સેન્ટરમાં ખસેડવી પડી. બન્નેને સારવાર આપી રજા આપી દેવાઈ તેના થોડા દિવસ પછી એક યુવતી રિ-એડિક્ટ બની. મતલબ, ડ્રગ્સની લતમાંથી છૂટકારો મેળવ્યો અને ફરી એ જ નશાની ચૂંગાલમાં યુવતી ફરી ફસાઈ ગઈ. ડી-એડિક્શન સેન્ટર્સમાં દર્દીઓની પૂછપરછમાં એમ.ડી. કે ગાંજાનો નશો ફેલાવવાના આયોજનબધ્ધ રેકેટનો પર્દાફાશ થયો હતો. એક યુવક કે યુવતીને નશાની લત લાગે પછી આખા ગ્રુપને નશાના રવાડે ચડાવવાનું કારસ્તાન ગુજરાતમાં ચાલે છે. અમદાવાદમાં ડ્રગ્સ બનાવતી ફેક્ટરી પકડાઈ અને રાજ્યમાં ગુજરાતમાં ૧૮થી ૩૫ વર્ષની વય જૂથના યુવકો-યુવતીઓમાં સ્મોકિંગનું પ્રમાણ વિશેષ છે. સ્મોકિંગની લતમાંથી ડ્રગ્સ કે ગાંજાના નશાના રવાડે ચડવામાં ૯૦ ટકા બોયઝ અને ૧૦ ટકા ગર્લ્સ છે. ગુજરાતમાં ઈન્જેક્શનથી ડ્રગ્સ લેવા કરતાં ડ્રગ્સ સ્મોકિંગનું પ્રમાણ વધુ છે. પાર્ટી ડ્રગ્સનું ચલણ વધવા સાથે ડ્રગ્સ નાબૂદીની વાતો થઈ રહી છે ત્યારે ડ્રગ્સ ડી-એડિક્શનના અનેક તથ્યો ચોંકાવે તેવા છે.

જાણકારો કહે છે, અમદાવાદ સહિત ગુજરાતમાં પંજાબ જેવું ડ્રગ્સ કલ્ચર વિકસી રહ્યું છે તે ચિંતાજનક છે. ગુજરાતમાં ખાનગી અને સરકારી મળી ૫૦થી વધુ ડી- એડિક્શન સેન્ટર્સ કાર્યરત છે અને તેમાં સારવાર લેનારાંની સંખ્યા સતત વધી રહી છે. આવા કેન્દ્રોમાં તાજેતરમાં લગ્નની બેચલર પાર્ટીમાં ડ્રગ્સ લેવાયાના કિસ્સા પણ ખુલતાં સ્વજનો આઘાતમાં સરી પડ્યા હતા. અમુક કિસ્સામાં તો સંતાનને નશાની લત છોડાવવા પરિવારે શહેર કે રાજ્ય બદલ્યા હોવાના કિસ્સા પણ છે.

ગુજરાતમાં નશીલા પદાર્થો અને દારૂના વ્યસનમાંથી મુક્તિ મેળવવા માટે વર્ષે લગભગ સવા લાખ લોકો સારવાર લે છે. છેલ્લા છ વર્ષમાં ગુજરાતમાં વ્યસન મુક્તિ માટે સારવાર લેનારાઓના કિસ્સાઓમાં ૯૫%નો વધારો થયો છે. અમદાવાદમાં ૨૦૨૦થી વ્યસન મુક્તિ ક્લિનિક્સમાં આવતા દર્દીઓની સંખ્યા ૨૫ થી ૪૦ ટકા સુધી વધી છે. રાજ્યસભામાં રજૂ કરાયેલા આંકડા મુજબ, ગુજરાતમાં અંદાજે ૭.૯ લાખ લોકો અફીણયુક્ત પદાર્થોનો ઉપયોગ કરે

(અનુસંધાન ૪થે પાને)

નશાની લત છોડાવવા માટે ત્રણ મહિનાની સારવાર: પરિવારની સતર્કતા જરૂરી

નશાની લત છોડાવવા માટે અમદાવાદ અને ગુજરાતમાં બે ડઝન જેટલા ખાનગી ઉપરાંત વ્યસનીઓની સારવાર માટે ૩૪ સરકારી જિલ્લા હોસ્પિટલોમાં ૫૧૦ બેડ સરકારે ફાળવ્યા છે. નશાની લત છોડાવવા માટે ૧૫ દિવસથી ત્રણ મહિનાની મનોવૈજ્ઞાનિક સારવાર આપવામાં આવે છે. આમ છતાં, પરિવાર સતર્કતા દાખવે તો જ સંપૂર્ણ નશામુક્તિ શક્ય છે.

સંતાનોને નશાની લત છોડાવવા પરિવારોએ શહેર-રાજ્ય બદલ્યાં!

પાનના ગલ્લા નશાખોરીનો ફેલાવો વધારવા ગાઈડની ભૂમિકા ભજવે છે?

અમદાવાદ સહિત ગુજરાતના શહેરી વિસ્તારોમાં સિગારેટ વેચાતી હોય છે તેવા અનેક ગલ્લાને શંકાના પરિઘમાં લઈ તપાસ થવી જોઈએ. યંગસ્ટર્સ સિગારેટની એક જ જગ્યાએથી ખરીદી દરમિયાન અમુક ગલ્લાવાળા ડ્રગ્સની નશાખોરીનો ફેલાવો વધારવા ગાઈડ બનતાં હોવાનો ઘટસ્ફોટ ડ્રગ્સ-એડિક્ટની સારવાર સાથે જોડાયેલાં સૂત્રો કહે છે.

એમ.ડી. કે ગાંજાનો નશો ફેલાવવાના આયોજનબધ્ધ રેકેટનો ડી-એડિક્શન સેન્ટરમાં સારવાર દરમિયાન ઘટસ્ફોટ થયો

દિવાળી પર્વમાં ૧.૨૬ લાખ વાહનોનું રજિસ્ટ્રેશન

ગુજરાતમાં ૪,૯૭૮ EV સામે લોકોએ ૬૫,૪૭૭ E-20 વાહનો ખરીદ્યાં

રાજકોટ,સોમવાર

નબળા ચોમાસા, મોંઘવારી અને મંદીના માહોલ વચ્ચે દિવાળીના તહેવારોમાં વાહનબજારમાં ખરીદીની રોનક જોવા મળી છે. ચાલુ નવેમ્બર મહિનાના પ્રથમ પખવાડિયાના વાહન રજિસ્ટ્રેશનના આંકડામાં એક રસપ્રદ ટ્રેન્ડ સામે આવ્યો છે.

૧૫ દિવસમાં ૧ લાખ ટુ-વ્હીલરની ખરીદી સાથે રજિસ્ટ્રેશનઃ મોટરકારની ૧૩,૭૩૫ ડિમાન્ડ રહી

પેટ્રોલમાં ૨૦ટકા ઈથેનોલનું મિશ્રણ ધરાવતા ઈ-૨૦ ઈંધણ માટેની વાહન કેટેગરીનો દબદબો જોવા મળ્યો છે. ગુજરાતમાં આ સમયગાળા દરમિયાન ૬૫,૪૭૭ ઈ-૨૦ વાહનોનું રજિસ્ટ્રેશન નોંધાયું છે, જ્યારે પ્યોર ઇલેક્ટ્રિક વાહનોની સંખ્યા માત્ર ૪,૯૭૮ રહી છે. આમ, ઈ-૨૦ કેટેગરીનું રજિસ્ટ્રેશન પ્યોર ઇલેક્ટ્રિક વાહનો કરતાં આશરે ૧૩.૨ ગણું રહ્યું છે. નવેમ્બર-૨૦૨૬ના પ્રથમ ૧૫ દિવસના ઉપલબ્ધ આંકડા પ્રમાણે રાજ્યમાં કુલ ૧,૨૬,૩૩૬ વાહનોનું રજિસ્ટ્રેશન નોંધાયું છે. સૌથી વધુ નોન-ટ્રાન્સપોર્ટ ટુ-વ્હીલર કેટેગરીમાં ૧,૦૨,૩૪૩ વાહનો નોંધાયાં છે, એટલે કે તેનો ૮૧ ટકા હિસ્સો છે. જ્યારે ૧૩,૭૩૫ મોટરકાર ખરીદીને રજિસ્ટ્રેશન કરાવવામાં આવ્યું છે. બીજી તરફ માલવાહક વાહનોની ત્રણ મુખ્ય કેટેગરીમાં કુલ ૩,૪૧૮ રજિસ્ટ્રેશન થયાં છે. જ્યારે હેવી, લાઇટ અને મીડિયમ પેસેન્જર કેટેગરીમાં કુલ ૮૬૫ વાહનો નોંધાયાં છે.

કયા ઈંધણનાં કેટલાં વાહનો

ઈંધણનો પ્રકાર	વાહનો
ઈ-૨૦-પેટ્રોલ	૬૫,૪૭૭
પેટ્રોલ	૩૭,૧૫૪
પ્યોર ઇલેક્ટ્રિક	૪,૯૭૮
ડીઝલ	૮,૪૬૫
સીએનજી	૪,૩૨૪
પેટ્રોલ-સીએનજી	૭૪૨
ઈ-૨૦-સીએનજી	૩,૯૪૬
સ્ટ્રોંગ હાઇબ્રિડ	૨૭૫
અન્ય ઈંધણ કેટેગરી	૯૭૫

ઇલેક્ટ્રિક વાહનોની ધૂમ ચર્ચા વચ્ચે સરકારનું નીતિગત પ્રોત્સાહન હોવા છતાં ગુજરાતના વાહનબજારમાં ઈ-૨૦ ઈંધણને અનુરૂપ વાહનોનું રજિસ્ટ્રેશન અકબંધ રહ્યું છે. વળી, પેટ્રોલ ઈ-૨૦ વાહનોની સંખ્યા સામાન્ય પેટ્રોલ, ડીઝલ, સીએનજી અને અન્ય ઈંધણની કેટેગરી કરતાં પણ નોંધપાત્ર વધારે છે. તહેવારની ખરીદીમાં ઈ-૨૦ કેટેગરીનું પ્રભુત્વ સ્પષ્ટ દેખાય છે.

વિધાનસભાની ચૂંટણી પહેલાં ગુજરાતમાં જાતિવાદે ફેણ માંડી

'CM કોળી સમાજના હોવા જોઈએ' પબુભા માણેકે ભાજપની ચિંતા વધારી

અમદાવાદ,સોમવાર

ગુજરાતના રાજકારણમાં ફરી એકવાર જ્ઞાતિગત સમીકરણો અને સત્તાની ભાગીદારીનો મુદ્દો કેન્દ્રસ્થાને આવ્યો છે. દ્વારકાના ભાજપના ધારાસભ્ય પબુભા માણેકે એક કાર્યક્રમમાં રાજ્યના મુખ્યમંત્રી પણ કોળી સમાજના જ હોવા જોઈએ. તેનું કારણ એ છે કે, ગુજરાતમાં વસ્તીની દૃષ્ટિએ કોળી સમાજ બીજા નંબરનો સૌથી મોટો સમાજ છે. આ નિવેદન આપી ભાજપના ધારાસભ્યએ ભાજપની ચિંતા વધારી છે. મુખ્યમંત્રીપદની માંગને જોતાં વિધાનસભાની ચૂંટણી પહેલાં ફરી એકવાર ગુજરાતમાં જાતિવાદે ફેણ માંડી છે.

ભાજપના ધારાસભ્યએ રાજ્યમાં વસ્તીની દૃષ્ટિએ કોળી સમાજ બીજા ક્રમે હોવાનો દાવો કરી મુખ્યમંત્રીપદ માગ્યું

અમરેલીમાં કોળી સમાજના એક સામાજિક અને ધાર્મિક કાર્યક્રમમાં મંચ પરથી 'કોળી મુખ્યમંત્રી'ની વાત છેડતાં ભાજપમાં આંતરિક ગણગણાટ શરૂ થયો છે.આ નિવેદન નિવેદન માત્ર સમાજને ખુશ કરવા માટે આપવામાં આવ્યું હતું કે પછી આગામી

સત્તા- પૈસાના જોરે આવી બધી વાતો કરો છો, એકલા હાથે ચૂંટણી લડી બતાવો : પાટીદાર નેતાઓ લાલઘૂમ

દ્વારકાના ભાજપના ધારાસભ્ય પબુભા માણેકે કોળી સમાજના મુખ્યમંત્રી હોવા જોઈએ તેવી રાજકીય ટિપ્પણી કરતાં ગુજરાતનું રાજકારણ ગરમાયુ છે. એટલું જ નહીં, પાટીદાર નેતાઓ ભડક્યા છે. પાટીદાર યુવા નેતા વરુણ પટેલે પબુભા માણેકને સીધો પડકાર ફેંક્યોકે, તમે સત્તા અને પૈસાના જોરે આવી બધી વાતો કરો છો. તમારી પાછળ ભારતીય જનતા પાર્ટીનું બળ છે એટલે તમે ચૂંટણી જીતો છો.તમારામાં તાકાત હોય તો પાટીથી અલગ રહીને એકલા હાથે ચૂંટણી લડી બતાવો, તમારો પાવર ઉતરી જશે. આ ઉપરાંત પાટીદાર આગેવાન દિનેશ બાંભણિયાએ જણાવ્યું હતું કે, રાજ્યમાં કોઈ સમાજ આધારિત મુખ્યમંત્રી ન હોવા જોઈએ. તેમણે ભૂતકાળના દાખલા આપતા કહ્યું કે રાજ્યમાં નાના સમાજના આગેવાનો પણ મુખ્યમંત્રી રહી ચૂક્યા છે. બાંભણિયાએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી હતી કે મુખ્યમંત્રી એ સમગ્ર ગુજરાતના હોય છે, કોઈ એક સમાજના નહીં, અને આવા નિવેદનોથી સમાજમાં વિભાજન થાય છે.

ચૂંટણી અગાઉ 'ભેંસ ભાગોળે,છાસ છાગોળે,ઘરમાં ધમાધમ' ટિકિટ માટે કોળી નેતાઓનું લોબિંગ કે પછી પ્રેશર ટેકનિક

સંબોધન કરતી વખતે પબુભા માણેકે સમાજની એકતા અને રાજકીય તાકાત પર ભાર મૂક્તાં જણાવ્યું હતું કે, કોળી સમાજ રાજ્યના વિકાસમાં અને ચૂંટણીઓમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. આ જોતાં સત્તાના સર્વોચ્ચ સ્થાને કોળી સમાજને યોગ્ય પ્રતિનિધિત્વ મળવું જોઈએ. પબુભા માણેકે પોતાના વક્તવ્યમાં સમાજના યુવાનોને શિક્ષણ ક્ષેત્રે આગળ વધવા અને વ્યસનમુક્ત બનવા પણ અપીલ કરી હતી.

તેમણે કહ્યું હતું કે, જો સમાજ શિક્ષિત અને સંગઠિત હશે તો જ રાજકીય રીતે વધુ મજબૂત બની શકશે અને પોતાના હક મેળવી શકશે. તેમણે એવો પણ ઉલ્લેખ કર્યોકે, વડીલોએ જે કર્યું તે પણ હવે યુવાઓએ જાગૃત થવાની જરૂર છે. ભાજપના ધારાસભ્યની મુખ્યમંત્રીપદને લઈને કરાયેલી ટિપ્પણીને રાજકીય વિશ્લેષકો સૂચક માની રહ્યા છે.ગુજરાતની રાજનીતિમાં પાટીદાર સમાજ બાદ કોળી સમાજ સૌથી મોટી વોટબેંક ગણાય છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતની અંદાજે ૪૫થી વધુ વિધાનસભા બેઠકો પર કોળી સમાજના મતદારો હાર-જીતનો ફેંસલો કરે છે. આવા સમયે સત્તાધારી પક્ષના જ ધારાસભ્યએ જાહેર મંચ પરથી બાદ ગાંધીનગરથી લઈને સૌરાષ્ટ્ર સુધીના રાજકારણમાં તર્ક-વિતર્ક શરૂ થયા છે. એક તરફ એવી ચર્ચા ચાલી રહી છે કે શું આ સમયમાં કોળી સમાજના નેતાઓ દ્વારા વિધાનસભાની ચૂંટણીની ટિકીટ માટે લોબિંગ શરૂ કરવાની આ પૂર્વભૂમિકા છે.



તહેવારોમા એરપોર્ટથી ૪ લાખથી વધુ મુસાફરોએ અવર જવર કરી

અમદાવાદ,સોમવાર

દિવાળીના તહેવારો દરમ્યાન અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર મુસાફરોના ટ્રાફિકમાં અભૂતપૂર્વ વધારો જોવા મળ્યો હતો. તેમાં પણ રવિવારે ૪૩ હજાર કરતાં વધારે મુસાફરોની અવર જવર નોંધાઈ હતી.

દિવાળીના દિવસે એરપોર્ટ પર ૪૩ હજારથી વધુ મુસાફરોની આવન જાવન રહી

સામાન્ય દિવસોમાં દરરોજ સરેરાશ ૨૮થી ૩૦ હજાર જેટલા મુસાફરોની અવર જવરથી ધમધમતા એરપોર્ટ પર દિવાળીના દિવસોમાં એટલે કે પથી ૧૫ નવેમ્બર સુધીમાં આ અસર જોવા મળી હતી. તહેવારોમાં એટલે કે પથી ૧૫ નવેમ્બર સુધીમાં ૧૯૦૦ ફ્લાઈટમાં પેસેન્જરની કુલ અવર જવરની વાત કરીએ તો આ આંકડો ૪ લાખ બે હજાર જેટલો થવા જાય છે. ખાસ કરીને દિલ્હી, મુંબઈ, ગોવા, જયપુર સહિત સ્થાનિક પ્રવાસન સ્થળો ઉપરાંત આંતરરાષ્ટ્રીય રુટ પર મુસાફરોનો ધસારો રહ્યો હતો.

નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં અમદાવાદ એરપોર્ટ પરથી ૧.૩૮ કરોડથી વધુ મુસાફરોએ અવર જવર કરી હતી. જેમાં ૧.૧૪ કરોડ સ્થાનિક અને ૨૪ લાખ જેટલા આંતરરાષ્ટ્રીય મુસાફરો હતા.

એરપોર્ટ પર દરરોજ ૨૫૦થી વધુ ફ્લાઈટ મૂવમેન્ટ નોંધાઈ હતી.

૧૫ નવેમ્બર ૨૦૨૬ના રોજ ૪૩ હજારથી વધુ મુસાફરોએ જ્યારે ૭ નવેમ્બર ૨૦૨૪ના રોજ ૪૧,૭૦૦ મુસાફરો નોંધાયા હતાં.







